




પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH








FRIDAY, 28 JUNE, 2024 Vol. 22, No. 25 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


T20 World Cup 2024

# ઈંગ્લેન્ડ સામે જીત સાથે ભારત ફાઈનલમાં

## ભારત આપેલા 171 રનના લક્ષ્યાંક સામે ઈંગ્લેન્ડ 103 રનમાં ઓલઆઉટ, શનિવારે ભારત-સાઉથ આફ્રિકા વચ્ચે ફાઈનલ

**ગુયાના**

ટી20 વર્લ્ડકપની બીજી સેમિફાઈનલમાં ગુરુવારે ભારતે ઈંગ્લેન્ડને જીતવા માટે 172 રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતે નિર્ધારીત 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 171 રન બનાવ્યાં હતાં. જેમાં ઈંગ્લેન્ડની ટીમની ખરાબ શરૂઆત થઈ હતી અને ભારતીય બોલરોએ દમદાર બોલિંગ કરીને હરીફ ટીમને સારી શરૂઆત કરવા દીધી ન હતી. ભારતની શાનદાર બોલિંગ સામે ઈંગ્લેન્ડની ટીમ 103 રન પર ઓલઆઉટ થતા ટીમ ઈન્ડિયાની 68 રને જીતીને સેમીફાઈનલ પોતાના નામે કરી હતી. ભારતની જીતની સાથે ફાઈનલમાં પહોંચી ગઈ છે અને હવે શનિવારે 29 જૂને બાર્બાડોસમાં દ.આફ્રિકા સામે ટકરાશે.

ટીમ ઈન્ડિયાની પ્રથમ ઈનિંગમાં રોહિત-સૂર્યાએ દમદાર બેટિંગનું પ્રદર્શન દર્શાવ્યુ હતું ત્યારે બોલિંગ ડિપાર્ટમેન્ટમાં પણ અક્ષર અને



કુલદીપે રીતસર ઈંગ્લેન્ડના બેટરોને ઘૂંટણિયે પાડી દીધા હતા. ભારત તરફથી કુલદીપ-અક્ષરે 3-3 વિકેટ લીધી હતી અને બુમરાહે 2 વિકેટ લીધી હતી.

ભારત તરફથી અક્ષર પટેલે શાનદાર પ્રદર્શન કરતા પહેલા બેટિંગમાં પણ જ્યારે જરૂર હતી ત્યારે મહત્વના 10 રન જોડ્યા હતા. જ્યારે બોલિંગમાં પણ બટલર, મોઈન અલી અને બેયરસ્ટોની મહત્વની 3 વિકેટો ઝડપી હતી. જેના પરિણામે અક્ષરને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આજની મેચમાં રોહિત શર્મા (57) અને સૂર્યકુમાર યાદવ(47)ની દમદાર બેટિંગ જોવા મળી હતી. જો કે વિરાટ કોહલી (9), ઋષભ પંત (4) અને શિવમ દુબે (0) સસ્તામાં આઉટ થયા હતા. પરંતુ મિડલ ઓર્ડરમાં આવેલા હાર્દિક પંડ્યાએ તાબડતોબ 13 બોલમાં 23 રન, રવિન્દ્ર જાડેજાએ 9 બોલમાં અણનમ 17 રન અને અક્ષર પટેલે 6 બોલમાં 10 રન નોંધાવ્યા હતા. આ પહેલા ઈંગ્લેન્ડના સુકાની જોશ બટલરે ટોસ જીત્યો છે અને તેણે ભારતના સુકાની રોહિત શર્માને બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું.






# દુનિયામાં 180 કરોડ યુવાનોને ગંભીર બીમારીનું જોખમ : WHO

**જીનિવા**

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન એટલેWHO એ યુવાનોની જીવનશૈલીને લઈને એક નિવેદન આપ્યું છે. જેમાં વિશ્વભરમાં ૧૮ વર્ષથી મોટી ઉંમરના ૧.૮ અબજ લોકો નિષ્ક્રિય જીવનશૈલીને કારણે ગંભીર બીમારીઓના જોખમમાં છે. પુખ્ત વયના દર ત્રણમાંથી એક વ્યક્તિ (૩૧%) પૂરતી શારીરિક પ્રવૃત્તિ કરતા નથી. છેલ્લા એક દાયકામાં આવા લોકોની સંખ્યામાં ૫%નો વધારો નોંધાયો છે.

ડબ્લ્યુએચઓએ સ્ત્રી પુરુષ બંનેને સલાહ આપી છે કે દરેક પુખ્ત વ્યક્તિએ દૈનિક ૧૫૦ મિનિટ મધ્યમ તીવ્રતાની કસરત અથવા ૭૫ મિનિટ તીવ્ર શારીરિક પ્રવૃત્તિ કરવી જોઈએ. જો કોઈ વ્યક્તિ આટલી શારીરિક પ્રવૃત્તિ નથી કરતી, તો તેમને હૃદયરોગ, મગજનો લકવો, ટાઈપ ૨ મધુમેહ, સ્મૃતિભ્રંશ અને વિશેષ કરીને સ્તન અને આંતરડાના




કેન્સરનું જોખમ નોંધપાત્ર રીતે વધી જાય છે. શારીરિક પ્રવૃત્તિની ઉણપ સમૃદ્ધ દેશોમાં વધુ પ્રચલિત છે. સાથે જ, પુરુષોમાં ૨૯% અને મહિલાઓમાં ૩૪% અપૂરતી કસરત કરે છે. વૃદ્ધોમાં પણ, ખાસ કરીને ૬૦ વર્ષથી ઉપરના લોકોમાં, આવશ્યક શારીરિક ગતિવિધિનો અભાવ જોવા મળે છે. આજે વિશ્વ આરોગ્ય સંસ્થાએ લેટેસ્ટ અભ્યાસના આધારે જણાવ્યું કે અપર્યાપ્ત શારીરિક પ્રવૃત્તિ દ્વારા લોકો કેન્સર અને હૃદયરોગના જોખમને ઘટાડવાની તેમજ માનસિક સ્વાસ્થ્યમાં સુધારો કરવાની તક ચૂકી જાય છે.












# ટ્રુડોને જોરદાર ઝટકો, ટોરેન્ટોમાં વિશેષ ચૂંટણીમાં લિબરલ ઉમેદવારને પછડાટ

## સેન્ટ પોલ ડિસ્ટ્રિક્ટની બેઠક ઉપર 3 દાયકાથી લિબરલે સતત વિજય મેળવ્યો હતો

**ટોરોન્ટો**

સેન્ટ પોલ ડિસ્ટ્રિક્ટ માટે યોજાયેલી વિશેષ ચૂંટણીમાં કેનેડાના સત્તાધારી લિબરલ પક્ષને જોરદાર ફટકો પડ્યો છે. છેલ્લા ત્રણ દાયકાથી જાળવી રાખેલી બેઠક આ ચૂંટણીમાં તેમણે ગુમાવી દીધી છે. આ અણધાર્યા પરાજયથી ટ્રુડોની નેતાગીરી સામે સવાલ ઊભા થયા છે અને આગામી વર્ષે યોજાનારી સામાન્ય ચૂંટણીમાં તેની વિપરીત અસર પડશે એવું માનવામાં આવી રહ્યું છે. ટોરોન્ટો-સેંટ પોલમાં વિપક્ષ કન્ઝર્વેટીવ ઉમેદવારે લગભગ છસો મતથી વિજય મેળવ્યો હતો.

તેણે 42.1 ટકા મત મેળવ્યા હતા. જ્યારે લિબરલ ઉમેદવારે 40.5 ટકા મત મેળવ્યા હતા. ટોરોન્ટો-સેંટ પોલની બેઠક છેક 1993થી સત્તાધારી લિબરલ પક્ષના કબજામાં હતી. લિબરલ પક્ષના ગઢ ગણાતા કેનેડાના સૌથી મોટા શહેરમાં પરાજય મળતા ટ્રુડો માટે 2025ની ચૂંટણીમાં સમસ્યા ઊભી થાય તેવા એંધાણ વ્યક્ત થઈ રહ્યા છે.

કેનેડીયન ઈતિહાસકાર રોબર્ટ બોથવેલના મતે આ પરાજયથી પક્ષમાં જસ્ટિનની સ્થિતિ ચોક્કસ નબળી પડશે. અત્યાર સુધી લિબરલ પક્ષના કેટલાક નેતાઓ ચૂપચાપ પક્ષ છોડીને ગયા હતા. પણ હવે તેઓ વિરોધ કરવાનું પસંદ કરશે.

# ડાઉનટાઉન ટોરોન્ટોમાં ગ્રાહકને બેહોશ કર્યા પછી જાતીય હુમલો

**ટોરોન્ટો**

વોટરલૂના એક પુરૂષ બારટેન્ડર કે જેના પર આ મહિનાની શરૂઆતમાં ડાઉનટાઉન ટોરોન્ટોના એક બારમાં મહિલા ગ્રાહકના પીણાને કથિત રૂપે ભેળસેળ કર્યા પછી અને તેમની સાથે જાતીય હુમલો કર્યા પછી આરોપ મૂકવામાં આવ્યો હતો.

ટોરોન્ટો પોલીસને જાણ કરવામાં આવેલી પ્રથમ ઘટના 14 ઓક્ટોબર, 2023ના રોજ બની હતી. જે બાદ પોલીસે જણાવ્યું હતું કે, તે દિવસે એક વ્યક્તિ ડાઉનટાઉન ટોરોન્ટોમાં એક હોટલ બારમાં ગયો હતો અને તેને એક બારટેન્ડર દ્વારા પીણું પીરસવામાં આવ્યું હતું જેણે તેમને "ખાસ પીણું" ઓફર કરવાનો દાવો કર્યો હતો.

તેઓએ કહ્યું હતુ કે, પીડિતા પીધા પછી બેહોશ થઈ ગઈ હતી અને બારટેન્ડર દ્વારા તેનાં પર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો. 12 જૂને વોટરલૂના 35 વર્ષીય મનીષ પાટીલની ધરપકડ કરવામાં આવી હતી. આઠ દિવસ પછી 20 જૂનના રોજ પોલીસે તે જ પુરુષને સંડોવતા બીજા કથિત જાતીય હુમલાની તપાસ કરી હતી. તેઓએ જણાવ્યું કે આ ઘટના 13 મેના રોજ બની હતી.

# કેનેડામાં વિદેશીઓને PGWP માટે અરજી કરવા ઉપર પ્રતિબંધ મુકાયો

**ઓન્ટેરિયો**

કેનેડાએ વિદેશી નાગરિકોને સરહદ ઉપર પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) માટે અરજી કરવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે, જે તુરંત જ લાગૂ થશે. જેથી કેનેડામાં ટેમ્પરરી વિઝા પર રહેતાં તેમજ વર્ક વિઝા પૂર્ણ થઈ ગયેલા વિદેશી નાગરિકો બોર્ડર ક્રોસ દેશોમાંથી વર્ક વિઝા (PGWP)ની અરજી કરી શકાશે નહીં. વધુમાં IRCCએ દેશમાંથી જ અરજી કરી પારદર્શિતા અને અસરકારક પ્રક્રિયા વધારવા પ્રોત્સાહન આપ્યું છે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટિઝનશિપ મંત્રી માર્ક મિલરે જણાવ્યું હતું કે, વિદેશી નાગરિકો હવે સરહદ પરથી પોસ્ટ ગ્રેજ્યુએશન વર્ક પરમિટ (PGWP) માટે અરજી કરી શકશે નહીં. આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગૂ થતાં "ફ્લેગપોલિંગ" તરીકે ઓળખાતી પ્રથા અંકુશમાં આવશે તેવી આશા છે. કેનેડામાં વસતા વિદેશી નાગરિકો પોતાના વિઝાની વેલિડિટી પૂર્ણ થવાની હોવાથી કેનેડાની આસપાસ ફ્લેગપોલ અર્થાત સરહદી વિસ્તારોમાં જઈ વસે છે. અને ત્યાંથી PGWP માટે અરજી કરી અમેરિકાની બોર્ડર ક્રોસ કર્યા વિના ફરી કેનેડામાં ટેમ્પરરી રેસિડન્સ તરીકેનું સ્ટેટસ મેળવે છે. જેને ફ્લેગપોલિંગના નામે ઓળખાય છે. આ વિઝા હેઠળ તેઓ ફરી કેનેડામાં રહી પોતાનો સ્ટુડન્ટ વિઝા, વર્ક વિઝા કે PR પ્રક્રિયા પૂર્ણ કરતાં હોય છે.













યોગના ફાયદાઓની સમજ આપી સભ્યો પાસે આસોનો કરાવાયા

# પ્રજ્ઞેશ પટેલ અને NYGC ગ્રુપ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી



## નોર્થ યોર્કમાં ગ્રુપ દ્વારા ચાલતી શિબિરમાં જોડાવવા સભ્યોને અનુરોધ

**ટોરોન્ટો**

પ્રજ્ઞેશ પટેલ અને NYGC ગ્રુપ દ્વારા HUMBER RIVER - BLACK CREEKમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઈ હતી.

**Yoga for Self and Society**ની થીમ સાથે શુક્રવારે નોર્થ યોર્ક ગુજરાતી કૉમ્યૂનિટી ગ્રૂપે પ્રમુખ અને ફાઉન્ડર પ્રજ્ઞેશ પટેલ તેમજ ઉપપ્રમુખ અને કો-ફાઉન્ડર ચેતન અમીનની આગેવાની હેઠળ હમ્બર રિવર - બ્લેક ક્રીક, ટોરોન્ટોમાં યોજેલા આ કાર્યક્રમમાં કૉમ્યૂનિટીના અંદાજે ૧૫૦થી વધારે ભાઈઓ, બહેનો અને વડીલોએ ભાગ લીધો હતો. શરૂઆતમાં પ્રજ્ઞેશભાઈ અને NYGC Groupના કાર્યકરોએ સૌને આવકાર્યા હતા.

ત્યારબાદ પ્રજ્ઞેશ ભાઈએ સૌને યોગનું મહત્વ અને તેના ફાયદાઓની સમજ આપી હતી. સાથે જ નિયમિત યોગાભ્યાસ તણાવના સ્તરો અને શરીરની નબળાઈઓને દૂર કરે તેમ કહ્યું હતુ.

તેમણે કહ્યું હતું કે 'યોગ' શબ્દ સંસ્કૃતમાંથી આવ્યો છે. તેનો અર્થ છે જોડાવવું અથવા એક થવું તેવો થાય છે.

ત્યાર બાદ આ મહત્વપૂર્ણ દિવસે, બધાએ શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં યોગા કર્યા હતા. અંતે પ્રજ્ઞેશ ભાઈ તેમજ ચેતનભાઈએ મહેમાનો તેમજ ઉપસ્થિત નાના મોટા સર્વેનો ખુબ ખુબ આભાર માન્યો હતો. અંતે સૌને નોર્થ યોર્કમાં ગ્રુપ દ્વારા ચાલતી નિઃશુલ્ક યોગ શિબિરમાં નિયમિત રીતે જોડાવવા અનુરોધ કરાયો હતો.









તંત્રી સ્થાનેથી

# મક્કામાં હજયાત્રીના મોત : હીટવેવ અને અપુરતી વ્યવસ્થા જવાબદાર



તંત્રી - સ્વદેશ

સાઉદી અરેબિયામાં આ વખતે હજયાત્રા દરમિયાન સેંકડો લોકો મોતને ભેટ્યા. મોતને ભેટનારા લોકોમાં ઈજિપ્તના 658, ઈન્ડોનેશિયાના 200 તથા ભારતના 98 નાગરિકો હતા. આ સિવાય પાકિસ્તાન, મલેશિયા, જોર્ડન, ઈરાન, સેનેગલ, ટ્યુનિશિયા, સુદાન અને ઈરાકના સ્વાયત્ત કુદીસ્તાને પણ તેમના નાગરિકોનાં મૃત્યુની પુષ્ટિ કરી છે. મોટાભાગનાં લોકોનાં મૃત્યુનું કારણ ભારે ગરમી મનાય છે. કારણ કે, લોકોને ૫૧ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાનનો સામનો કરવો પડ્યો હતો. જો કે, એક કારણ યાત્રામાં ગેરકાયદે જોડાયેલા લોકો અને હીટવેવને પણ માનવામાં આવે છે. હજ એ મુસ્લિમોનો સૌથી મોટો ધાર્મિક પ્રસંગ છે. જે ઈસ્લામના પાંચ મૂળભૂત પાયામાંથી એક છે અને ફરજ છે. દરેક શારીરિક અને આર્થિક રીતે સક્ષમ મુસ્લિમ માટે તે જરૂરી ગણાય છે. આ જ કારણ છે કે, દર વર્ષે એક નિશ્ચિત સમયે વિશ્વભરમાંથી લાખો સ્ત્રી-પુરુષ હજ કરવા માટે સાઉદી અરેબિયાના મક્કા શહેરમાં ભેગા થાય છે. સાઉદી અરેબિયાના અહેવાલો પ્રમાણે 2024માં લગભગ ૧૮ લાખ લોકોએ હજ કરી છે. પરંતુ યાત્રા દરમિયાન મૃત્યુ પામેલાં લોકોમાંથી અડધાથી વધુ લોકોએ યાત્રીઓ તરીકે નોંધણી કરાવી ન હતી. જેના કારણે તેઓને વાતાનુકુલિત ટેંક અને બસ જેવી સુવિધા મળી શકી ન હતી. આખરે 2000 જેટલા પ્રવાસીઓને ગરમીની અસર થઈ હતી. હાલ તેઓની સારવાર કરવામાં આવી રહી છે. સાઉદીના સ્વાસ્થ્ય મંત્રીએ દાવો કર્યો છે કે, હજયાત્રીઓ માટે સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે, આ વ્યવસ્થાનો લાભ નોંધાયેલા હજયાત્રીને જ મળે છે. એક સરકારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, હજયાત્રીઓ માટે ૧૮૯ હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો અને મોબાઈલ ક્લિનિક્સ બનાવવામાં આવ્યા છે, જેમાં કુલ ૬,૫૦૦ બેડ છે. આ સિવાય ૪૦ હજારથી વધુ મેડિકલ ટેકનિકલ, વહીવટી કર્મચારીઓ અને સ્વયંસેવકો હજયાત્રીઓ માટે કામ કરી રહ્યા છે.

બીજી તરફ હજયાત્રીઓના કહેવા પ્રમાણે હીટવેવની સામે પ્રવાસીઓના રક્ષણ માટેના આયોજનો પુરતાં નથી. હજયાત્રાના રસ્તા ઉપર ઠેરઠેર બેરિકેડ હોવાને કારણે હાજીઓએ 8-8 કલાક ચાલવું પડે છે. ગાઈડ બિનઅનુભવી હોવાથી તેમનો પુરતો સહકાર મળતો નથી. રસ્તે ચાલતા હાજીઓને થાક લાગે તો બેસવાની કોઈ જ વ્યવસ્થા નથી. રસ્તા પર પીવાના પાણી માટેની વ્યવસ્થાનો અભાવ છે. જે હજયાત્રીઓ પૈસાદાર છે તે પોતાના માટે વ્યવસ્થાઓ કરી લે છે. પરંતુ જે સામાન્ય વ્યક્તિ છે તેને માટે સરકારી વ્યવસ્થાઓનો અભાવ છે.

ખરેખર સાઉદી અરેબિયાની સરકારે હજયાત્રીઓ માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવી જ જોઈએ. કારણ કે, હજયાત્રીઓની સંખ્યા દર વર્ષે વધવાની જ છે. સાઉદી અરેબિયામાં હજ વખતે હીટવેવની સ્થિતિ ગયા વર્ષે પણ સર્જાઈ હતી. જેમાં 240 જેટલા પ્રવાસીઓના મોત થયા હતા. જેમાં મોટાભાગના નાગરિકો ઈન્ડોનેશિયાના હતા. સાઉદી અરેબિયાએ તાજેતરનાં વર્ષોમાં હજ માટેની સુવિધાઓ વધારી છે, પરંતુ તે હજી પણ પૂરતી નથી, જેના કારણે તેની ટીકા થઈ રહી છે. ખાસ કરીને નોંધણી કરાવ્યા વગર જ હજ માટે પહોંચેલા યાત્રીની હાલત વધુ કફોડી બની છે. સાઉદી અરેબિયામાં આ વર્ષે ખૂબ જ ગરમી છે. ત્યાં ચાલી રહેલી હીટવેવને કારણે આટલી મોટી સંખ્યામાં હજયાત્રીઓનાં મોત થયા બાદ સાઉદી અરેબિયાના આરોગ્ય મંત્રાલયે ગરમીથી બચવા પાણી પીવાનું ચાલુ રાખવાની અપીલ કરી હતી, તેમ છતાં ઘણાં હજયાત્રીઓ હીટ સ્ટ્રોકનો શિકાર બન્યા હતાં. કેટલાક અહેવાલો પ્રમાણે સ્થાનિક તંત્રના ગેરવહીવટથી સ્થિતિ વધુ ખરાબ થઈ છે.

પરિસ્થિતિ એવી છે કે, યાત્રાળુઓ માટે અગાઉથી નક્કી કરાયેલાં સ્થળોએ પણ યાત્રિકોને મુશ્કેલીનો સામનો કરવી પડે છે. રહેવાની વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવી ન હતી. જરૂરિયાત કરતાં વધુ લોકોને ટેન્ટમાં રાખવામાં આવ્યાં હતાં, જ્યાં તેમને ગરમીથી બચાવવા માટે યોગ્ય વ્યવસ્થા ન હતી. આ ઉપરાંત લોકોને સ્વચ્છતા બાબતે પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

મીડિયાના અહેવાલ મુજબ ઉનાળામાં સામાન્ય હજયાત્રીએ દિવસમાં લગભગ ૧૫ કિલોમીટર ચાલવું પડે છે. જેના કારણે તેમને હીટ સ્ટ્રોક, થાક અને ડીહાઈડ્રેશન જેવી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કેટલાક યાત્રીઓના મતે સાઉદી લોકો સુવિધાઓ પૂરી પાડતુ નથી કે, ઝાઝી મદદ પણ કરતુ નથી. તેને કારણે યાત્રીઓની મુશ્કેલી વધી રહી છે. અગાઉ યુ-ટર્ન ટેન્ટ સુધી પહોંચવા માટેના માર્ગો ખુલ્લા હતા, પરંતુ હવે તે તમામ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે. પરિણામે એક સામાન્ય હજયાત્રી, જે કદાચ 'એ' શ્રેણીના તંબુમાં રહેતો હોય, તેણે ઉનાળામાં તેના તંબુ સુધી પહોંચવા માટે ઓછામાં ઓછુ અઢી કિલોમીટર ચાલવું પડે છે. જો રસ્તામાં કોઈ ઈમરજન્સી હોય તો ૩૦ મિનિટ સુધી કોઈ મદદ પહોંચી શકતી નથી. આ ઉપરાંત જીવ બચાવવાની કોઈ વ્યવસ્થા નથી કે રસ્તાઓ પર પાણીની કોઈ વ્યવસ્થા નથી. હજ માટે વ્યક્તિએ ખાસ વિઝા માટે અરજી કરવી પડે છે. સાઉદી અધિકારીઓની કડકાઈ છતાં કેટલાંક લોકો માન્ય દસ્તાવેજો વિના હજયાત્રા પર જવાનો પ્રયાસ કરે છે. જેને કારણે પણ સ્થિતિ બગડી રહી છે. નોંધણી વિના પહોંચેલા કેટલાક હજયાત્રીઓ સાઉદી જઈને કોઈ મુસીબતમાં મુકાય તો તેઓ મદદ માટે પૂછવાને બદલે સાઉદીના અધિકારીઓનો સંપર્ક કરવાનુ પણ ટાળે છે.

આ વર્ષની ઘટના બાદ સરકારી અધિકારીઓએ તંબુઓમાં ભીડ અને વધુ મૃત્યુ માટે નોંધણી વિના હજ કરનારાઓને જવાબદાર ઠેરવ્યા છે. અલબત, દર વર્ષે હજ દરમિયાન થતાં મૃત્યુનું એક કારણ એ છે કે, ઘણાં હજયાત્રીઓ મોટી ઉંમરે હજ ઉપર જાય છે. ઘણાં મુસ્લિમો પણ એવી આશા સાથે મક્કા જાય છે કે, જો તેઓ મૃત્યુ પામે તો તે હજ દરમિયાન મૃત્યુ પામશે. પવિત્ર મક્કા શહેરમાં મૃત્યુ પામવું અને ત્યાં દફનાવવું એ આશીર્વાદથી ઓછું માનવામાં આવતું નથી. સાઉદી અરેબિયામાં દર વર્ષે હજયાત્રીઓ ભારે ગરમી, ભીડ દ્વારા કચડી નાખવા, બીમાર પડવા અથવા માર્ગ અકસ્માત સહિતનાં વિવિધ કારણોસર પોતાનો જીવ ગુમાવે છે. આવી સ્થિતિમાં સાઉદી અરેબિયાની સરકાર મૃત્યુ પામેલાં લોકોની ઓળખ અને તેમની દફનવિધિ જેવી અન્ય બાબતોની જવાબદારી લે છે. સાઉદી અરેબિયાના હજ કાયદામાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, જો કોઈ વ્યક્તિ હજ કરતી વખતે પોતાનો જીવ ગુમાવે તો તેના મૃતદેહને તેના દેશમાં મોકલવામાં આવશે નહીં. પરંતુ સાઉદી અરેબિયામાં જ દફનાવવામાં આવશે. દરેક હજયાત્રી તેની અરજીમાં પણ આ બાબતે સમંતિ આપે જ છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL
MAJOR INSURANCE COMPANIES OF CANADA

SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance

VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)


MADHUSUDAN LAMA
647-833-4477


HETAL SHAH
416 -522-1676


ANIRUDH LAMA
416-822-2570

DESIGNED BY GUJARAT NEWSLINE

EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



# અમેરિકામાં તકરાર બાદ મૂળ નવસારીના મોટલ માલિકની હત્યા : આરોપી ઝડપાયો

**નવસારી**

મૂળ નવસારીના બિલીમોરાના હેમંત મિસ્ત્રીની હત્યા કરાઈ છે. કચરો ઉઠાવવા જેવી નજીબી બાબતમાં હેમંત મિસ્ત્રીને માથાકૂટ થઈ હતી. જેમાં વિદેશી વ્યક્તિએ હેમંત મિસ્ત્રીને મારતા તેઓ નીચે પટકાયા હતા. નીચે પડતાની સાથે બેભાન થયા બાદ મૃત્યુ નિપજ્યું હુતં. પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી છે. મૂળ બીલીમોરના હેમંત મિસ્ત્રી અમેરિકાનાં ઓકલાહોમા શહેરમાં રહેતા હતા. તેઓ આ શહેરમાં પોતાની મોટલ ધરાવે છે.



કચરો ઉઠાવવાની નજીવી બાબતે રિચર્ડ લેવિસ નામના વ્યક્તિએ મોટલ માલિક હેમંત મિસ્ત્રીને જોરદાર પંચ માર્યો હતો. રિચર્ડના પંચથી મોટેલ માલિક હેમંત જમીન પર પટકાતા બેભાન થયા હતા. તાત્કાલિક તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા, પણ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. સ્થાનિક પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી રિચર્ડ લેવિસની ધરપકડ કરી છે. તો બીજી તરફ, બીલીમોરામાં હેમંત મિસ્ત્રીના પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી છે. વિદેશની ધરતી ગુજરાતીઓ માટે સલામત રહી નથી. છતાં ગુજરાતીઓનો વિદેશ જવાનો મોહ ઘટતો નથી. વિદેશમાં વધુ એક ગુજરાતીને નિર્દતાથી મોતને ઘાટ ઉતાર્યાની ઘટના બની છે. તેમાં પણ અમેરિકાની ધરતી તો પહેલાથી જ ગુજરાતીઓ માટે અસલામત રહી છે.

# જમીનનું વળતર ચૂકવ્યા બાદ રિકવરી કાઢતાં તંત્રને ગુજ. હાઈકોર્ટની લપડાક

**વલસાડ**

વલસાડમાં એક્સપ્રેસ વે માટેના જમીન સંપાદનથી અસરગ્રસ્ત 1300 ખેડૂતોમાંથી 820 ખેડૂતોએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. ખેડૂતોના વકીલ આનંદ યાજ્ઞિકે એવી રજુઆત કરી હતી કે સરકારના જમીન સંપાદન અધિકારીએ 2021માં જમીન સંપાદનનું વળતર ચુકવ્યુ હતું પરતું વૃક્ષોના સંપાદન માટેના નાણા ચૂકવવામાં આવ્યા નહોતા. એટલું જ નહીં જમીન સંપાદન માટેનું વળતર ચૂકવ્યાના બે વર્ષ બાદ અચાનક જમીન સંપાદન અધિકારીએ વૃક્ષોનાં સંપાદનના નાણા ચુકવવાને બદલે અડધા પંચનામા પ્રમાણે વળતરની રીકવરી કાઢી હતી. આ અંગે ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલની ખંડપીઠે એવો ચુકાદો જાહેર કર્યો હતો કે રાજ્યભરમાં જમીન સંપાદનની પ્રક્રિયામાં વળતર અપાયા બાદ જમીન સંપાદન અધિકારી રીકવરી કાઢી શકશે નહી. એટલું જ નહી સંપાદન માટે જે પંચનામાં થયા હોય તે મુજબ વૃક્ષોનું અલગથી ગણતરી કરીને વળતર ચુકવવું પડશે. યાજ્ઞિકે એવી રજુઆત કરી હતી કે, ડેપ્યુટી કલેકટર અને જમીન સંપાદન અધિકારીઓએ વન વિભાગના વેલ્યુએશનના રિપોર્ટના આધારે બે પંચનામા તૈયાર કર્યા હતા. તેમા વૃક્ષોની સંખ્યા અને ઉમંરના આધારે વળતર ચુકવવાનું હોય છે.

# વીજધાંધિયાથી પરેશાન લોકો ગાદલાં લઈ ઉઘવા માટે વીજ કચેરીમાં પહોંચ્યા

**સુરત**

સ્માર્ટ સિટી સુરત શહેરમાં કેટલાંક વિસ્તારો એવા છે. જયાં હજુ સુધી નિયમિત વીજ પુરવઠો મળતો નથી. વારંવારના પાવર કટથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યાં છે. ત્યારે સોમવારે રાત્રે યોગીચોકની એક સોસાયટીના રહિશોએ વીજ કંપનીની કચેરીમાં જ ધામા નાંખતા હોબાળો મચી ગયો હતો. યોગીચોક વિસ્તારમાં આવેલી સમ્રાટ સોસાયટીના રહિશો મોડી રાત્રે ગાદલાં અને ઓશિકાં લઈ મોટી સંખ્યામાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીની પેટા વિભાગીય કચેરીમાં પહોંચ્યા હતા. આ લોકો વીજ કંપનીની કચેરીમાં જ ઉઘવા માંગતા હતા. મોટી સંખ્યામાં લોકો કચેરી પર ધસી જતાં વીજ કંપનીના અધિકારીઓ દોડતાં થયા હતા. લોકોએ આક્ષેપ કર્યો હતો કે વીજળીની સમસ્યા અંગે કંપની કોઈ ઉકેલ લાવતી નથી.

# ભટારમાં દહેજ અને પતિના ત્રાસથી પરિણીતાએ છઠ્ઠા માળેથી ઝંપલાવ્યું

**સુરત**

ભટાર એલ્બી ટોકીઝ નજીક આકાશ દર્શન એપાર્ટમેન્ટમાં રહેણાંક છઠ્ઠા માળેથી સોફ્ટવેર ઈજનેર પરિણીતા મધુલિકા વિકાસ પેરીવાલ (ઉ.વ. 29) એ ગત 21 જુનના સાંજના સમયે પડતું મુકી આપઘાત કર્યો હતો. જે તે વખતે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી હાથ ધરેલી તપાસમાં મધુલિકાના પિતાએ જણાવ્યું હતું કે 30 જુન 2020ના રોજ સોફ્ટવેર ઈજનેર વિકાસ પેરીવાલ સાથે લગ્ન થયા હતા અને લગ્ન વખતે 40 તોલા સોનું-ચાંદી અને રોકડા રૂ. 1 લાખ આપ્યા હતા. પરંતુ લગ્નના આઠ મહિના બાદ વિકાસે એક લાકમાં માત્ર બાથરૂમ જ બની શકે એમ કહી શારિરીક-માનસિક ત્રાસ ગુજારવાનું શરૂ કર્યુ હતું. વરાછાની નોવેટર ટેક્નોલોજીમાં માસિક રૂ. 80 હજારના પગારથી નોકરી કરતી મધુલિકાનો પગાર પણ પણ વિકાસ લઈ લેતો હતો અને અંગત ખર્ચ માટે પણ પૈસા આપતો ન હતો. પગાર કપાઈ જશે એમ કહી નોકરી ઉપર રજા મુકવા દેતો ન હતો અને મધુલિકા ઉપર શંકા રાખી વારંવાર તેનો મોબાઈલ ચેક કરી કોલ રેકોર્ડીંગ સાંભળવી ત્રાસ ગુજારતો હતો. મધુલિકાએ એવું કહ્યું હતું કે વિકાસ રાતે પુણેથી આવે છે પરંતુ તે કેમ આવે છે એમ કહી રડવા લાગી હતી અને બીજા દિવસે મોતની છલાંગ લગાવી હોવાનું જણાવ્યું હતું.

# વાપીમાં ટ્રેનને ઉથલાવી દેવાનો પ્રયાસ, સમયસૂચકતાને લીધે મોટી દુર્ઘટનાળી ટળી

**વાપી**

વલસાડ જિલ્લાના વાપીમાં ગત રાત્રીએ એક મોટી રેલ દુર્ઘટના સર્જાતાં ટળી હતી. કોઈ ટીખળખોરે રેલવે પાટા પર સિમેન્ટ પોલ મૂકીને રેલવેને ઉથલાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે આ અંગે સમયસર રેલવે વિભાગને જાણ થઈ જતાં અધિકારીઓ સમયસર ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આથી કોઈ ટ્રેન પસાર થાય તે પહેલા જ સિમેન્ટના પોલને પાટા પરથી દૂર કરી દેવામાં આવ્યો હતો. તંત્રની સમયસૂચકતાએ એક મોટી દુર્ઘટનાને ટાળી દીધી હતી. તાત્કાલિક આ પોલને હટાવવામાં આવ્યો હતો અને આ મામલે ખૂબ જ ઊંડાણથી તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટના બાદ મુંબઈથી ડિવિજનલ રેલવે મેનેજર નીરજ વર્મા પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હવે આ બાબતની તપાસમાં સ્થાનક પોલીસનો પણ સહકાર લેવામાં આવશે.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :- રાજસ્થાની થાળી દાલબાટી-ચુરમો
-: શનિવાર :- સુરતી જમણ ઉંધિયું, રબડી-બાસુંદી
-: રવિવાર :- કાઠિયાવાડી ભોજન બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઑન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# સિદ્ધપુરમાં ભુવાની કાળી કરતૂતનો પર્દાફાશ યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા ચકચાર

## તંત્ર-મંત્ર અને ધાગાને સહારે તાંત્રિકે યુવતીને વાતોમાં ફસાવી હતી

**પાટણ**

સિદ્ધપુરના એક ગામમાં રહેતી યુવતીએ તાંત્રિક ઉપર આક્ષેપ લગાવ્યા છે કે તેના પરિવારની સ્થિતિ નબળી હોવાથી તાંત્રિક સાથે સંપર્કમાં આવ્યા બાદ તાંત્રિકે મંત્ર ધાગાના બહાને યુવતીના ઘરે તેમજ વિરમગામ અને થરા ખાતે લઈ જઈને અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. કાકોશી પોલીસે યુવતીની ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી ઈનાયતખાન હુસનખાન સિપાઈ (પઠાણ)ની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સિદ્ધપુર તાલુકામાં રહેતી એક યુવતી અને તેના પરિવારની પરિસ્થિતિ નબળી હોવાથી વાધણા ગામના રહેવાસી ઈનાયતખાન હુસનખાન સિપાઈ (પઠાણ) સાથે સંપર્કમાં આવ્યા હતા. તાંત્રિક અવારનવાર યુવતીના ઘરે આવતો જ હતો અને તંત્ર ધાગાના બહાને યુવતીને ભોળવીને તેની સાથે શારીરિક સંબંધ બાંધવાના શરૂ કર્યું. થોડા દિવસ અગાઉ તાંત્રિક યુવતીની માતાને બહાનું બતાવીને યુવતીને પોતાની સાથે મહેસાણા અને ત્યારબાદ વિરમગામ ખાતે લઈ ગયો તો જ્યાં પણ તાંત્રિકે યુવતી સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. તેના બાદ યુવતીને થરા મુકામે લઈ જઈ ત્યાં પણ તેની સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. જોકે આખરી યુવતી બચીને પોતાના પરિવારજનો પાસે આવી પહોંચીને પોતાની આપવીતી જણાવતા આખરે આ મામલે કાકોશી પોલીસ મથકમાં તાંત્રિક ઈનાયત ખાન હુસૈન ખાન પઠાણ વાળા વિરુદ્ધ દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોત્રીમાં વિઝાના નામે રૂપિયા પડાવી પિતા-પુત્રએ ઓફિસને તાળા માર્યા

**વડોદરા**

કરજણની ભક્તિનગર સોસાયટીમાં રહેતા જય દર્શકભાઇ પટેલે પોલીસને કહ્યું હતું કે,મારે યુકે જવું હોવાથી ફેબુરઆરી-૨૦૨૨માં ગોત્રીના ઈન્સાઈન કોમ્પ્લેક્સ ખાતે ટ્રાઈડેન્ટ ઓવરસીઝ એન્ડ એકેડેમી નામની ઓફિસના સંચાલક કરજણ મનોજભાઇ પંડયા અને તેના પિતા મનોજ વાસુદેવ પંડયા(બંને રહે. ધનલક્ષ્મી ટાવર,ભવરરોડ,આણંદ) નો સંપર્ક કર્યો હતો.

યુકે જવા માટે મેં તેમને રોકડા અને ચેકથી રૂ.૧૪.૬૫ લાખ ચૂકવ્યા હતા. પરંતુ મને સ્ટુડન્ટ વિઝા મળ્યા નહતા. જેથી મેં વર્ક પરમિટ માટે મેં સંમતિ આપી હતી.પિતા-પુત્રએ ઈન્ટર્વ્યૂ માટે મને તૈયારી કરાવી હતી અને હું પાસ પણ થઈ ગયો હતો.ત્યારબાદ સ્પોન્સર લેટર, મેડિકલ ટેસ્ટ જેવી પ્રક્રિયા પણ કરાવી હતી. યુવકે કહ્યું છે કે,આમ છતાં મને વિઝા નહિં મળતાં પિતા-પુત્રની ઓફિસે વારંવાર ધક્કા ખાધા હતા.બંનેએ મને ડિસેમ્બર-૨૦૨૩માં રૂપિયા પરત આપવાની ખાતરી આપી હતી.પરંતુ ત્યારબાદ તેમણે ઓફિસ બંધ કરી દીધી હતી.મારી જેમ વાઘોડિયા રોડના પ્રવિણભાઈ તેમજ બીજા પણ લોકો આવી રીતે ભોગ બન્યા હોવાનું જાણવા મળ્યું છે.જેથી ગોત્રી પોલીસે બંને પિતા-પુત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સગીર વયની દીકરી માતાના મંગળસૂત્ર દાગીના, રૂપિયા લઈ પ્રેમી સાથે ફરાર

**વડોદરા**

મૂળ રાજસ્થાનના રહેવાસી અને હાલ આજવા રોડ ખાતે રહેતા દરબાર પરિવારની 17 વર્ષીય દીકરીને પ્રેમી લગ્નની લાલચે ભગાડી ગયો હોવાની ફરિયાદ મહિલાએ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, મારે સંતાનમાં બે દીકરીઓ છે. જે પૈકીની 17 વર્ષની દીકરી પાયલ (નામ બદલેલ છે) ખાનગી શાળામાં ધોરણ 10 માં અભ્યાસ કરે છે. બંને બહેનો ઘરે વારંવાર ઝઘડતી હોય મોટી દીકરીને 16 જૂનના રોજ હીરાબાનગર સોનપુર વુડાના મકાન ખાતે માસીના ઘરે મૂકી હતી. બીજા દિવસે દીકરી પાંચ વર્ષના બાળકને ગલ્લે પડીકું અપાવવા લઈ ગયા બાદ અજાણ્યા બાઈક સવાર શખ્સ સાથે નાસી છૂટી હોવાની જાણ થઈ હતી. મારી દીકરીને ત્રણ મહિના અગાઉ કિશનવાડી આમ્રપાલી નગર સોસાયટીમાં રહેતા પારસ તડવી સાથે મિત્રતા હોવાથી સમજાવી હતી. જેથી શંકાના આધારે તપાસ કરતાં પારસ તડવી પણ ઘરે મળી આવ્યો ન હતો. અને પારસના પિતા નિલેશભાઈએ જણાવ્યું હતું કે, તમારી દીકરી મારા દીકરાને ભગાડી ગઈ છે. દીકરી માતાનું મંગળસૂત્ર, બુટ્ટી, બે વીંટી તથા રોકડા રૂપિયા 5 હજાર પણ સાથે લઈ ગઈ છે.

# કુવૈત અગ્નિકાંડ બાદ સાબરકાંઠાના 10 ઈસમોની અટકાયત, પરિજનો ચિંતામાં

**સાબરકાંઠા**

કુવૈતની એક ઈમારતમા 12મી જુનના રોજ આગ લાગતા 50 લોકોનાં મોત નિપજ્યા હતા. જેમાં 45 ભારતીય શ્રમિકો એક જ ઈમારતમાં રહેતા હતા. આ આગકાંડ બાદ કુવૈત પોલીસે તપાસ શરૂ કરી હતી જેમાં આ ઈમારતમાં અનેક લોકો ગેરકાયદેસર રીતે રહેતા હતા. જેમાં કેટલાક ગુજરાતીઓ પણ ગેરકાયદે રહેતા હોવાનું બહાર આવ્યુ છે. ત્યારે આવા ગેરકાયદે રહેતા 10 ગુજરાતીની કુવૈત પોલીસે ધરપકડ કરી છે.

કુવૈતની ઈમારતના આગકાંડ બાદ કુવૈત પોલીસે ગેરકાયદેસર રહેતા લોકોને પકડવાનું શરૂ કર્યું છે. જેના કારણે કુવૈતમાં જૂની ઈમારતોને ખાલી કરાવવામાં આવી રહી છે. જેમાં 10 ગુજરાતીઓની અટકાયત કરવામાં આવી છે. આ તમામ સાબરકાંઠાના વિજયનગરના રહેવાસી હોવાનું જાણવા મળ્યુ છે. ગુજરાતીઓની અટકાયતથી સાબરકાંઠામાં રહેતો તેમના પરિવારો ચિંતાતુર બન્યો છે. પરિવારે પોતાના લોકોને છોડાવવા માટે સરકાર પાસે મદદની આશા રાખી છે. આ અંગે રમણભાઈ કુરજીભાઈ મોઢ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વિદેશ પ્રધાન અને સાબરકાંઠાના સાંસદ શોભના બારૈયા અને રાજ્યસભાના સાંસદ રમીલા બારાને પત્ર લખીને આ લોકોને મુક્ત કરવા માંગ કરી છે. બીજી તરફ, અટકાયત કરાયેલા ગુજરાતી યુવકોને છોડવવા માટે ઈન્ડિયન એમ્બેસી પ્રયાસ કરી રહી છે. પરંતુ હાલ વતનમાં રહેતો તેમનો પરિવાર ચિંતાતુર બન્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કુવૈતની મંગફ બિલ્ડિંગમાં આગ લાગવાની ઘટનામાં 50 લોકોના મોત બાદ ત્યાંની સરકાર એક્શન મોડમાં આવી ગઈ છે. કુવૈતના મંત્રીએ બિલ્ડિંગના માલિકને પકડવાના આદેશ આપી દીધા છે.

# નીટે પેપરકાંડ: સૂત્રધાર પરશુરામ રોય, તુષાર ભટ્ટની ઓફિસ અને નિવાસસ્થાને CBIના દરોડા

## પેપરલીક કૌભાંડના તાર ગુજરાતના વડોદરા સુધી ફેલાયા હોવાનો ખુલાસો

**વડોદરા**

નીટની પરીક્ષાના પેપરો ફૂટ્યા તેમજ પરીક્ષામાં પાસ કરાવી દેવાનું કૌભાંડ કરનારાએ ગુજરાતના વિવિધ શહેરોમાં ઓફિસો ખોલી ધંધો શરૂ કર્યો હતો. જે અંગેનું કનેક્શન વડોદરા ખાતે પણ હોવાનું બહાર આવતા સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન બ્યુરોની ટીમે આજે બપોર બાદ વડોદરા ખાતે છાણી ટીપી-13 માં આવેલા આરોપીના નિવાસ્થાન અને ત્યારબાદ સારાભાઈ કમ્પાઉન્ડમાં આવેલી ઓફિસ ખાતે દરોડા પાડ્યા હોવાનું બહાર આવ્યું છે.

નીટની પરીક્ષામાં પાસ કરાવી દેવાનું અને પેપરો લીક કરી વિદ્યાર્થીઓને પહોંચાડી દેવાના ચાલતા કૌભાંડનો થોડા સમય પહેલા પર્દાફાશ થયો હતો. ગોધરા ખાતે થોડા સમય પહેલા CBI ની ટીમે દરોડા પાડ્યા હતા અને જવાબદારો સામે કાર્યવાહી હાથ ધરી હતી. નીટ પરીક્ષામાં પાસ કરવાનું અને પેપર લીક કરવાના કૌભાંડમાં વડોદરાનું પણ કનેક્શન બહાર આવ્યું હતું. મુખ્ય આરોપી પરશુરામ રોય અને તુષાર ભટ્ટ વડોદરામાં રહેતા હતા અને સારાભાઈ કમ્પાઉન્ડમાં ઓવરસીઝ કંપની નામની ઓફિસ અને ક્લાસીસ શરૂ કર્યા હતા. તુષાર ભટ્ટ અને પરશુરામ રોયની તપાસ માટે આજે બપોર બાદ સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશનની ટીમે છાણી ટીપી 13 ખાતે પરશુરામ રોયનો સંમસરા એપાર્ટમેન્ટમાં આવેલા લક્ઝુરિયસ ફ્લેટમાં દરોડા પાડ્યા હતા અને તપાસ હાથ ધરી છે. જ્યારે તુષાર ભટ્ટ સમા સાવલી રોડ પર આવેલા રોયલ વિંગ બંગલા નંબર એક ખાતે રહે છે તેની પણ તપાસ હાથ ધરાશે તેમ જાણવા મળે છે.

# વડોદરામાં કમળા-ટાઈફોઈડના કેસ વધ્યા, પાણીના સેમ્પલો લઈ તપાસ

**વડોદરા**

શહેરમાં કમળો અને ટાઈફોઈડના કેસમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. નાના બાળકો અને વૃદ્ધો સહિત અનેક લોકો પાણીજન્ય રોગચાળાની ઝપટમાં આવ્યા છે. શહેરમાં ચાલુ મહિને કમળા અને ટાઈફોઈડના કેસમાં ખૂબ મોટો ઉછાળો જોવા મળ્યો છે. ગત વર્ષે જૂન મહિનાના આંકડા કરતાં આ વર્ષે જૂન મહિનામાં અત્યાર સુધી પાણીજન્ય રોગચાળાના કેસમાં બે ડઝનથી વધુ કેસોનો વધારો નોંધાયો છે. આરોગ્ય વિભાગે ઉમેર્યું કે, શહેરમાં કમળા અને ટાઈફોઈડના કેસો આવ્યા છે તે એકંદરે તમામ વિસ્તારમાં છુટા છવાયા નોંધાયા છે. કોઈ એક ચોક્કસ વિસ્તારમાં બહોળી સંખ્યામાં લોકો રોગચારાના ભરડામાં આવ્યા હોય તેવું હજુ જણાયું નથી. મોટેભાગે બહારનું ખાવાથી તથા કોન્ટામિનેશનના પ્રશ્નોના કારણે હાલ વડોદરામાં ટાઈફોઈડ અને કમળાના કેસમાં ઉછાળો જણાઈ રહ્યો છે. તેથી લોકોએ બહારનું ખાવાનું ટાળવું જોઈએ તેમ જણાવવામાં આવ્યું છે. ઉપરાંત વધેલા રોગચાળાને ધ્યાનમાં લઈ પાલિકા તંત્રએ શહેરના વિવિધ વિસ્તારોમાં મોનિટરિંગ શરૂ કરી દીધું છે. જેમાં ખાસ કરીને છાણી એકતાનગર અને નવાયાર્ડમાં પાણીના સેમ્પલિંગ વધારી દેવામાં આવ્યા છે.

# મહિલા કોર્પોરેટરે દંડકની મજાક ઉડાવી કહ્યું, 'તોફાનીને જ મોનિટર બનાવાય'

**વડોદરા**

વડોદરા કોર્પોરેશન સંચાલિત શિક્ષણ સમિતિ દ્વારા આજે પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ થયો. જેમાં વિધાનસભાના દંડક બાળુભાઈ શુક્લ જે બાલકૃષ્ણ શુક્લ તરીકે પણ ઓળખાય છે. તેમની ઉપસ્થિતિમાં પ્રવેશોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભાજપના મહિલા કોર્પોરેટર હેમીષાબેન ઠક્કરે મોટો ભાંગરો વાટ્યો. ભાજપના મહિલા કોર્પોરેટર હેમીષાબેન ઠક્કરે વિધાનસભાના દંડકની તુલના તોફાની મોનિટર સાથે કરી હતી. ભાજપના મહિલા કોર્પોરેટર હેમીષાબેન ઠક્કરે પોતાના સંબોધનમાં જણાવ્યુંકે, જેમ સ્કૂલમાં જે સૌથી તોફાની વિદ્યાર્થી હોય છે તેને મોનિટર બનાવવામાં આવતો હોય છે. તેમ વિધાનસભાના દંડક બાલકૃષ્ણ શુક્લ એક તોફાની મોનિટર જેવા છે. મહિલા કોર્પોરેટરના આ નિવેદનનો વીડિયો હાલ વાયુવેગે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. મહિલા કોર્પોરેટર હેમીષાબેનનું આ નિવેદન ભાજપ સંગઠનમાં પણ ચર્ચાનો મુદ્દો બન્યું હતું.

# 'યે મેરા પુનર્જન્મ, અંજાર મેં મર ગઈ થી' બનાસકાંઠાની 4 વર્ષની દક્ષાએ કર્યો દાવો

**પાલનપુર**

પાલનપુર તાલુકાનું ખસા ગામ અગાઉ ભારત ભરમાં હાથ વણાટની ચાદરો, પછેડીયો, રૂમાલ ના કારણે પ્રખ્યાત હતું. ત્યારે હવે ફરીથી ચાર વર્ષની બાળકી પુનર જન્મની વાતો હિન્દીમાં કરતા ગામ ફરીથી જાણીતું બન્યું છે. ખસા ગામે સરપંચ વાલજીભાઈ પટેલના ખેતરમાં ભાગ્યા તરીકે કામ કરતા ગામના જેતાજી ઠાકોરને સંતાનમાં એક દીકરો અને બે દીકરીઓ છે. જેમાં સૌથી નાની ચાર વર્ષની બાળકી દક્ષા બોલતા શીખી ત્યારથી હિન્દીમાં બોલવા લાગી હતી તેને કંઈ પણ જોઈએ તો હિન્દીમાં જ બોલતી હતી. જેમકે પાણી જોઈએ તો “માં મુજે પાની દે” જોકે તેની માતા ગીતાબેન અભણ હોવાથી તેમને કંઈ ખબર પડતી ના હતી. દિકરી બોલવા શીખી ત્યારે તે હિન્દીમાં બોલવા લાગી, પરંતુ પરિવારે માન્યું કે કંઈક લવારા કરે છે. તેમ કહી કોઈએ તરફ ધ્યાન આપ્યું ન હતું. સ્કૂલે ગયા વગર કોઈપણ પ્રકારના ટીવી, સિનેમા કે સોશિયલ મીડિયાના માધ્યમ જોયા વગર પણ તેમ જ આજુબાજુ કોઈ પ્રકારનો હિન્દીનો માહોલ ન હોવા છતાં દક્ષા હિન્દી બોલવા લાગતા સૌ અચંબામાં મુકાયા છે. તેની પૂછપરછ કરતા ભગવાને તેને અહીં મોકલી છે અને તે અંજારમાં હતી તેના માતા પિતા પણ અંજારમાં હતા અને ભૂકંપ વખતે ધાબુ પડતા તે મરી ગઈ હોવાનું પણ રટણ કરે છે. પુનઃ જન્મની વાતોથી તેમજ ફાંકડું હિન્દી બોલતી દક્ષા અંગ્રેજી માધ્યમમાં ભણી સૈન્યમાં જોડાઈ દુશ્મનોને નાની યાદ કરાવી દેવાના સપના જોઈ રહી છે.

# ચિખોદરામાં ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન એકની હત્યા મામલે સાતની ધરપકડ

**આણંદ**

ચિખોદરા ગામની સીમમાં બુલેટ ટ્રેન બ્રીજ નજીક આવેલી મેદાનમાં પ્લાસ્ટીક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. ગત શનિવારના રોજ આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ હોવાથી આણંદથી ઈમરોઝ અબ્દુલરહીમ વ્હોરા પોતાના મિત્ર સલમાન મહંમદહનીફ વ્હોરા સાથે મેચ જોવા ગયા હતા. જ્યાં રાત્રિના લગભગ ૧૧-૩૦ કલાકની આસપાસના સુમારે ઘેટા તથા હોલો નામના બે યુવકો મેદાનની બહાર મેચ જોઈ રહેલી દર્શકોની વચ્ચેથી બાઈક લઈને પસાર થતા ત્યાં ઉભેલી સોએબ વ્હોરા અને અર્શ વ્હોરાને બાઈક અડી જવા બાબતે તકરાર થઈ હતી. ત્યારબાદ બંને જણ ત્યાંથી બાઈક લઈને જતા રહ્યા હતા અને થોડી વારમાં શક્તિ, વિશાલ અને કુલીયો નામના શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા અને હોલાએ અર્શ વ્હોરાને પકડીને લાફો ઝીંકી દીધો હતો તથા શોએબને ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ વિશાલે ચપ્પુ કાઢીને સોએબને ત્રણ ઘા મારી દેતા તે લોહીલુહાણ થઈ ગયો હતો. આ ઝઘડામાં વચ્ચે છોડાવવા પડેલી સલમાન વ્હોરાને કુલીયા નામના શખ્સે વાંસના ડંડાથી માર માર્યો હતો જ્યારે વિશાલે ચપ્પાના ઘા મારી દેતા તે લોહીલુહાણ થઈ ગયો હતો. સાથે સાથે શક્તિ નામના શખ્સે સલમાનને માથાના ભાગે બેટ મારી ઈજાઓ પહોંચાડી હતી. અન્ય ત્રણથી ચાર શખ્સોએ પણ સલમાનને ગડદાપાટુનો માર માર્યો હતો.

ગંભીર રીતે ઘવાયેલા સલમાન વ્હોરાનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે આણંદ ગ્રામ્ય પોલીસે હત્યા વીથ રાયોટિંગનો ગુનો નોંધી મેહુલ ઉર્ફે ઘેટો દિનેશભાઈ પરમાર, કિરણ ઉર્ફે હોલો મફતભાઈ પરમાર, મહેન્દ્ર ઉર્ફે કુલીયો રમેશભાઈ વાઘેલા, અક્ષય ઉર્ફે બકો નરસિંહભાઈ પરમાર, રતીલાલ ઝેણાભાઈ પરમાર અને વિજય મંગળભાઈ પરમાર (તમામ રહે. ચિખોદરા) તેમજ કેતન મહેન્દ્રભાઈ પટેલને ઝડપી પડાયા હતા. આ ઘટનામાં અન્ય કોની સંડોવણી હતી તેની તપાસ માટે વધુ પૂછપરછ અર્થે રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

# આણંદને કોલેરાગ્રસ્ત જાહેર કરાયું, આરોગ્ય તંત્રની દોડધામ

**આણંદ**

આણંદ શહેરમાંથી પાંચ વર્ષ બાદ કોલેરાના બે કેસ પોઝીટિવ મળી આવ્યા છે. જેના પગલે મળતી માહિતી મુજબ આણંદ શહેર અને તેના આસપાસના 10 કિલોમીટર વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. જેમાં આણંદ શહેરના બાલુપુરા અને તાસ્કંદ કુમારશાળાની નજીકના વિસ્તારમાંથી કોલેરા પોઝીટિવના બે કેસ મળી આવ્યા છે. જેથી આણંદ શહેર અને આસપાસના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરાયું છે.

બાલુપરા અને તાસ્કંદ કુમારશાળા વિસ્તારમાંથી એક સાત વર્ષીય બાળકી અને 65 વર્ષીય મહિલાને ત્રણ દિવસ અગાઉ સારવાર અર્થ દાખલ કરવામાં આવ્યા હતા અને સેમ્પલ લેવામાં આવ્યા હતા. આજે તેઓનો કોલેરા પોઝિટીવ રિપોર્ટ આવતા આરોગ્ય વિભાગે સત્વરે સાવચેતીની કાર્યવાહી હાથ ધરી હતી. છેલ્લા બે દિવસમાં શહેરમાં ડાયેરીયાના 30થી વધુ કેસો નોંધાયા હોવાનું જાણવા મળે છે.

## ભાજપના કોર્પોરેટરના ભાઈને ધમકી

# ‘1 કરોડ રૂપિયા તૈયાર રખના વરના ખૂન કી નદીયા બહેગી’

**વડોદરા**

વડોદરા શહેરના સમા વિસ્તારમાં ચાણક્યપુરી ચાર રસ્તા પાસે આવેલી મંગલ તીર્થ સોસાયટીમાં રહેતા અને ભાજપ કોર્પોરેટર મહાવીરસિંહ રાજપુરોહિતના ભાઈ સીતારામસિંહ નારણસિંહ રાજપુરોહીતે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે છેલ્લા 40 વર્ષથી કહું છું અને છેલ્લા પંદર વર્ષથી ન્યુ સમા રોડ અભિલાષા ચોકડી પાસે ખેતેશ્વર નામની ફરસાણની દુકાન ધરાવી સ્વીટ અને ફરસાણનો વેપાર કરૂ છું. ગત બાર જૂનના રોજ હું સાંજના સમયે માસ પરેથી નિકળી અભિલાષા ચોકડી પાસે આવેલી દુકાન તરફ જઈ રહ્યો હતો. તે વખતે સાંજના સમયે મારા મોબાઈલ પર ફોન કરી એક શખ્સે કોલ કરી હિન્દી ભાષામાં મારી સાથે વાત કરી સીતારામજી બરોડા ખેતેશ્વરસે બોલ રહે હો તેમ પુછતા મેં હા પાડી હતી.

ત્યારબાદ તેણે મને ‘એક કરોડ રૂપીયે તૈયાર રખના નહી તો આપ કા પુરા કામ તમામ કર દુગા, ઔર વિક્રમ કા કામ તમામ હો જાયેગા, ખૂન કી નદીયા બહેગી તેવી ધમકી આપી હતી. જેથી મને આ કોલ કરનાર ફ્રોડ લાગતા મેં ફોન કાપી નાખ્યો હતો. થોડી વાર પછી એજ નંબર ઉપરથી વિક્રમ કા કામ હો જાયેગા તેવો એક ટેક્સ મેસેજ મારા નંબર ઉપર આવ્યો હતો.

થોડીવાર પછી એજ નંબર ઉપરથી ફરી ફોન આવતા મેં ફોન ઉપાડતા સામેથી ધમકી ભર્યા અવાજમાં પૈસો કા ઈતજામ કર દો વરના ખુન કી નદીયા બહા દુંગા તેવી ધમકી આપતા મેં તે ફોન કરનાર વ્યક્તિને કોઈ જવાબ આપ્યા વગર ફોન કાપી નાખયો હતો. બાદ મેં મારી રીતે માહીતી મેળવતા મને જાણવા મળ્યું હતું કે અમારી દુકાનમાં અગાઉ કામ કરતો રામ નિવાસ ઉર્ફે શ્યામ બિસનોઈ (રહે, ખુધનગર જિલ્લા-જોપપુર રાજસ્થાનનું વર્તન બરાબર ન હોવાથી તેને નોકરીમાથી છુટો કર્યો હતો. જેથી તે પણ મારાથી નારાજ હોય તેને પણ આવી કરી હોઈ શકે અથવા કરાવી શકે તેવો શક મને છે.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

WWW.SWADESH.NEWS

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અગ્નિકાંડ : ઝોન શરૂ કરાવનારા પોલીસ અધિકારીઓને ક્લિનચીટ

## ટી.પી.ઓ. એમ.ડી.સાગઠીયા, એ.ટી.પી. મકવાણા, ગૌતમ જોષી વગેરેને અગ્નિકાંડના ગંભીર ગુનામાં ધરપકડ કરીને રિમાન્ડ પર લેવાયા

**રાજકોટ**

ટીઆરપી ગેમઝોન શરૂ ન થયો હોત અથવા તોડી પડાયો હોત કે સીલ કરાયો હોત તો ગુજરાતના ઈતિહાસનો અત્યંત દર્દનાક અગ્નિકાંડ સર્જાયો ન હોત એ નાનુ છોકરું પણ સમજી શકે છે. પરંતુ, રાજકોટ અને સરકારની સીટ દ્વારા એક માસથી ચાલતી તપાસમાં ગેમઝોનનું ડિમોલીશન કરવા નોટિસ આપનાર ટી.પી.વિભાગના પાંચ ઉચ્ચ અધિકારીઓને ગુનેગાર માનીને જેલ ભેગા કરી દીધા છે.

આ ગેમઝોન શરૂ કરવાનું લાયસન્સ આપનાર પોલીસ અને આ બધા ઉપર સત્તા ધરાવતા ઉચ્ચ અફસરો અને પદાધિકારીઓનો હજુ વાળ વાંકો થયો નથી. પોલીસે કઈ રીતે પોલીસ સહિતના તંત્રોને ક્લીન ચીટ આપી દીધી છે તે સવાલ હવે પ્રજાજનોમાં પણ ઘુમરાઈ રહ્યો છે. ટી.પી.ઓ. એમ.ડી.સાગઠીયા, એ.ટી.પી. મકવાણા, ગૌતમ જોષી વગેરેને અગ્નિકાંડના ગંભીર ગુનામાં ધરપકડ કરીને રિમાન્ડ પર લેવાયા હતા. ધરપકડ પૂર્વે ટીપી શાખાએ જાહેર કર્યું હતું કે એ.ટી.પી.મકવાણાએ સ્થળ ઉપર જઈને એક સમયે બાંધકામ બંધ કરાવવા કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસ અનુસાર આ ટી.પી.અફસરોનો ગુનો એ હતો કે તેમણે આ ગેમઝોનને નોટિસ બાદ કલમ 260(2) હેઠળ આ બાંધકામ તોડી પાડવા માટે આદેશ કર્યો હતો પરંતુ, તેનો આગ લાગી ત્યાં સુધી અમલ કર્યો ન્હોતો.

### ચીફ ફાયર ઓફિસરને બેદરકારી બદલ સસ્પેન્ડ કરાયા

ગેમઝોન અગ્નિકાંડમાં કાર્યવાહીમાં વધુ એક ફાયર ઓફિસરને સસ્પેન્ડ કરાયા છે. રાજકોટ મ્યુનિસિપલ કમિશનર દ્વારા પોલીસ રિપોર્ટના આધારે ફાયર ઓફિસર ઇલેશ ખેર સામે કાર્યવાહી હાથ ધરી છે. ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરને ફરજમાં બેદરકારી દાખવવાના આરોપ સાથે સસ્પેન્ડ કર્યા છે. રાજકોટ અગ્નિકાંડના આરોપી તરીકે ધરપકડ બાદ જેલ હવાલે થતા ચીફ ફાયર ઓફિસરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### ‘અમલદારો અને પદાધિકારીઓને છોડવામાં નહીં આવે’

રાજકોટ અગ્નિકાંડને ગઈકાલે એક મહિનો થયા પછી અને રાજ્ય સરકારે નિમેલી સુભાષ ત્રિવેદીના વડપણ હેઠળની સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)નો અહેવાલ આવ્યા પછી પણ કોઈ મોટા માથાઓ સામે પગલાં લેવામાં આવ્યા નથી.  આ ઘટનામાં રાજકોટ મહાપાલિકા, રોડ એન્ડ બિલ્ડીંગ, ટાઉન પ્લાનીંગ અને પોલીસની કામગીરીમાં ઉણપ હોવાની, આ વિભાગોની જવાબદારી હોવાનું તારણ સીટે પોતાના અહેવાલમાં આપ્યું હોવા છતાં સરકારે હજુ કોઈ પગલાં લીધા નથી. રાજ્ય મંત્રીમંડળની ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં સીટના અહેવાલની ચર્ચા થઈ હોવાનું પ્રવકતા મંત્રીએ સ્વીકાર્યું હતું. પરંતુ, રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ થયા બાદ પગલાં લેવામાં આવશે એવો સંકેત પણ તેમણે આપ્યો હતો.

# દ્વારકા જિલ્લામાં ઝૂંપડામાંથી 21 કરોડનું ડ્રગ્સ જપ્તઃ નાવદ્રાનો શખ્સ પકડાયો

**જામ ખંભાળિયા**

મંગળવારે કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામના રહીશ એવા એક આસામીના રહેણાંક મકાનમાંથી ૪૦ જેટલા પેકેટ ચરસનો જથ્થો પોલીસને સાંપળ્યો છે. ૪૨ કિલોથી વધુ વજનના આ ચરસની કિંમત રૂપિયા ૨૧.૦૬ કરોડ ગણવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જીની ટીમે મંગળવારે કલ્યાણપુર પંથકમાં ગ્રામ્ય વિસ્તારોના સ્થાનિક રહીશો સાથે કરવામાં આવી રહેલી મીટીંગ દરમિયાન ચોક્કસ બાતમીના આધારે કલ્યાણપુર નજીક આવેલા નાવદ્રા ગામની બહારના વિસ્તારમાં રહેતા દેવશી રાજાભાઈ વાઘેલા નામના શખ્સના રહેણાંક ઝુંપડામાં દરોડો પાડી અને ઘરમાં ખાટલા નીચે છુપાવીને રાખવામાં આવેલા ચરસના ૪૦ પેકેટ કબજે કર્યા હતા. તપાસણીમાં રૂપિયા 21,06,75,000 કિંમત ધરાવતા 42.135 કિલોગ્રામ ચરસનો આ જથ્થો પોલીસે કબજે લઇ, ઉપરોક્ત શખ્સ સામે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સ એક્ટ (એનડીપીએસ એક્ટ) અન્વયે ગુનો નોંધી આગળની તપાસ કલ્યાણપુરના પી.એસ.આઈ. યુ.બી. અખેડને સોંપવામાં આવી છે.

# અણીન્દ્રા કેનાલમાં પાણી પીવા જતા ગરકાવ મિત્રને બચાવવામાં બીજો મિત્ર પણ ડૂબ્યો

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરની ફીરદોસ સોસાયટી અને અમન પાર્કમાં રહેતા 2 મિત્રો વઢવાણ તાલુકાના અણીન્દ્રા ગામે આવેલ વાડીમાં ઈલેકટ્રીક કામ કરવા ગયા હતા. જયાં બપોરે જમીને કેનાલમાં પાણી પીવા જતા એક મિત્ર કેનાલમાં ગરકાવ થયો હતો. જેને બચાવવા બીજો મિત્ર પડતા બન્ને ડુબી ગયા હતા. અને બન્નેની લાશ મળી આવી હતી.

સુરેન્દ્રનગરની ફીરદોસ સોસાયટીમાં રહેતા તોસીફભાઈ કાદરભાઈ મુલતાની અને રાજકોટ હાઈવે પર આવેલ અમનપાર્ક સોસાયટીમાં રહેતા સદામહુસેન સલીમભાઈ શેખ બન્ને મિત્રો છે. વઢવાણ તાલુકાના અણીન્દ્રા રોડ પર આવેલી એક વાડીમાં તા. 25મીએ તેઓ ઈલેકટ્રીક કામ કરવા ગયા હતા. જયાં બપોરે જમીને તેઓ નજીકમાંથી પસાર થતી બજરંગપુરા-અણીન્દ્રા કેનાલમાં પાણી પીવા ગયા હતા. આ સસમયે કેનાલમાં ઉતરેલ તોસીફનો પગ લપસી જતા તે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. જયારે નજર સામે મિત્રને પાણીમાં ડુબતા જોઈ તરતા ન આવડતુ હોવા છતાં સદામહુસેને પણ પાણીમાં છલાંગ લગાવી હતી. અને બન્ને પાણીમાં ડુબવા લાગ્યા હતા. બનાવની જાણ થતા આસપાસથી લોકો ઉમટી પડયા હતા. આ અંગે સુરેન્દ્રનગર પાલિકાના ફાયર વિભાગને જાણ થતા દેવાંગભાઈ દુધરેજીયા, જયભાઈ રાવલ, રાહુલભાઈ સહિતનાઓ દોડી ગયા હતા. અને મંગળવારે સાંજના સમયે સદામહુસેનની લાશ હાથ લાગી હતી. જયારે રાતના સમયે લાશની શોધખોળ કરવી મુશ્કેલ હોઈ બુધવારે સવારે તપાસ કરતા તોસીફની પણ ડેડ બોડી મળી આવી હતી.

# સિંહોના અકાળે થતાં મોતને મામલે હાઈકોર્ટ લાલઘૂમ: સરકારની આકરી ઝાટકણી કાઢી

## ન્યાયાધીશે ઘટનાઓ અંગે ચિંતા વ્યક્ત કરી વ્યવસ્થા ગોઠવવા તાદીક કરી

**સાસણગીર**

ગુજરાત સહિત સમગ્ર ભારતનું ગૌરવ સમા એશિયાઈ સિંહોના અકાળે થઈ રહેલા મોતને લઈને ગુજરાત હાઈકોર્ટે રેલવે વિભાગની આકરી ઝાટકણી કાઢી સિંહોના મોત ના થાય તે માટે નીતિ ઘડી ટ્રેકને ફેન્સીંગ લગાવવામાં છે. આ મામલે હાઈકોર્ટે રેલવે વિભાગ પાસેથી રિપોર્ટ માંગ્યો છે.

સાસણ ગીરમાં સિંહોના થઈ રહેલા મોતને લઈને આજે હાઈકોર્ટમાં કરવામાં આવેલી જાહેર હિતની અરજી પર સુનાવણી થઈ હતી. હાઈકોર્ટે રેલવે વિભાગની આકરી ઝાટકણી કાઢતા તેની પાસેથી આ અંગે ખુલાસો માંગ્યો હતો. તેના પ્રત્યુતરમાં રેલવે વિભાગ દ્વારા આ અંગે વિશેષ ટીમની રચના કરી હોવાનું જણાવ્યું હતું, જેમાં રેલવે અને વન વિભાગના અધિકારીઓનો સમાવેશ થાય છે. રેલવે વિભાગ દ્વારા દસ સભ્યોની એક સમિતિ બનવવામાં આવી હોવાનું અને આ કમિટીની ત્રણ બેઠકો પણ મળી જણાવ્યું હતું. વનવિભાગ તરફથી એડિશનલ એડવોકેટ જનરલે હાઈકોર્ટ પાસે સમય માંગ્યો છે. તપાસ અને જવાબદારી નક્કી કરવા અંગે બે અઠવાડિયામાં જાણકારી આપવાની ખાતરી આપી છે. તેમણે આગામી સુનાવણી 12 જુલાઈના રોજ યોજવા માટેની માંગ કોર્ટ સમક્ષ કરી હતી. સિંહોના અકાળે થઈ રહેલા મોતને લઈને ગુજરાત હાઈકોર્ટ પન ખૂબ ચિંતિત છે. મુખ્ય ન્યાયધીશની ખંડપીઠે આ મામલે ચિંતા વ્યક્ત કરી હતી અને રેલવેના લીધે થી રહેલા સિંહોના મોત અટકે તે માટેની યોગ્ય વ્યવસ્થા કરવા માટે રેલવે વિભાગને આદેશ આપ્યો છે.

# વ્યાજખોરોનો આતંક : જુનાગઢમાં યુવાનની હત્યા કરાયાનો આક્ષેપ

**જુનાગઢ**

જૂનાગઢ જિલ્લાના કેશોદનાં બામણાસા ગામે વ્યાજખોરોએ દંપતીને રસ્તા પર માર મારી બાદમા પોતાના ઘરે બોલાવી કોદાળી, દાતરડું અને લોખંડના પાઈપ વડે આડેધડ માર મારતા પત્નીની નજર સામે પતિની હત્યા નિપજાવી હતી.

કેશોદના પીપલીયાનગર માંગરોળ રોડ પર રહેતાં હાજાભાઈ વાઢીયાએ ખેતીની જમીન પર હરદાસ નંદાણીયા પાસેથી પાંચ લાખ ઉછીના લીધાં હતાં. હાજાભાઈ વાઢીયાએ વ્યાજ ચૂકવ્યું હોવા છતાં જમીનનો દસ્તાવેજ કરી આપવા દબાણ કરતાં હતાં. દરમિયાન રવિવારે નિલેશભાઈ વાઢીયા તેમના પત્ની અને દીકરી સાથે બાઈક પર કતકપરા ગામે જતાં હતા ત્યારે મહેશ નંદાણીયા અને દિનેશ નંદાણીયા બુલેટ પર આવી તેમને રોકીને પૈસા કેમ આપતો નથી એવું કહીને પતિ-પત્નીને માર માર્યો હતો. બાદમાં વાતચીત કરવા માટે પોતાના ઘરે લઈ જઈ ત્યાં હરદાસ નંદાણીયા, મહેશ નંદાણીયા, દીનેશ નંદાણીયા, જાનીબેન નંદાણીયાએ કોદાળી દાતરડું લોખંડના પાઈપ વડે આડેધડ માર મારતાં નીલેશભાઈ બેભાન થતા જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યાં હતાં પરંતુ ફરજ પરનાં મેડિકલ ઓફિસરે તેમને મૃત જાહેર કર્યા હતાં.

# જામનગરમાં ચોંકાવનારો કિસ્સો, માતાએ ઠપકો આપતા 9 વર્ષના બાળકનો આપઘાત

**દ્વારકા**

મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ જામનગર નજીક દરેડમાં રહેતા અને મજૂરી કામ કરતા કોમલ કુમાર જાટવ નામના પરપ્રાંતીય શ્રમિકનો નવ વર્ષનો પુત્ર લકકી કે જેણે ગઈકાલે સાંજે પોતાના ઘેર ગળાફાંસા દવારા આપઘાતનો પ્રયાસ કરતાં બાળકને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. મૃતક બાળક કે જેના પિતા મધ્ય પ્રદેશમાં વતનમાં ગયા છે, જયારે તેની માતાએ સાયકલ ચલાવવા બાબતે ઠપકો આપતાં માઠું લાગવાથી ઉસ્કેરાટમાં આવીજઇ બાળકે ફાંસો ખાઈ લીધો હતો.

# મોરબીમાં બોલાચાલી થતાં પરિણીત પ્રેમિકાનું ગળું દબાવીને હત્યા કરાઈ

**મોરબી**

ગત તા. 10 જૂનના રોજ લીલાપર કેનાલ રોડ પર કેનાલના નાલા નીચેથી એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. જેથી પોલીસે મૃતદેહ ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ ખસેડયો હતો. રિપોર્ટમાં મહિલાનું ગળેટુંપો દઈને હત્યા કર્યાનું ખુલતા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ ચલાવી હતી. જેમાં  મધ્યપ્રદેશમાં પણ બનાવ અંગે પ્રસિધ્ધ કરાવતાં તપાસ ચાલુ હતી ત્યારે મધ્યપ્રદેશથી ફોન આવ્યો હતો જેમાં જણાવ્યું હતું કે મૃતદેહ મળી આવ્યો છે તેનો ફોટો મળ્યો છે જે તેની પત્ની સુનિતા હોવાનું જણાવ્યું હતું અને મધ્યપ્રદેશ ખાતેથી તેની પત્ની સુનિતા ગુમ થઇ જતાં ગઇ તા. 14-05-2024 ના રોજ ગુમસુદા નોંધ કરવામાં આવી હતી. સુનિતાને જેને કુલસિંગ ઉર્ફે ઇડલુ ઉર્ફે રાજુ રાઠવા ભગાડી ગયાની હકીકત જણાવી હતી.

જેથી પોલીસે ટેકનિકલ માધ્યમથી સર્ચ કરતાં વાંકાનેર તાલુકાનાં વાંકિયા ગામની સીમમાંથી આરોપી કુલસિંગ મળી આવતા તેની પૂછપરછ કરતાં હત્યાની કબૂલાત આપી હતી.

# બોટાદના રાણપુર અને બરવાળાના ખેડૂતો પર વીજળી પડતા બંનેના મોત

**બોટાદ**

ગુજરાતમાં પાંચ દિવસ અતિભારે વરસાદની આગાહી કરી છે. રાણપુરમાં ખેતરમાં કામ કરતા ખેડૂત પર વીજળી પડવાથી મોત થયું હતું. 35 વર્ષીય ખેડૂત રાત્રે 2 વાગ્યે ખેતરે કામ કરી રહ્યાં હતા આ દરમિયાન વીજળી પડતા મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. આ કુદરતી દુઃખદ ઘટના બાદ ખેડૂતના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. બોટાદમાં વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે બે દિવસની અંદરમાં જ વીજળી પડવાથી બે લોકો મૃત્યું પામ્યા હતા. જેમાં 23 જૂનના રોજ બરવાળાના ચોકડી ગામે વીજળી પડવાથી ખેતમજૂરનું મોત નીપજ્યું હતું.



## અભિનેતા ગોવિંદા ચર્ચમાં પ્રાર્થના કરતા ટ્રોલ થયો

બોલિવૂડના હિરો નંબર-1 ગોવિંદા ચાહકોના ફેવરિટ છે. અભિનેતાને જોવા માટે તેના ચાહકો આતુર રહે છે. પરંતુ આ વખતે તેની સોશિયલ મીડિયા પોસ્ટ જોઈને ચાહકો તેનાથી નારાજ છે અને પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. તેમના ગુસ્સાનું કારણ એ છે કે, ગોવિંદા આ પોસ્ટમાં ચર્ચમાં નજર આવી રહ્યો છે. ગોવિંદાએ એક વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે જેમાં તે ઈશુ મસીહા સામે પ્રાર્થના કરતો નજર આવી રહ્યો છે. આ પોસ્ટ જોઈને ચાહતો તેનાથી નારાજ થયા છે.

## અનુષ્કા શેટ્ટી હસવાની બીમારીથી કંટાળી ગઇ



મુંબઇ : ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં એવા ઘણા સ્ટાર્સ છે જે વિચિત્ર બીમારીઓના શિકાર બન્યા છે. ફિલ્મ બાહુબલીથી લોકપ્રયિતા મેળવનારી અનુષ્કા શેટ્ટી પણ એક રેર ડિસીઝનો સામનો કરી રહી છે.

એક ઇન્ટરવ્યુમાં અનુષ્કા શેટ્ટીએ જણાવ્યું હતું કે, મને હસવાની બીમારી છે.એક વખત હસવાનું શરૂ કર્યા પછી હું ૧૫-૨૦ મિનીટ સુધી હસતી રહું છું. શૂટિંગ દરમિયાન પણ હું ઘણ ીવખત હસતા-હસતા જમીન પર લોટ-પોટ થઇ ગઇ હતી. આ બીમારીના કારણે શૂટિંગ પણ ઘણી વખત કેટલાય રી-ટેક લેવા પડયા છે. હસવું એ મારા માટે હવે સમસ્યા બની ગઇ છે. અનુષ્કા શેટ્ટી જે બીમારીના ભરડામાં આવી છે તેને સ્યૂડોબુલબાર અફેક્ટ અથવા તોપીબીએ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં વ્યક્તિ ખડખડાટ હસતો જ અથવા તો રડતો રડે છે. આ બીમારી મગજમાં ઇજા અથવા ન્યૂરોલોજિકલ સ્થિતિને ડેવપ કરી શકે છે.

## ‘હું ઐશ્વર્યા રાયના પ્રેમમાં, તેના માટે તાજમહેલ બનાવીશ’ : સંજય લીલા ભણસાલી



બોલીવુડ સુપરહિટ ફિલ્મ ‘હમ દિલ દે ચૂકે સનમ’ને સિનેમાઘરોમાં રિલીઝ થયાને 25 વર્ષ થઈ ગયા છે. સંજય લીલા ભણસાલી દ્વારા નિર્દેશિત આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મમાં ઐશ્વર્યા રાય બચ્ચન, સલમાન ખાન અને અજય દેવગન જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં ઐશ્વર્યા રાયે નંદિનીના રોલમાં પોતાનો જાદુ ચલાવ્યો હતો તો સલમાન ખાન પણ સમીરના રોલમાં શાનદાર દેખાતો હતો. આ ફિલ્મમાં ઐશ્વર્યા રાય અને સલમાન ખાનની જોડીએ બધાને પોતાના ફેન્સ બનાવી દીધા હતા. ફિલ્મનું સંગીત, સિનેમેટોગ્રાફી અને અભિનય બધું જ ઉત્તમ હતું. ‘હમ દિલ દે ચૂકે સનમ’ બાદ સંજય લીલા ભણસાલીએ ઐશ્વર્યા



રાય સાથે ‘દેવદાસ’ અને ‘ગુઝારીશ’ જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. સંજય લીલા ભણસાલીએ ઐશ્વર્યા રાય માટે કેટલીક શ્રેષ્ઠ ભૂમિકાઓ પસંદ કરી હતી અને અભિનેત્રીએ પણ આ ફિલ્મોમાં પોતાનો શ્રેષ્ઠ અભિનય આપ્યો હતો. પરંતુ શું તમે જાણો છો કે એક જૂના ઈન્ટરવ્યુમાં ઐશ્વર્યા રાયના વખાણ કરતા સંજય લીલા ભણસાલીએ કહ્યું હતું કે તેઓ અભિનેત્રી માટે તાજમહેલ બનાવવા માંગે છે. 2014માં એક ઈન્ટરવ્યુમાં ડિરેક્ટર સંજય લીલા ભણસાલીએ કહ્યું હતું કે તેઓ જેની સાથે કામ કરે છે તેના પ્રેમમાં પડે છે. તે પોતાની જાતને સમર્પિત કરે છે અને તેના કલાકારોની પ્રશંસા કરે છે. તે તેના કલાકાર સાથે બંધન બનાવે છે. ઐશ્વર્યા રાય માટે પ્રેમ દર્શાવતા સંજય લીલા ભણસાલીએ કહ્યું હતું કે, ઐશ્વર્યા રાય મારી પ્રેરણા છે જોકે હું તેને મારી મોનાલિસા કહી શકતો નથી. હું તેના માટે તાજમહેલ બનાવવા માંગુ છું. તે તાજમહેલ તેના માટે મારી ફિલ્મ હશે. હું હંમેશા તેમની પાસે એવી ફિલ્મ લઈને જાઉ છું જેણે તેનું જીવન બદલી નાખ્યું હોય.

## આયુષ્માન સાથે વેમ્પાયર ઓફ વિજયનગરમાં સામંથાને બદલે રશ્મિકા

મુંબઈ : આયુષ્માન ખુરાનાની ફિલ્મ ‘વેમ્પાયર્સ ઓફ વિજયનગર’માં સામંથા રુથ પ્રભુને બદલે રશ્મિકા મંદાના ગોઠવાઈ ગઈ છે. તારીખોના અભાવના બહાને સામંથાનું પત્તું કટ કરી દેવાયું છે.

આ ફિલ્મ ના નિર્માતા ‘મુંજ્યા’ તથા ‘સ્ત્રી’ સહિતની હોરર કોમેડી ફિલ્મ બનાવી ચૂકેલા દિનેશ વિજન જ છે. ‘મુંજ્યા’ના દિગ્દર્શક આદિત્ય સતપોદારને જ આ ફિલ્મનું દિગ્દર્શન સોંપાયું છે. હાલ આ ફિલ્મની સ્ક્રિપ્ટ લખાઇ રહી છે,અને ટૂંક સમયમાં જ પ્રી-પ્રોડકશન કામ શરૂ કરવામાં આવશે, અને નવેમ્બર મહિનામાં શૂટિંગ શરૂ કરવામાં આવશે.

સામંથા અને રશ્મિકા બંને ‘પુષ્પા’ ફિલ્મથી



હિંદીના દર્શકોમાં જાણીતાં બન્યાં હતાં. પરંતુ તે પછી માયોસાઈટિસની બીમારીને કારણે સામંથા કેરિયરમાં પાછળ પડી ગઈ છે જ્યારે રશ્મિકા એક પછી એક બોલીવૂડ પ્રોજેક્ટસ મેળવી રહી છે.

## અમિતાભ બચ્ચને મુંબઈમાં 60 કરોડમાં ત્રણ ઓફિસ ખરીદી

મુંબઈ : અમિતાભ બચ્ચને મુંબઈના અંધેરી વિસ્તારમાં ૬૦ કરોડ રુપિયામાં ત્રણ ઓફિસ ખરીદી છે. હજુ થોડા દિવસો પહેલાં જ અભિષેક બચ્ચને બોરીવલી વિસ્તારમાં ૧૫ કરોડમાં છ ફ્લેટ્સમાં રોકાણ કર્યું તે પછી બચ્ચન પરિવારે આ બીજો મોટો પ્રોપર્ટી સોદો કર્યો છે.

આ ત્રણ ઓફિસો કુલ મળીને ૮,૪૨૯ સ્કે. ફૂટમાં ફેલાયેલી છે. જેની સાથે ત્રણ કાર પાર્કિંગની પણ સગવડ મળી છે. આ માટે અમિતાભે ૩.૫૭ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડયુટી ચુકવી છે. આ સોદાનું રજિસ્ટ્રેશન ૨૦ જુનના રોજ કરવામાં આવ્યું હતું. અમિતાભે આ બિલ્ડિંગમાં આ બીજું રોકાણ કર્યું છે. અગાઉ ગયાં વર્ષે આ જ બિલ્ડિંગમાં તેણે ૨૯ કરોડમાં



ચાર ઓફિસ ખરીદી હતી. આ બિલ્ડિંગમાં અજય દેવગણ, સારા અલી ખાન, કાર્તિક આર્યન તથા મનોજ વાજપેયી પણ પ્રોપર્ટી ખરીદી ચૂક્યા છે.

આ વર્ષની શરુઆતમાં જ અમિતાભે અલીબાગમાં ૧૦ કરોડનો પ્લોટ લીધો હતો. આ અરસામાં જ તેણે અયોધ્યામાં ૧૪ કરોડનો બંગલો પણ ખરીદ્યો હતો.






## ॥ સંસ્કૃતિ ॥


Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news


Paresh Peshva
Marketing Director
SWADESH

### સામાન્ય પરિવારમાં જન્મેલા ૩ યુવાનોએ સંઘર્ષ કરી ભણ્યા અને ઈતિહાસ રચ્યો

# માઈક્રોસોફ્ટ નહીં, પણ એનવીડિયા હવે નંબર વન કંપની

પ્રાસંગિક
ધવલ શુક્લ

અમેરિકાની એનવીડિયા કંપનીએ દુનિયાની અવ્વલ અને મૂલ્યવાન કંપનીનો દરજ્જો મેળવી લીધો છે. જબરદસ્ત નાણાંકીય પરફોર્મન્સ અને કંપનીના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પ્રોજેક્ટ્સમાં રોકાણકારોએ વિશ્વાસ દાખવતા કંપનીના શેરોની કિંમતમાં કેટલાક દિવસથી સતત ઉછાળો નોંધાયો હતો. જેના કારણે બુધવારે કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન ૩.૩૪ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયું હતુ. આ સાથે જ એનવીડિયા કંપનીએ બિલ ગેટ્સની માઈક્રોસોફ્ટને પાછળ છોડી દીધી હતી.

આ પહેલાંનો ઈતિહાસ જોઈએ તો સ્ટીવ જોબ્સે સ્થાપેલી આઈફોનની ઉત્પાદક એપલ કોર્પોરેશનને પછાડીને માઈક્રોસોફ્ટ મોસ્ટ વેલ્યુએબલ કંપની બની હતી. પરંતુ આજે એનવીડિયો કોર્પોરેશને આ બંને કંપનીઓને પાછળ છોડી દીધી છે. એનવીડિયા કંપની ગ્રાફિક ડીઝાઈનિંગ કંપની છે કે જે ગ્રાફિક પ્રોસેસિંગ યુનિટ્સ બનાવે છે. ૧૯૯૩નાં સ્થપાયેલી એનવીડિયા કોર્પોરેશનને દુનિયામાં ગેમિંગ ઈન્ડસ્ટ્રીની કાયાપલટ કરી નાંખનારી કંપની માનવામાં આવે છે. ૧૯૯૦ના દાયકામાં જ્યારે વીડિયો ગેમ્સ ઈન્ડસ્ટ્રી પા પા પગલી માંડતી હતી. ત્યારે સાન જોસના ત્રણ ઈલેક્ટ્રિકલ એન્જિનિયરે વીડિયો ગેમ્સના ગ્રાફિક બનાવવા માટે એનવીડિયા શરૂ કરી હતી. શરૂઆતમાં જ આ ઈજનેરોએ યંગસ્ટર્સ ફિદા થઈ જવાય એવાં ગ્રાફિક બનાવીને છાકો પાડી દીધેલો. એનવીડિયાની શરૂઆત એ રીતે થયેલી અને આજે તો એનવીડિયા એઆઈ સોલ્યુશન્સમાં સૌથી મોટું નામ મનાય છે.

ચેટજીપીટીનાં પ્રોસેસર્સમાં એનવીડિયાની ચિપ્સ વપરાઈ છે. એનવીડિયાએ બનાવેલી ચિપ્સના કારણે ચેટજીપીટીની એઆઈ સિસ્ટમ એકદમ સરળતાથી ચાલે છે. એનવીડિયા કોર્પોરેશનની શરૂઆત બહુ નાટયાત્મક રીતે થઈ હતી. કંપનીના ત્રણેય સ્થાપક જેનસેન હુઆંગ ક્રિસ મેલેચોવ્સ્કી અને કર્ટિસ પ્રીયેમ ત્રણેય ઈલેક્ટ્રિકલ એન્જીનિયર છે. કોમ્પ્યુટરની બેઝિક ડીગ્રી પણ ત્રણેય પાસે નથી.૧૯૯૩માં એનવીડિયા કોર્પોરેશનની સ્થાપના કરી એ પહેલાં ક્રિસ મેલેચોવ્સ્કી અને કર્ટિસ પ્રીયેમ બંને સન માઈક્રો સિસ્ટમમાં કામ કરતા હતા. હુઆંગ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ કરીને આવ્યા



પછી પોતાની પહેલી કંપની એલએસઆઈ લોજિકમાં ડિરેક્ટર તરીકે જોડાયો હતો. ક્રિસ મેલેચોવ્સ્કી અને કર્ટિસ પ્રીયેમ બંને સનની નોકરીથી કંટાળેલા એટલે નવી નોકરી માટે હુઆંગને મળવા ગયા હતા. કોમ્પ્યુટર ગ્રાફિક ડીઝાઈનિંગ સોલ્યુશન્સમાં એ વખતે એએમડીની મોનોપોલી હતી. હુઆંગ તેને ટક્કર આપનારી કંપની બનાવવા માગતો હતો. ક્રિસ મેલેચોવ્સ્કી અને કર્ટિસ પ્રીયેમને પોતાની કંપનીમાં કશું કરવા મળતુ ન હતુ. એટલે બંનેને વાંધો ન હતો. હુઆંગ પાસે બેંકમાં ૪૦ હજાર ડોલરની રકમ જમા હતી. આ આખી બચત મૂડી કંપનીમાં રોકી દેવાની હુઆંગની તૈયારી હતી. હુઆંગ જોખમ ઉઠાવવા પણ તૈયાર હતો. એટલે ક્રિસ મેલેચોવ્સ્કી અને કર્ટિસ પ્રીયેમની પણ હિંમત ખૂલી. બંનેએ પૂરી તાકાત લગાવી દઈને હુઆંગને સાથ આપવાનું વચન આપ્યું. હુઆંગે બીજા દિવસે જઈને કંપનીમાંથી રાજીનામું આપ્યું અને એ રીતે એનવીડિયા કોર્પોરેશનનો પાયો નંખાયો. શરૂઆતમાં કંપનીનું નામ ન્યુ વિઝનનું શોર્ટ ફોર્મ એનવી કંપની રાખવામાં આવ્યુ હતુ. પરંતુ, પાછળથી તેને બદલી એનવીડિયા કરાયું.

૧૯૯૩ની આસપાસ વીડિયો ગેમ્સનો બૂમ પીરિયડ અમેરિકામાં શરૂ થઈ ગયેલો. હુઆંગે વીડિયો ગેમ્સ માર્કેટમાં ઝંપલાવ્યું. કંપનીએ વીડિયો ગેમ્સ માટે ગ્રાફિક ચિપ્સ બનાવવાનું શરૂ કર્યું. એનવીડિયાને સૌથી પહેલું ફંડિંગ જ ૨ કરોડ ડોલરનું મળ્યું હતુ. જે બહું મોટી રકમ હતી. સેક્યોવિઆ કેપિટલ સહિતની વેન્ચર કેપિટલ કંપનીઓએ એનવીડિયામાં રોકાણ કર્યું પછી કંપનીએ કદી પાછું વળીને જોયુ નથી. એનવીડિયા એ વાતનું ઉદાહરણ છે કે, તમારામાં ટેલેન્ટ હોય, રિસ્ક ઉઠાવવાની તાકાત હોય અને પૂરી તાકાતથી મચી પડવાનું ઝનૂન હોય તો તમે દુનિયાની સૌથી મોટી કંપની બનાવી શકો છો.

હુઆંગ, પ્રિયેમ અને મેલોચોવ્સ્કી ત્રણેય સાવ સામાન્ય પરિવારમાં પેદા થયા, સંઘર્ષ કરી કરીને ભણ્યા અને પછી પોતાનાં સપનાંને સાકાર કરવા માટે કંપની બનાવીને ઈતિહાસ રચી ગયા. હુઆંગ કરતાં પ્રિયેમ અને મેલોચોવ્સ્કી બંને ચાર-પાંચ વરસ મોટા છે. હુઆંગે બંને સામે કંપની બનાવવાની ઓફર કરી, ત્યારે બંને ૩૫ની આસપાસ હતા. બંનેએ એ ઉંમરે જોખમ લેવાની હિંમત બતાવી તો તરી ગયા. હવે પછીનો જમાનો એઆઈનો છે અને હુઆંગ બહુ પહેલાં જ આ વાત સમજી ગયા હતા. દસ વરસ પહેલાં હુઆંગે એઆઈ માટે ચિપ્સ બનાવવા પાછળ અઢળક નાણાં ખર્ચ્યાં, તેનું ફળ હવે કંપનીને મળવા માંડયું છે. એઆઈનિં ભાવિ ઉજ્જ્વળ છે. એ જોતાં એનવીડિયાનું ભાવિ પણ ઉજળુ છે.

હુઆંગે વેઈટર તરીકે કામ કર્યું, ભણવાનું પણ છોડી દેવું પડેલું. જેનસેન હુઆંગની લાઈફ સ્ટોરી બહુ રસપ્રદ છે. હુઆંગ ૧૭ ફેબ્રુઆરી, ૧૯૬૩ના રોજ તાઈવાનના તાઈનેનમાં જન્મ્યો છે. હુઆંગ ૫ વર્ષનો હતો ત્યારે હુંઆંગનો પરિવાર તાઈવાન છોડીને થાઈલેન્ડ જતો રહ્યો હતો. હુઆંગનો પરિવાર ગરીબ હોવાથી તેના પિતાએ હુઆંગ તથા તેના ભાઈને તેના કાકાને ત્યાં અમેરિકા મોકલી દીધા ત્યારે હુઆંગ માત્ર ૯ વર્ષનો હતો. અમેરિકાના ટાકોમામાં રહેતા તેના કાકાની કમાણી પણ બહુ નહોતી. એટલે તેમણે હુઆંગ તથા તેના ભાઈને એક ચર્ચની મફત રાખતી હોસ્ટેલમાં મુકવામાં આવ્યા હતા. બાજુમાં જ ચર્ચની સ્કૂલ હતી, તેમાં બંને ભાઈ ભણતા.

થોડાં વરસો પછી હુઆંગનાં માતા-પિતા અમેરિકા આવીને ઓરેગોનમાં સ્થાયી થયાં પછી બંને ભાઈના પરિવાર સાથે રહેવા ગયા. જો કે પરિવારને ઝાઝી આવક ન હતી. એટલે હુંઆંગે ભણવાનું છોડીને પરિવારને મદદ કરવા માટે હોટેલમાં વેઈટર તરીકે કામ કરવું પડયું. બે વર્ષ પછી પરિવારની સ્થિતી સુધરતાં હુઆંગે ફરી ભણવાનું શરૂ કર્યું. હુઆંગે ૧૯૮૪માં ઓરેગોન સ્ટેટ યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રિકલ એન્જીનિયરિંગની ડીગ્રી મેળવી પછી આગળ ભણવા માટે નાણાં ન હતા. એટલે તેણે ફરી ભણવાનું છોડીને નોકરી કરવા માંડી. શરૂઆત એલએસઆઈ લોજિકથી કરી અને તેમાં ધીરે ધીરે ઉચ્ચ હોદ્દા પર પહોંચ્યા પછી એડવાન્સ્ડ માઈક્રો ડીવાઈસીસ (એએમડી) કંપનીમાં માઈક્રોપ્રોસેસર ડીઝાઈનર તરીકે જોડાયો. થોડાક અનુભવ પછી હુઆંગ સ્ટેનફોર્ડ યુનિવસટીમાં માસ્ટર્સ કરવા ગયો અને સ્ટેનફોર્ડમાંથી બહાર આવ્યા પછી તેણે ક્રિસ મેલેચોવ્સ્કી અને કર્ટિસ પ્રીયેમ સાથે મળીને એનવીડિયા કંપની બનાવી હતી. જે આજે દુનિયાની સૌથી વેલ્યુએબલ કંપની બની ગઈ છે. દુનિયાના 200 દેશોની જીડીપીથી એનવીડિયાનું માર્કેટ કેપિટલાઈઝેશન વધારે છે.

એનવીડિયાનું માર્કેટ કેપિટલાઈઝેશન ૩.૩૪ ટ્રિલિયન ડોલર થયું છે. એ સાથે જ એનવીડિયા દુનિયાના છ દેશોને બાદ કરતાં બાકીના બધા દેશોના અર્થતંત્ર કરતાં મોટી કંપની બની ગઈ છે. એનવીડિયા કોર્પોરેશન પાસે લગભગ ૩૦ હજાર કર્મચારી છે. કંપનીની ૨૦૨૪ના નાણાંકીય વર્ષમાં આવક ૬૦.૯૨ અબજ ડોલર હતી અને તેમાં ૩૦ અબજ ડોલરથી વધારે નફો હતો. એ જોતાં કંપનીનો પ્રોફિટ માર્જિન તોતિંગ છે. જેનસેન હુઆંગને કંપનીની પ્રગતિનો સૌથી વધારે ફાયદો થયો છે. કેમ કે, હુઆંગ ૧૧૧ અબજ ડોલરની સંપત્તિ સાથે દુનિયામાં ૧૧મા નંબરની સૌથી ધનિક વ્યક્તિ છે.

**સેક્યોવિઆ કેપિટલ સહિતની વેન્ચર કેપિટલ કંપનીઓએ એનવીડિયામાં રોકાણ કર્યું પછી કંપનીએ કદી પાછું વળીને જોયું નથી. કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન દુનિયાના 200 દેશોની જીડીપી કરતા વધીને 3.34 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયું**

# આદતો નોંતરે છે તમારા ચહેરા પર ડાર્ક સર્કલ્સ, નહીં રહેશે કોઈ ઉપાય

**ડાર્ક સર્કલ એ ચહેરાની સુંદરતા પર ડાઘ સમાન હોય છે. પરંતુ શું તમે જાણો છો કે ડાર્ક સર્કલ આપણા ખરાબ સ્વાસ્થ્યની ચાડી ખાય છે. તમે અનેકવાર અનેક બ્યુટી પ્રોડક્ટ્સનો ઉપયોગ કરીને તેને હટાવવાનો પ્રયાસ કરો છો પણ જો આ આદતોનું ધ્યાન રાખી લેશો તો તમે તેને સરળતાથી દૂર કરી શકો છો. તો જાણો શું ધ્યાન રાખવું.**

## જાણો શું ન કરવું

ડાર્ક સ્પોટ્સ માત્ર સુંદરતા જ ઘટાડે છે એવું નથી. તે આત્મવિશ્વાસ પણ ઘટાડે છે. જો આપણે આપણા રોજિંદા જીવનમાં કેટલીક નાની બાબતોનું ધ્યાન રાખીએ તો આપણે ડાર્ક સર્કલને તેના મૂળથી દૂર રાખી શકીએ છીએ. તો જાણો રોજિંદા જીવનમાં કઈ ભૂલો કરવાનું ટાળવું જરૂરી છે.

## પૂરતી ઊંઘ છે જરૂરી

શરીરને રોગોથી બચાવવા માટે 7 કલાકની ઊંઘ જરૂરી છે. જો તમે યોગ્ય રીતે ઊંઘી શકતા નથી, તો તે ડાર્ક સર્કલનું કારણ બની શકે છે. ઓછામાં ઓછા 6 થી 7 કલાકની ઊંઘ લો છો કે નહીં તેની ખાતરી કરો. ઓછી ઊંઘને કારણે ડાર્ક સર્કલ સિવાય અન્ય ઘણી બીમારીઓ પણ તમને ઘેરી શકે છે.

## ડીહાઈડ્રેશન

કદાચ તમને ખબર નહીં હોય કે ડીહાઈડ્રેશનની સમસ્યાને કારણે પણ ડાર્ક સ્પોટ્સ થઈ શકે છે. પાણીની અછતને કારણે આંખોની નીચેની ત્વચા નિસ્તેજ થવા લાગે છે અને ડાર્ક સર્કલ દેખાવા લાગે છે. એટલે



દિવસ દરમિયાન શક્ય તેટલું શરીરને હાઈડ્રેટેડ રાખવું જોઈએ. ડીહાઈડ્રેશનને કારણે ત્વચા શુષ્ક થઈ જાય છે.

## આંખો ઘસશો નહીં

આંખોને સતત ઘસવાનું કે ઘસવાનું ટાળો. જો તમને આવી આદત છે તો તેનાથી પણ ડાર્ક સર્કલની સમસ્યા વધી શકે છે. આંખને મસળવાથી આંખોની નીચેની રક્તવાહિનીઓ તૂટી જાય છે. જેના કારણે લોહીનો પ્રવાહ યોગ્ય રીતે થતો નથી. આ આદત પણ ડાર્ક સર્કલનું કારણ બને છે.

## ડાયટનું ધ્યાન રાખો

અપૂરતો આહાર પણ ડાર્ક સર્કલનું કારણ છે. જ્યારે શરીરમાં પોષક તત્વોની ઉણપ થાય છે ત્યારે ચહેરા પર ડાર્ક સર્કલ દેખાવા લાગે છે. ડાર્ક સર્કલને શરીરમાં જરૂરી તત્વોની ઉણપ અને નબળાઈનો સંકેત પણ માનવામાં આવે છે.

# અપનાવી જુઓ આ ટીપ્સ



■ તમાકુ પાણી સાથે ભેળવી વાળ પર ચોપડી પાટો બાંધે દેવો, બે પકોર રાખી, પછી અરીઠાંથી વાળ ધોવાથી જૂ-લીખનો નાશ થાય છે.

■ દળેલું ધાણાજીરું ખરાબ થવા લાગે તો એમાં થોડું મીઠું ભેળવી દેવું. વધુ ખરાબ થતું અટકી જશે.

■ વરિયાળીના ઉકાળામાં સાકર ભળવી પીવાથી પિત્તજ્વર મટે છે.

■ નાગરવેલના બે-ચાર કોરા પાન ચાવી જવાથી શરદી-સળેખમમાં ફાયદો થાય છે.

■ સવારે નયણા કોઠે ચાર તોલા હુંફાળા પાણીમાં બે તોલા જેટલું મધ ભેળવી પીવાથી મેદ-ચરબી ઉતરે છે.

■ હુફાળા તલના તેલથી શરીરે રોજ માલિશ કરવાથી એક મહિનામાં ફિક્કી ચામડી તેજસ્વી થાય છે.

■ મલાઈથી ચહેરા પર દસ મિનિટ માલિશ કરવું અને દસ મિનિટ બાદ ચણાના લોટથી ચહેરો ધોવાથી ત્વચા તેજસ્વી બને છે.

■ બાજરામાં કડવા લીમડાના સૂકવેલા પાંદડા રાખવાથી લાંબા સમય સુધી બગડતો નથી.

■ ખીર બનાવતી વખતે દૂધ પાતળું લાગે તો ખસખસ વાટીને નાખવાથી જલદી ઘટ્ટ બનશે.

■ કઠોળ કૂકરમાં બાફવા મૂકતી વખતે ચપટી હળતર તેલ નાખવાથી જલદી ચડી જાય છે.

■ કીડીઓ ઉભરાતી હોય ત્યાં સરસવ તેલનું પોતું મારવું.

■ આંખે ઠંડુ પાણી છાંટવાથી આંખમાંની ગરમી દૂર થાય છે.

■ મરચાંના ડિટિયાં કાઢી રેફ્રિજરેટરમાં અખબારમાં કે કાગળની કોથળીમાં લપેટીને રાખવાથી લાંબા સમય સુધી સારા રહે છે.

■ મીઠાની બરણીમાં મીઠું ચોંટી ન જાય માટે થોડા ચોખાના દાણા નાખવા.

■ ભજિયાનું ખીરું વધ્યું હોય તો તેમાં થોડો લોટ ઉમેરી પુડલા, આમલેટ કે ઢોકળા ઉતારવા.

■ સ્તન, અંડકોશ, હરસ તથા પેટમાં પીડા થાય ત્યારે જીરાનો ભૂક્કો પાણીમાં કાલવી ગરમ કરી દુખતા ભાગે લેપ લગાડવો.










# ગુજરાતી સિનિયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનના 25 વર્ષ પૂર્ણ થતાં રજત જયંતીની ઉજવણી



## આમંત્રિત મહાનુભાવોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા, સંસ્થાના સહયોગીઓને બિરદાવાયા

**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનના ૨૫ વર્ષ પૂર્ણ થતાં 23 જૂને રોયલ્ટન બેંકવેટ હોલ ખાતે ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. આ અવસરે બધા જ બધા સભ્યો સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈ ઉત્સાહપૂર્વક આવી પહોંચ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થયા બાદ બંને દેશના રાષ્ટ્ર ગીત 'Oh Canada' અને 'જન ગણ મન' ગીતનું સમૂહમાં ગાન કરવામાં આવ્યું હતુ. દક્ષાબેન રાજાએ આમંત્રિત મહેમાનો તથા સભ્ય ભાઈ બહેનોને પ્રેમથી આવકાર્યા હતા. મનુભાઈ પટેલે મંડળની ઉત્તરોત્તર થતી પ્રગતિની વાતો સાથે સોને જય શ્રી કૃષ્ણ પાઠવ્યા હતા.

હર્ષદભાઈ પટેલે મંડળની પ્રગતિમાં પાયોનિયર સભ્યોના સહકાર તથા દક્ષાબેનની leadershipને વખાણી હતી. જે બાદ એક different act અને different props સાથે guest artists કૃતિ ઠાકર, અર્ચના જોષી અને તેજલ પટેલે "ગણેશ વંદના" રજૂ કરી હતી. ચંન્દ્રકાંતભાઈ શુક્લએ સૌને આશીર્વચન પાઠવ્યા હતા. આમંત્રિત મહેમાનોમાં રૃબી



સહોતા, મોનીન્દર સિંધુ, મેયર બ્રાઉન, એમપી સોફત અલી, રોડ પોવર, એમપીપી ચાર્મીંગ હરદીપ હાજર રહ્યા હતા. લલિત ઠાકર, લલિત સોની, નિલેશ ટેલર, જયેશ ભાવસાર, ભાવેશ સોની,

સવિતાબેન (સનાતન મંદિર) તથા રૃખમણીબેન પણ હાજર રહ્યા હતા. અંતે સૌએ મનચ્યુરીયન, આલુટીકી, છોલે, પકોડાનો સ્વાદ માણ્યો હતો.

### પ્રાર્થના બાદ બંને દેશના રાષ્ટ્ર ગીત 'Oh Canada' અને 'જન ગણ મન' ગીતનું સમૂહમાં ગાન કરાયું



ત્યારબાદ guest artists રૂપલ પટેલ, પ્રિયલ ભટ્ટ, ધૃતિ જોષી અને દિપલ ભટ્ટે કચ્છી ગરબો સુંદર અંદાજમાં રજૂ કર્યો હતો. breakમાં સૌને ઠંડી છાસ આપવામાં આવી હતી. પદમાબેન-અમીતાબેન એન્ડ ગ્રુપે મિશ્ર રાસ+હુડો, સૌરાષ્ટ્રના પ્રસિધ્ધ falk dance gracefully રજૂ કર્યો હતો. રૂપલ પટેલ એન્ડ ગ્રુપે 'लेजा रे लेजा रे'ગીત પરસુંદર dance રજૂ કર્યો હતો. દક્ષાબેન- રસિકભાઈ રાજા, મનુભાઈ-સરોજબેન પટેલ, હર્ષદભાઈ-રંજનબેન પટેલ, ડાહ્યાભાઈ-નિર્મળાબેન, બીપીનભાઈ-શિલાબેન ને ગાંધી, અનિલભાઈ-દિપીકાબેન જેઠવા તથા અન્ય સભ્યોએ "એક તેરા સાથ" ગીત દ્વારા વૃધ્ધત્વના સાત સોપાન રજૂ કર્યા હતા.

પાયોનિયર સભ્યો દક્ષાબેન-રસિકભાઈ રાજા, મનુભાઈ-સરોજબેન, હર્ષદભાઈ-રંજનબેન, શિલાબેન-બીપીનભાઈ, ડાહ્યાભાઈ નિર્મલાબેન, કમુબેન-ખંડુભાઈ, રૂક્ષમણીબેન,

માલતીબેન- જયંતીભાઈ, ચંન્દ્રકાંતભાઈ-રાજેશ્વરીબેન અને અનિલભાઈ-દિપીકાબેન જેઠવાનું સર્ટિફિકેટ સાથે ઉપરણું આપી સન્માન કરાયું હતુ. દેવયાનીબેન પટેલે મંડળ અને મંડળના કમિટી મેમ્બર્સે કરેલી ૨૫ વર્ષની સેવાને સુંદર-મીઠા શબ્દોમાં બિરદાવી હતી. ત્યારબાદ મુકેશભાઈ-દિપીકાબેન એન્ડ ગ્રુપે એક અલગ અંદાજમાં મનમોહક કવ્વાલી રજૂ કરી હતી.

દરમિયાન દક્ષાબેન અને રસિકભાઈ રાજાની ૬૧મી wedding anniversary, "आये हो मेरी ज़िंदगी में तुम बहार बन के"ગીત સાથે ઉજવાઈ હતી. સૌ guest artist Kruti, Archana, Tejal, Rupal, Priyal, Deepal & Dhrutiને જ્યોતિબેન શાહે મંડળ તરફથી સર્ટિફિકેટ અને gift એનાયત કર્યા હતા. દક્ષાબેન રાજાએ હોલના owner જીતુભાઈને પણ સર્ટિફિકેટઆપી સન્માન કર્યું હતુ.

ડોન પટેલ, પથિક શુક્લ, સુંદર ફોટોગ્રાફી માટે અરુણભાઈ મહેતા, શિલાબેન નેગાંધી સહિતના લોકોનો આભાર મનાયો હતો. સાંજે મોહનથાળ, ઉંધીયું, તુરીયા-પાત્રાનું શાક, પૂરી -રોટલી, દાળભાત, કચુંબર, ગાજરનું અથાણું અને પાપડ-પાપડી પીરસવામાં આવ્યા હતા.





# મહુડીના મહાવીર મંદિરમાં કરોડોની ઉચાપતનો મામલો, હાઈકોર્ટે જાહેર હિતની અરજી ફગાવી

## મંદિરમાં ચાલતી ગેરરીતિઓ ઉજાગર કરવા પીઆઇએલ દાખલ કરી હતી

**મહુડી**

સુપ્રસિધ્ધ યાત્રાધામ મહુડી સ્થિત ઘંટાકર્ણ મહાવીર મંદિરમાંથી 130 કિલો સોનું ગાયબ થવા ઉપરાંત, કરોડો રૂપિયાની ખુદ કાર્યકારી ટ્રસ્ટીઓ સહિતના લોકો દ્વારા ઉચાપતના ગંભીર આક્ષેપો કરતી જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે અરજદારપક્ષને આ કેસમાં કોઈપણ પ્રકારની રાહત આપવાનો કે કેસની સુનાવણી કે દરમ્યાનગીરી કરવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો.

અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, ચેરિટી કમિશનર સમક્ષ આ જ મુદ્દાઓ પર અલગ-અલગ ત્રણ અરજીઓ (કેસ) પેન્ડીંગ છે પરંતુ ત્યાં કોઈ નિર્ણય નહી આવતાં અરજદાર હાઈકોર્ટમાં આવ્યા છે, તેથી હાઈકોર્ટે જણાવ્યું કે, જો આ કેસો ચેરિટી કમિશનર સમક્ષ પેન્ડીંગ હોય તો ચેરિટી કમિશનર કચેરીને સમાંતર હાઈકોર્ટ આ જ મુદ્દાઓ પર સાથે સુનાવણી ના કરી શકે.

પોલીસમાં પણ તમે ફરિયાદો આપેલી છે અને જો પોલીસ તપાસ ના કરતી હોય તો તે માટે કાયદામાં અન્ય પણ વૈકલ્પિક જોગવાઈઓ ઉપલબ્ધ છે, તમારે તેનો સહારો લેવો જોઈએ. આમ કહી, હાઈકોર્ટે અરજદારને કોઈપણ રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો અને પીઆઈએલનો નિકાલ કરી દીધો હતો.

ઉલ્લેખનીય છે કે, મંદિરની કમીટીના સભ્યો દ્વારા 2016 માં નોટબંધી દરમ્યાન 20 ટકા કમીશનથી જૂની નોટો બદલી ગેરરીતિ આચરાઈ હોવાની ફરિયાદ પણ અરજદાર તથા અન્યો દ્વારા સંબંધિત સત્તાવાળાઓ સમક્ષ કરાઈ હતી.

## ક્લાસીફાઈડ

### લગ્નવિષયક

કેનેડા, બ્રેમ્પટન સ્થિત, કેનેડીયન સીટીઝન, પ્રતિભાશાળી વૈષ્ણવ યુવક ઉ.વ.31, B.S. (Computer Science), M.S. (Computer Science અભ્યાસ ચાલુ) પ્રતિષ્ઠિત I.T. Companyમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત યુવક માટે યોગ્ય જીવનસાથી જોઈએ છે. ઉચ્ચશિક્ષણ ધરાવતી, સુશીલ, સંસ્કારી, સુંદર અને કેનેડામાં રહેતી વૈષ્ણવ યુવતીના વડીલો તરફથી પૂછપરછ આવકાર્ય છે.

સંપર્ક : શૈલેષ શાહ 905-867-7584.

shaileshshah_10045@yahoo.com 905-497-8466

## રાજ્યમાં ડ્રગ્સ સામે જાગૃતિનો માત્ર દેખાડો : 75 સંસ્થાની ગ્રાન્ટ બંધ

અમદાવાદ : અમદાવાદ જેવી મેટ્રો સિટીમાં ચરસ, ડ્રગ્સ અને ગાંજા જેવા નશીલા પદાર્થનું ચલણ વધ્યું છે. ગુજરાત ડ્રગ્સનું એપી સેન્ટર બન્યું છે ત્યારે ગૃહવિભાગે ડ્રગ્સના દૂષણ સામે જનજાગૃતિ અભિયાન શરૂ કર્યુ છે પણ બીજી તરફ, ખુદ રાજ્ય સરકારે જ ગુજરાતમાં દારૂ-ડ્રગ્સ સામે લડત લડતી 75થી વધુ સંસ્થાઓના ગ્રાન્ટ બંધ કરી દીધી છે. ગુજરાતમાં નશાબંધી માત્ર કાગળ પર જ હોય તેવી સ્થિતી પરિણમી છે.

# છાણી ગામે બનાવ્યો સૌથી વધુ દીક્ષા લેવાનો રેકોર્ડ, દરેક ઘરમાં એક દીક્ષાર્થી

### છાણી ગામમાંથી 160 લોકોએ દીક્ષા ગ્રહણ કરી સંયમનો માર્ગ અપનાવ્યો

**વડોદરા**

જૈન સંપ્રદાયમાં દીક્ષા ગ્રહણ કરવામાં વડોદરાના છાણી ગામનો ડંકો વિશ્વભરમાં વાગી રહ્યો છે. આ ગામમાં જૈનોના ૧૨૫ પરિવારો છે. જેમાંથી ભાગ્યે જ કોઈ પરિવાર એવું હશે જેમાંથી કોઈ દીક્ષાર્થી નહિ હોય. છાણી ગામમાંથી 160 લોકોએ દીક્ષા ગ્રહણ કરી સંયમનો માર્ગ અપનાવ્યો છે.

દીક્ષાની ખાણ તરીકે ઓળખાતા છાણી તીર્થ શ્રીકરી ગામ તરીકે ઓળખાતું હતું, ત્યારબાદ છાણી ગામ નામ પડ્યું. આ ગામના જિનાલયમાં ૨૨૦૦ વર્ષ પ્રાચીન ભગવાનની પ્રતિમા ઓ સ્વયઅર્પિત છે, ત્યારે છાણીમાં પ્રતિષ્ઠિત છે જેમાં મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાન બિરાજશે. અહીં શ્રી શાંતિનાથ ભગવાન- સંભવનાથ ભગવાન મૂર્તિઓ છે. જૈન સંપ્રદાયમાં છાણી તીર્થ આગવું મહત્વ ધરાવે છે. છાણીમાં હાલમાં ૧૨૫ જેટલા જૈન પરિવારો છે. જેમાંથી ૧૬૦ દીક્ષાર્થીઓ સાધુ-સાધ્વી બન્યા છે. દીક્ષાર્થીઓમાં ૬૦ ટકા યુવાન છે. જેમાં ૧૨૦ જેટલી મહિલાઓ છે. સૌથી નાની વયના આઠ વર્ષના દીક્ષાર્થીનો પણ તેમાં સમાવેશ થાય છે. દીક્ષાર્થીઓમાં શાંતિલાલ છોટાલાલના એક જ પરિવારમાંથી સૌથી વધુ ૨૮ સભ્યોએ દીક્ષા લીધી છે. માત્ર છાણીના જ નહિં પણ આ તીર્થમાં બહારથી આવેલા ૧૦૦ જેટલા ભાવિકો એ પણ દીક્ષા લીધી છે.

છાણી ગામમાં આજે 125 જેટલા જૈન પરિવારો વસવાટ કરે છે. આ ગામમાં ત્રણ મોટા દેરાસરના નિર્માણ થયેલા છે. અવાર નવાર આચાર્ય ભગવંતો છાણી ગામમાં ચાતુર્માસ ગાળવા રોકાયા છે.

## ઉત્તરાખંડમાં ગુજરાતી યુવકનું મોત બાઈક સીધી ઘાટીમાંથી નીચે પટકાઈ

**અમદાવાદ**

ગંગોત્રી નેશનલ હાઈવે પર 24 જુનના રોજ બપોરે એક બાઈક દુર્ઘટનાગ્રસ્ત થઈને ભાગીરથી નદીના કિનારે જઈને પટકાઈ હતી. બાઈક નંબર GJ18FC-1194 હતો, જેથી તે ગુજરાતની હોવાનું જણાયું હતું. આ અકસ્માતની જાણ થતા સ્થાનિક પોલીસ અને એસડીઆરએફની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. મોટરસાઈકલ પર બે લોકો સવાર હતા. બંનેના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. પોલીસ, SDRF અને સ્થાનિક લોકોની ટીમે મૃતદેહોને ઉંડી ખીણમાંથી બહાર કઢાયા હતા. SDRF ની ટીમ દ્વારા દોરડાના માધ્યમથી લગભગ 200 મીટર નીચે ઉંડી ખીણમાં પડેલા બંને લોકોના મૃતદેહોને બહાર કાઢવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. બંનેના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા.

બે મૃતકોમાં એક વ્યક્તિ ગુજરાતના સુરતનો હતો. બીજો વ્યક્તિ મધ્યપ્રદેશનો રહેવાસી હતી. આ બંને બાઈક પર સવાર થઈને ગંગોત્રી ધામ જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત થયો હતો. ટુ-વ્હીલર રોડ પરથી 150 મીટર નીચે પડી ગયું હતું. મૃતકોમાં આશિષ મિશ્રા, (ઉંમર 47 વર્ષ) અને મીત કાછડિયા, (ઉંમર 23 વર્ષ) હોવાનું જાણવા મળ્યું છે.

## બોલો, ગુજરાતમાં ક્લાસ-1 અધિકારીનું અપહરણ થયું

**અમદાવાદ**

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ધોળે દિવસે એક સરકારી અધિકારીનું અપહરણ કરવામાં આવ્યું હતું. સરકારી અધિકારી રજા પર ગાંધીનગર ખાતે તેમના ઘરે પહોંચ્યા હતા. આ પછી તેઓ કોઈ કામના સંદર્ભે હિંમતનગર જવા નીકળ્યા હતા. તે ગિયોડ પાસે પહોંચ્યા ત્યારે તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું ને રૂ. 50 લાખની રકમ ખંડણીપેટે માગવામાં આવી હતી. અપહરણકર્તાએ એ અધિકારીને મહેસાણા અને ગાંધીનગરની આસપાસ ફરાવતા રહ્યા. પચાસ લાખ રુપિયાની આપવા પણ જણાવ્યું અને એમ નહીં કરવાથી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જોકે, આ હાઈ પ્રોફાઈલ કેસમાં પોલીસની એન્ટ્રી પછી પછી અધિકારીને સુરક્ષિત રીતે છોડાવવામાં આવ્યા હતા. અધિકારીની ઓળખ રમણલાલ વસાવા તરીકે કરવામાં આવી છે.

## AMCમાં કોન્ટ્રાક્ટના બહાને 1 કરોડની છેતરપિંડી ; મુખ્ય આરોપી વિદેશ ફરાર

**અમદાવાદ**

AMCમાં કોન્ટ્રાક્ટ અપાવવાના બહાને 1 કરોડની છેતરપિંડીની ફરિયાદ કરવામાં આવી છે. વર્ક ઓર્ડરનો ખોટો લેટર બતાવી આરોપીઓએ છેતરપિંડી આચરતા ફરિયાદના આધારે આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા એક આરોપીની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી વિદેશ ફરાર થઈ ચૂક્યો છે.

રોજ બરોજ અલગ અલગ બહાના હેઠળ ગઠિયાઓ દ્વારા છેતરપિંડી કરવામાં આવતી હોય છે પરંતુ અમદાવાદ eow માં એક એવી છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફ્લેડર પંપ તથા તેની એમ.સી.સી પેનલ અને તેના હેડ નું રીપેરીંગ અને મેન્ટેનન્સ ના કોન્ટ્રાક્ટ આપવાના બહાને છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાય છે. પોલીસે ફરિયાદના આધારે આરોપી ગૌતમ પટેલની ધરપકડ કરી છે. જોકે આ કૌભાંડનો માસ્ટર માઈન્ડ સુમિત કુમાર રાવલ હાલ વિદેશ ભાગી ગયો છે જેને પકડવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. તો આ કામનો વધુ એક આરોપી વેરલ ઉર્ફે વિરલ દોશીની પણ પોલીસે શોધખોળ હાથ ધરી છે.

## ભગવાન જગન્નાથજી 147મી જળયાત્રા સંપન્ન, મંદિરમાં નિગ્રહના દર્શન શરૂ થયા

**અમદાવાદ**

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને હવે ગણતરીના દિવસો બાકી છે. જેના ભાગરૂપે આજે ભગવાન જગન્નાથજીની જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જળયાત્રા સાબરમતી નદીના સોમનાથ ભૂદરના આરે પહોંચી હતી. સાબરમતીના કિનારેથી સંતો મહંતો તેમજ અગ્રણીઓની ઉપસ્થિતિમાં ગંગાપૂજન અને આરતી કરવામાં આવી. જ્યાંથી 108 કળશ જળ લાવવામાં આવ્યા હતા. આ જળથી ભગવાન જગન્નાથજીની ષોડસોપચાર પૂજનવિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ ભગવાનન જગન્નાથજીનો મહાજળાભિષેક કરવામાં આવ્યો હતો. આ મહોત્સવ દરમિયાન મુખ્ય મહેમાન તરીકે જગદગુરુ અવિચલદેવાચાર્યજી મહારાજ હાજર રહ્યા હતા.

## અપહરણ-હુમલા કેસમાં ધારાસભ્યના પુત્ર સહિત 5 આરોપીની જામીન અરજી નામંજૂર


**જૂનાગઢ**

જૂનાગઢના યુવાનનું અપહરણ કરી માર મારવાના તેમજ જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરવાના કેસમાં ગોંડલના ધારાસભ્યના પુત્ર સહિત પાંચ આરોપીઓની જામીન અરજી અંગે સુનાવણી થઈ હતી, જેમાં ચોથા એડિશનલ જજે પાંચેય આરોપીઓની જામીન અરજી ના મંજુર કરવા હુકમ કર્યો હતો. જૂનાગઢના દાતાર રોડ પર રહેતા સંજય ઉર્ફે ચંદુ સોલંકીનું અપહરણ કરી ગોંડલ પંથકમાં લઈ જઈ નગ્ન કરી ખૂની હુમલો અને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરવાના કેસમાં હાલ જેલમાં રહેલા ગોંડલના ધારાસભ્યના પુત્ર જ્યોતિરાદિત્યસિંહ ઉર્ફે ગણેશ જયરાજસિંહ જાડેજા, જયરાજસિંહ ઉર્ફે જે.કે. કૃપાલસિંહ રાણા, ઈન્દ્રજીતસિંહ દાદુભા જાડેજા, પૃથ્વીરાજસિંહ રેવતુભા જાડેજા અને દીગપાલસિંહ કેસરીસિંહ જાડેજાએ જામીન માટે અરજી કરી હતી. અગાઉ તા.૨૧ના જામીન અરજી અંગે બંને પક્ષની દલીલ થઈ હતી. બાદમાં કોર્ટે તા.૨૫સુનાવણી મુકરર કરી હતી. આરોપીના એડવોકેટે કોર્ટમાં જણાવ્યું હતું કે આરોપીઓએ કોઈ ઝઘડો કર્યો નથી. જ્ઞાતિનું અપમાન થાય એવા શબ્દો કહ્યા નથી.

## ગુજરાતમાં 130 મીટર લાંબા સ્ટીલ બ્રિજ પર દોડશે બુલેટ ટ્રેન, બાંધકામ પૂર્ણતાને આરે

**વડોદરા**

વડોદરા નજીક બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે દિલ્હી-મુંબઈ નેશનલ એક્સપ્રેસ વે પર 24 કલાકમાં 130 મીટર લાંબા 'મેક ઈન ઈન્ડિયા' સ્ટીલ બ્રિજનું બાંધકામ પૂર્ણ થયું. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે 130 મીટર લાંબા સ્ટીલ બ્રિજનું નિર્માણ NHSRCL દ્વારા 23મી જૂને પૂર્ણ કરવામાં આવ્યું છે. રોડ ટ્રાફિકમાં ખલેલ પહોંચાડ્યા વિના આ સ્ટીલ બ્રિજનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું હતું. 18 મીટર ઊંચો અને 14.9 મીટર પહોળો 3000 મેટ્રિક ટનનો સ્ટીલ બ્રિજને મહારાષ્ટ્રના વર્ધા સ્થિત વર્કશોપમાં તૈયાર કરવામાં હતો. તેના ઈન્સ્ટોલેશન માટે ટ્રેલર પર સાઈટ પર લઈ જવામાં આવ્યો હતો. આ સ્ટીલ બ્રિજના બાંધકામમાં સીક સિસ્ટમ પેઇન્ટિંગ અને મેટલ ગોળાકાર બેરિંગ્સ સાથે લગભગ 124,246 ટોર-શીયર ટાઈપ



હાઈ સ્ટ્રેન્થ (TTHS) બોલ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે 100 વર્ષના જીવનકાળ માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેનો સ્ટીલ બ્રિજ આ પ્રયાસનું ઉત્તમ ઉદાહરણ છે. સમગ્ર કોરિડોર માટે 28 સ્ટીલ બ્રિજમાંથી આ ત્રીજો સ્ટીલ બ્રિજ છે. સુરતમાં નેશનલ હાઈવે 53 પર અને નડિયાદ નજીક રેલવેની વડોદરા-અમદાવાદ મુખ્ય લાઈન પર તૈયાર કરવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં 10 વર્ષમાં ડ્રગ્સના દૂષણે 371નો ભોગ લીધો

## 4 વર્ષમાં 9600 કરોડ રૂપિયાનું 87 ટન ડ્રગ્સ ઝડપાયું

**અમદાવાદ**

ગુજરાતના યુવાનોમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સના દૂષણમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળ્યો છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યમાંથી રૂપિયા 9600 કરોડની કિંમતનું 87 ટન ડ્રગ્સ ઝડપાયેલું છે. ડ્રગ્સના વધતા દૂષણને પગલે તેનાથી મૃત્યુ થવાના પ્રમાણમાં પણ વધારો થયો છે. છેલ્લા 10 વર્ષમાં ડ્રગ્સ-દારૂના દુરુપયોગથી 711 વ્યક્તિએ જીવન ટૂંકાવ્યું છે જ્યારે ડ્રગ્સના ઓવરડોઝથી 371 વ્યક્તિના મૃત્યુ થયા છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (એનસીઆરબી)ના અહેવાલ અનુસાર વર્ષ 2013થી 2022 દરમિયાન ડ્રગ્સના દુરુપયોગથી ગુજરાતમાં 645 પુરુષ-66 મહિલા એમ કુલ 711ના મૃત્યુ થયા છે. જેમાં વર્ષ 2022માં 91 પુરુષ અને 3 મહિલાનો સમાવેશ થાય છે. ડ્રગ્સના દુરૂપયોગથી સૌથી વધુ મૃત્યુ વર્ષ 2022માં સૌથી વધુ મૃત્યુ થયા હોય તેમાં મહારાષ્ટ્ર 3073 સાથે મોખરે છે. સમગ્ર દેશમાં 11634 વ્યક્તિએ ડ્રગ્સની આદતને કારણે જીવન ટૂંકાવ્યું છે. જેમાં 11394 પુરુષ-239 મહિલા અને એક ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે. વર્ષ 2022માં ગુજરાતમાંથી ડ્રગ્સને કારણે જીવન ટૂંકાવ્યું હોય તેમાં અમદાવાદ મોખરે છે. અમદાવાદમાંથી 25, સુરતમાંથી 5 જ્યારે વડોદરામાંથી 1 વ્યક્તિએ ડ્રગ્સને કારણે આત્મહત્યા કરી હતી. મોટા શહેરમાંથી ડ્રગ્સને કારણે સૌથી વધુએ આત્મહત્યા કરી હોય તેમાં બેંગાલુરુ 205 સાથે મોખરે છે. વર્ષ 2022માં ડ્રગ્સના ઓવરડોઝને કારણે 11 વ્યક્તિના મૃત્યુ થયા હતા. સમગ્ર દેશમાંથી 681 વ્યક્તિનું ડ્રગ્સના ઓવરડોઝથી મૃત્યુ થયું હતું. વર્ષ 2021માં ગુજરાતમાંથી 127 વ્યક્તિએ ડ્રગ્સને કારણે આત્મહત્યા કરી હતી. જેમાં 117 પુરુષ અને 10 મહિલાનો સમાવેશ થાય છે. અમદાવાદમાંથી 33 પુરુષ-બે મહિલાએ ડ્રગ્સને કારણે જીવન ટૂંકાવ્યું હતું. બીજી તરફ વર્ષ 2020માં ગુજરાતમાંથી 77 અને અમદાવાદમાંથી 17 વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. આમ, 3 વર્ષમાં અમદાવાદમાંથી ડ્રગ્સ-દારૂની લતને કારણે 72 વ્યક્તિએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે. અમદાવાદની એક ખાનગી હોસ્પિટલના ડ્રગ્સ ડિએડિક્શન સેન્ટરમાં સારવાર લઈ રહેલા મોટાભાગના દર્દીઓ 18થી 24ની વયજૂથના છે.

### ડ્રગ્સના સેવન બદલ 3 વર્ષમાં 528ની ધરપકડ કરાઇ

ગુજરાતમાં ડ્રગ્સના સેવન બદલ 3 વર્ષમાં 528ની ધરપકડ થઇ છે. જેમાં વર્ષ 2020માં 117, વર્ષ 2021માં 200 અને વર્ષ 2022માં 211ની ધરપકડ કરાઇ હતી. એનડીપીએસ એક્ટ હેઠળ વર્ષ 2020માં 1, 2021માં 2 અને 2022માં 3એમ 18થી ઓછી વયના બાળકોની જ્યારે 2020માં 19, 2021માં 28 અને 2022માં 32 મહિલાની ધરપકડ થઇ હતી.

# નવા સંશોધકોમાં ગુજરાતીઓનો દબદબો છેલ્લાં ચાર વર્ષમાં 952 પેટન્ટ રજૂ કરી

**ગાંધીનગર**

ગુજરાતમાં કાર્યરત વિવિધ કેન્દ્રીય અને રાજ્ય સરકારની સંશોધન સંસ્થાઓ અને વિશ્વવિદ્યાલયોમાં નવોન્મેષ સંશોધનોને મળતા પોષક વાતાવરણના પરિણામે છેલ્લા ચાર જ વર્ષમાં ૯૫૨ જેટલી પેટન્ટ ગુજરાતના સંશોધકોને મળી છે. પેટન્ટ મેળવવામાં અમદાવાદ અને તે બાદ વડોદરાના સંશોધકો મોખરે છે.

ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં કાર્યરત થયેલા સ્ટાર્ટઅપ, વિશ્વવિદ્યાલયોમાં સંશોધન પ્રવૃત્તિ માટે વિશેષ અનુદાનો ઉપરાંત પીએમ ફેલોશીપ જેવા સરકાર પ્રેરિત યોજનાઓ અને સંસ્થાકીય મદદને કારણે વિવિધ ક્ષેત્રમાં સંશોધનો કરી તેની પેટન્ટ મેળવવાનું પ્રમાણ પણ વધ્યું છે. ગુજરાતમાં મળેલ પેટન્ટનો આંક જોવામાં આવે તો વડોદરાના સંશોધકોને વર્ષ 2020 માં 62, 2021માં 44, 2022માં 36, 2023માં 4 પેટન્ટ મળી છે. અમદાવાદમાં વર્ષ 2020માં 122, 202માં 113, 2022માં 117, 2023માં 20 પેટન્ટ સંશોધકોને આપવામાં આવી છે. સમગ્ર ગુજરાતમાં વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ દરમિયાન નોંધાયેલી પેટન્ટની સંખ્યા જોઈએ તો અનુક્રમે ૨૬૬, ૨૩૭, ૨૦૦ અને ૪૯ પેટન્ટ આપવામાં આવી છે. આ ચાર વર્ષમાં ગુજરાતના કુલ ૯૫૨ સંશોધનોને પેટન્ટ મળી છે.

આ પેટન્ટ માત્ર મહાનગરોમાંથી જ નહિ પરંતુ આદિવાસી બાહુલ જિલ્લા પંચમહાલના શહેરા તાલુકાના ભેસલ ગામના સોમાભાઈ ધૂળાભાઈ પરમાર જેના અદના આદમીના નામે પણ પશુ સારવાર માટેની પ્રક્રીયા અંગેની પેટન્ટ નોંધાઈ છે.

# મને કંઈ થયું તો...: ચુડાસમાએ ધમકી આપી દેતાં ભાજપના નેતા ભયભીત

**જુનાગઢ**

જુનાગઢ બેઠકથી સતત ત્રીજી વખત જીતેલા ભાજપના સાંસદ રાજેશ ચુડાસમાએ એક કાર્યક્રમમાં પોતાના વિરોધીઓને જ ધમકી આપી હતી. તેમણે કહ્યું કે, 'આ પાંચ વર્ષમાં મને જે નડ્યા છે એમને હું મૂકવાનો નથી, પક્ષ તેમની સામે કાર્યવાહી કરે ન કરે પરંતુ હું કોઈને છોડવાનો નથી.' આ ધમકી બાદ વેરાવળ ભાજપના નેતા રાકેશ દેવાણીએ પોતાની પર હુમલો થઈ શકે છે તેવો દાવો કરતી અરજી જિલ્લા પોલીસ વડા સમક્ષ કરી છે. તેમણે કહ્યું છે કે, 'જો મને કે મારા પરિવારને કંઈ થયું તો તે માટે રાજેશ ચુડાસમા જવાબદાર રહેશે'

વેરાવળના ભાજપ નેતા રાકેશ દેવાણીનો સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે જણાવી રહ્યા છે કે, 'અમારા વિસ્તારના સેવાભાવી ડો. અતુલ ચગે આત્મહત્યા કરી હતી. તેમણે સ્યુસાઈડ નોટમાં રાજેશ ચુડાસમા અને નારાયણ ચુડાસમાનું નામ લખ્યું હતું. તે વખતે મે પોલીસને કહ્યું હતું કે જે જવાબદાર હોય તેમને છોડવા ના જોઈએ.

# વિદેશની ઘેલછા : અમદાવાદમાં બે યુવકો બોગસ પાસપોર્ટ સાથે ઝડપાયા

**અમદાવાદ**

અમદાવાદ એરપોર્ટ પરથી વધુ એક વખત બોગસ પાસપોર્ટના આધારે વિદેશ જતા બે આગ અલગ મુસાફરો ઈમિગ્રેશનના હાથે પકડાયા છે, ત્યારે અમદાવાદ SOGને તપાસ સોંપતા અમદાવાદ SOG એ બંને મુસાફરો સામે ગુનો નોંધી ધરપકડ કરીને તપાસ શરુ કરી છે. એક જ દિવસમાં અમદાવાદ એરપોર્ટ પરથી ડુપ્લીકેટ પાસપોર્ટ પર મુસાફરી કરનારા બે મુસાફરોની ધરપકડ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે કરી છે. આ બંને મુસાફરો દ્વારા ડુપ્લીકેટ પાસપોર્ટનો ઉપયોગ વિદેશમાં મુસાફરી કરવા માટે કર્યો હતો. જેમાં એક મુસાફરનું નામ જગત બહાદુર દલામી છે. જે મૂળ નેપાળનો રહેવાસી છે. જેની પાસેથી દુબઈ જવા માટે સુરજસિંહ અકાલી નામનો પાસપોર્ટ ચંદીગઢથી બનાવ્યો હતો. આ પાસપોર્ટ આધારે દુબઈના વિઝિટર વિઝા મેળવ્યા હતા. જેના બદલામાં એજન્ટને લાખો રૂપિયા ચૂકવ્યા હતા. બીજા મુસાફરની વાત કરીએ તો વડોદરાની બંસી રમેશભાઈ સવનિયાએ તેના પાસપોર્ટમાં છેડછાડ કરીને બંસી રામ ભાઈ મોઢવાડિયા નામનો પાસપોર્ટ બનાવડાવ્યો હતો. જેની એરપોર્ટ સિક્યુરિટી ફોર્સને શંકા જતા ડોક્યુમેન્ટની ખરાઈ કરતા પાસપોર્ટ ડુપ્લીકેટ હોવાનું માલુમ પડ્યું હતું.

# અમેરિકામાં બન્યું મા ઉમિયાનું વધુ એક ભવ્ય મંદિર, હજારો પાટીદારો ઉમટ્યા

## ત્રણ દિવસ સુધી યોજાયેલા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં માતાજીનો જયકારો

**અમદાવાદ**

વિશ્વના ૧૩૨ દેશમાં વસતા કડવા પાટીદારોની કુળદેવી હવે અમેરિકાના નેસવિલ શહેરમાં બિરાજમાન થયા છે. અહી માતાજીના ભવ્ય શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્રણ દિવસ માતાજીના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આયોજિત કરાયો હતો.

નેસવિલ શહેમરાં 22 એકર જમીનમાં 8મા શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરવમાં આવ્યું છે. તારીખ 21થી 23 જૂન દરમિયાન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની ભવ્ય ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે અમેરિકામાં વસવાટ કરતા 25 હજાર કરતાં પણ વધારે પરિવારોએ ભાગ લીધો હતો.

ઉમિયા ધામ નેસવિલ ખાતે 42 કડવા પાટીદાર સમાજની સાથે તમામ સમાજ સંકળાયેલા છે. આ મહોત્સવમાં મહિલા પાવર ગ્રૂપ દ્વારા વિવિધ કાર્યક્રમો આયોજિત કરાયા હતા. શ્રધ્ધાળુઓએ જય જય ઉમિયાના ગગનભેદી નારા લગાવ્યા હતા. ટેનીસી સ્ટેટ સહિત સમગ્ર અમેરિકામાં વસતા પાટીદાર પરિવારોમાં આનંદ, મંગલ અને ઉત્સાહ છવાયો હતો. અમદાવાદ સહિતના વિવિધ વિસ્તારોમાં રહેતા પાટીદારોની પણ મોટી સંખ્યામાં નેશવિલ પહોંચ્યા હતા. ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦૧ શિખરબદ્ધ મંદિરની સ્થાપના કરવાનો દ્રઢ સંકલ્પ કરાયો હતો.

# ખાંભામાં વીજ કરંટથી એક જ પરિવારના ત્રણના મોત

**અમરેલી**

મેઘરાજા સૌરાષ્ટ્ર પર મહેરબાન થયા છે. અનેક ઠેકાણે વીજળી પડવાની અને વૃક્ષ ધરાશાયી થવાની ઘટના બની છે. એવામાં અમરેલી જિલ્લાના ખાંભાના હનુમાનપુર ગામે વીજ કરંટ લાગવાથી એક જ પરિવારના ત્રણ સભ્યોએ જીવ ગુમાવ્યો છે. ખાંભાના હનુમાનપુરા ગામે નવા મકાનનું બાંધકામ ચાલતુ હતુ. આ દરમિયાન મકાનનો સ્લેબ ભરતી વખતે આ દુર્ઘટના ઘટી હતી. જેમાં મકાનનો સ્લેબ ભરવા માટે મશીનમાં રેતી વૉશિંગનું કામ ચાલી રહ્યું હતુ. આ દરમિયાન વીજ કરંટ પસાર થતાં તેની ઝપેટમાં ત્રણ જણા આવી જતા મોતને ભેટ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોચી હતી. મૃતકો પૈકી બે સગા ભાઈ છે, જ્યારે ત્રીજો તેમનો ભત્રીજો છે. મૃતકોની ઓળખ પથુભાઈ બોરીચા (ઉ.વ.32), માનકુભાઈ બોરીચા (ઉ.વ.30) અને ભૌતિક બોરીચા તરીકે થઈ છે.

# હરણી કાંડ અંગે તપાસ સમિતિના રિપોર્ટ સામે હાઈકોર્ટની નારાજગી

## કમિશનરને બચાવવા પ્રયાસ થતો હોવાનું કોર્ટનું તારણ

**વડોદરા**

18મી જાન્યુ. 2023ના રોજ વડોદરાના હરણી તળાવમાં વિદ્યાર્થીઓથી ભરેલી બોટ પલટી જતાં વિદ્યાર્થીઓ સહિત 14 લોકોનાં મોત નીપજ્યાં હતા. આ હરણીકાંડ મામલે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલી તપાસ સમિતિના અહેવાલ સામે કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું કે, 'સમિતિના રિપોર્ટ વાંચતા એવું લાગે છે કે સમિતિ તત્કાલીન મ્યુનિસિપલ કમિશનરને બચાવવા માંગે છે. જે પ્રમાણેના શબ્દોમાં રિપોર્ટ તૈયાર થયો છે, તેમાં સમગ્ર દોષ ટેકનિકલ ટીમ અને કોન્ટ્રાક્ટર પર નાખવાનો પ્રયત્ન થતો હોય તેવું પ્રથમ દ્રષ્ટિએ લાગી રહ્યું છે.' તપાસ સમિતિનો અહેવાલ વાંચ્યા બાદ હાઈકોર્ટે એડવોકેટ જનરલને સવાલ કર્યો હતો કે, 'તપાસ સમિતિ દ્વારા રજૂ કરાયેલો આ અહેવાલ અમારે સ્વિકારવાનો છે કે કેમ? જો આ રિપોર્ટ સ્વીકારવાનો થાય છે, તો પ્રિન્સિપલ સેક્રેટરીની મુશ્કેલી પણ વધી શકે છે.' જે બાદ એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ તપાસ સમિતિએ રજૂ કરેલા અહેવાલ વાંચવા માટે સમય માગ્યો જેને હાઈકોર્ટ ગ્રાહ્ય રાખ્યો હતો.

# 200 કિ.મી લાંબા દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઈ-વે બનશે હરિયાળો

**અમદાવાદ**

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે દ્વારકાથી સોમનાથ સુધીના આશરે 200 કિ.મી લંબાઈના કોસ્ટલ હાઈવેની બન્ને બાજુ વન વિભાગ અને સદભાવના વૃદ્ધાશ્રમના સંયુક્ત ઉપક્રમે આશરે 40,000 જેટલા રોપાઓનું 10x10 મી.ના અંતરે વાવેતર કરવામાં આવશે. રાજ્યમાં ટ્રી કવર વધારવા સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા અગાઉ કરાયેલી કામગરીને ધ્યાને રાખીને જ સદભાવના વૃદ્ધાશ્રમને 'હરિત વન પથ' યોજનાના અમલ માટે ભાગીદારસહ આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, વન વિભાગ દ્વારા વર્ષ 2024-25માં 'હરિત વન પથ' યોજના મંજૂર કરવામાં આવી છે.

# બિહાર, રાજસ્થાનમાં વરસાદ-વીજળી આફત બન્યાં, 10નાં મોત

## મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે, ભારે વરસાદને કારણે અનેક મકાનોને નુકસાન

**જયપુર**

બિહારના છ જિલ્લાઓમાં વીજળી પડવાને કારણે આઠ લોકોનાં મોત થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. છેલ્લા 24 કલાકમાં ભાગલપુર, મુંગેર, જમુઇ, પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ અને અરરિયા જિલ્લાઓમાં આ મોત થયા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે છેલ્લા 24 કલાકમાં વીજળી પડવાથી આઠ લોકોનાં થયેલા મોત અંગે દુ:ખ વ્યક્ત કર્યુ હતું. મુખ્યપ્રધાનના કાર્યાલયે કરેલી જાહેરાત મુજબ મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે.

મુખ્યમંત્રીના કાર્યાલયના જણાવ્યા અનુસાર વીજળી પડવાને કારણે ભાગલપુર અને મુંગેર જિલ્લાઓમાં બે-બે, જમુઇ, પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ અને અરરિયામાં એક-એકનું મોત થયું છે. મુખ્યમંત્રીએ ખરાબ હવામાન દરમિયાન ઘરમાં રહેવાની સલાહ આપી છે. આ ઉપરાંત મુખ્યપ્રધાને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટની સલાહ અને સૂચનો પણ ધ્યાનમાં લેવા જણાવ્યું છે. રાજસ્થાનના પાલી જિલ્લામાં વરસાદને કારણે બાલકની તૂટી પડતા 12 વર્ષના છોકરા અને તેની 6 વર્ષની બહેનનું મોત થયું છે. આ ઘટનામાં અન્ય ત્રણ લોકો ઘાયલ થયા છે તેમ પોલીસે જણાવ્યું હતું.

રાજસ્થાનમાં સૌથી વધુ વરસાદ બાડમેરના સેદવામાં 7 સેમી નોંધવામાં આવ્યો હતો. ધોલપુરમાં 65 મીમી, ચિત્તોડગઢમાં 27.8 મિમી વરસાદ પડયો હતો. કેરળમાં પડી રહેલા ભારે વરસાદને કારણે અનેક મકાનોને નુકસાન થયું છે, અનેક વૃક્ષો ધરાશયી થયા છે. બીજી તરફ રાજ્યની નદીઓ અને ડેમમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું છે.


ભારતીય હવામાન વિભાગે કેરળના સાત જિલ્લાઓમાં ખૂબ જ વધારે વરસાદ પડવાની આગાહી વ્યક્ત કરી ઓરેન્જ એલર્ટ જારી કરી છે. જ્યારે સાત જિલ્લાઓમાં યલો એલર્ટ જારી કરવામાં આવી છે. દિલ્હીમાં આજે મોટે ભાગે વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડયો હતો. શહેરમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.



# NDA ઓમ બિરલા લોકસભાના સ્પીકર, વિપક્ષના કે. સુરેશ હાર્યા

## મોદી-રાહુલ બિરલાને સ્પીકરની ખુરશી સુધી દોરી ગયા

**નવી દિલ્હી**



કેન્દ્રની સત્તાધારી એનડીએના ઉમેદવાર ઓમ બિરલા ફરી એક વખત લોકસભાના સ્પીકરપદે ચૂંટાયા હતા. જેને કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના નેતાઓએ ઓમ બિરલાને શુભેચ્છા પાઠવી હતી. વર્ષો બાદ પ્રથમ વખત એવુ જોવા મળ્યું હતું કે લોકસભાના સ્પીકરપદ માટે વિપક્ષે પણ પોતાના ઉમેદવાર કે. સુરેશને મેદાનમાં ઉતાર્યા હતા. જોકે એનડીએ પાસે બહુમત હોવાથી વિપક્ષના કે સુરેશ હાર્યા હતા. હવે તમામની નજર લોકસભાના ડેપ્યુટી સ્પીકર પદ પર છે. એવા અહેવાલો છે કે વિપક્ષ આ પદ માટે પણ પોતાના ઉમેદવાર જાહેર કરશે. હાલમાં ઓમ બિરલાએ લોકસભાના સ્પીકરનુ પદ સંભાળી લીધુ હતું. જીત બાદ સ્પીકર ઓમ બિરલાને લોકસભાના અધ્યક્ષની ખુરશી પર બેસાડવામાં આવ્યા હતા.

# કેજરીવાલ દોષનો ટોપલો પૂર્વ ઉપમુખ્યમંત્રી સિસોદિયા ઉપર ઢોળી રહ્યા છે : સીબીઆઇ

## સીબીઆઇએ કેજરીવાલની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યા, ત્રણ દિવસની કસ્ટડી

નવી દિલ્હી : એક્સાઈઝ નીતિ કૌભાંડમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુશ્કેલી દિવસે ને દિવસે વધી રહી છે. ઈડીના મની લોન્ડરિંગના કેસ વચ્ચે હવે સીબીઆઇ દ્વારા કેજરીવાલની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરાયા હતા. જેમાં કોર્ટે ત્રણ દિવસની કસ્ટડી મંજૂર કરી હતી.

સીબીઆઈએ કોર્ટમાં એવો દાવો કર્યો હતો કે કેજરીવાલ તમામ દોષનો ટોપલો દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા પર ઢોળી રહ્યા છે. તેઓ કોઇ પણ સવાલનો યોગ્ય રીતે જવાબ નથી આપી રહ્યા. જ્યારે અરવિંદ કેજરીવાલે પોતે કોર્ટમાં દલીલો કરી હતી, આ દરમિયાન તેમણે કહ્યું હતું કે સીબીઆઇ મીડિયામાં હેડલાઇન બનાવવા માટે મનીષ સિસોદિયાનું નામ લઇ રહી છે, મે એવુ કહ્યું જ નથી કે મનીષ સિસોદિયા દોષી છે. સિસોદિયા નિર્દોશ છે, આમ આદમી પાર્ટી નિર્દોશ છે, હું નિર્દોશ છું, સીબીઆઇનો પુરો પ્લાન અમને મીડિયામાં બદનામ કરવાનો છે.

બીજી તરફ પત્ની સુનીતા કેજરીવાલે સોશિયલ મીડિયા ટ્વીટર પર કહ્યું કે મારા પતિને એક્સાઈઝ પોલિસી સાથે સબંધિત મની લોન્ડરિંગ મામલે 20 જૂનના રોજ જામીન મળી ગયા હતા અને EDએ તુરંત સ્ટે લઈ લીધો. બીજા જ દિવસે CBIએ તેમને આરોપી બનાવી દીધા આજે તેમની ધરપકડ કર લેવામાં આવી. આખી સિસ્ટમ એ પ્રયત્નમાં છે કે, કેજરીવાલ જેલમાંથી બહાર ન આવે. આ સરમુખત્યારશાહી છે, આ ઈમરજન્સી છે.

# હિંસાગ્રસ્ત મણિપુરમાં અલગ કેન્દ્ર શાસિત પ્રદેશની માંગ ઉગ્ર, હજારો લોકો રસ્તા પર

**ઈમ્ફાલ**

મણિપુરના પહાડી જિલ્લાઓમાં સેંકડો આદિવાસી કુકી-ઝો લોકો સમુદાય માટે કેન્દ્રશાસિત પ્રદેશ અને રાજ્યમાં ચાલી રહેલા વંશીય સંઘર્ષને સમાપ્ત કરવા માટે રાજકીય ઉકેલની માંગણી સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ વિરોધનું નેતૃત્વ ઈન્ડિજિનસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે કલમ 239 A હેઠળ વિધાનસભા સાથે યુટીની રચના કરવી એ સંઘર્ષનો ઉકેલ હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે ચાલુ સંઘર્ષને રોકવા માટે કેન્દ્રના હસ્તક્ષેપની માંગ



કરી હતી. અત્યાર સુધીમાં મણિપુરમાં ઓછામાં ઓછા 221 લોકોનાં મોત થઈ ચૂક્યા છે અને 50,000થી વધુ લોકો વિસ્થાપિત થઈ ગયા છે. તેઓ તાત્કાલિક ઉકેલની માગણી કરી રહ્યા છે. દેખાવકારોએ જણાવ્યું છે કે જ્યાં સુધી કોઈ રાજકીય ઉકેલ નહીં આવે ત્યાં સુધી રાજ્યમાં શાંતિ સ્થપાશે નહીં. આ માટે કુકી-ઝો લોકો માટે કેન્દ્રશાસિત પ્રદેશની રચના કરવી જરૂરી છે. તેઓ કલમ 239 A હેઠળ યુટીની માગણી કરી રહ્યા છે અને તેવા પ્લેકાર્ડ સાથે તેમણે ઠેકઠેકાણે દેખાવો કર્યા હતા. આ સાથે જ કાંગપોકપી, તેંગનોપલ અને ફિરઝોલ જિલ્લામાં પણ આવી જ રેલીઓ યોજાઈ હતી. ITLF, આદિવાસી સંસ્થાઓના અગ્રણી જૂથે જણાવ્યું હતું કે સરકારે રાજ્યમાં વર્ષોથી ચાલી રહેલા વંશીય સંઘર્ષનો રાજકીય ઉકેલ શોધવાની પ્રક્રિયાને ઝડપી બનાવવી જોઈએ સુરક્ષાની સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી.

# પરિણીત મહિલાઓને નોકરી નહીં આપવા મુદ્દે ફોક્સકોન વિવાદોમાં

## ફોક્સકોન કંપની ભારતમાં આઈફોન મેન્યુફેક્ચરિંગ કરે છે

**હૈદરાબાદ**

ભારતમાં આઈફોન મેન્યુફેક્ચરિંગ કંપની ફોક્સકોન ફરી એકવાર વિવાદમાં આવી છે. આ મામલો પ્લાન્ટમાં પરિણીત મહિલાઓને નોકરી ન આપવા સાથે સંબંધિત છે. મનસુખ માંડવિયાના નેતૃત્વ હેઠળના કેન્દ્રીય શ્રમ મંત્રાલયે Apple સપ્લાયર ફોક્સકોને દક્ષિણી રાજ્યમાં તેના આઈફોન એસેમ્બલી પ્લાન્ટ માટે પરિણીત મહિલાઓને નોકરી પર રાખવાનો ઈનકાર કરી રહી હોવાના મીડિયા અહેવાલો પર તમિલનાડુ સરકાર પાસેથી રિપોર્ટ માંગ્યો છે. શ્રમ મંત્રાલયે રાજ્યના શ્રમ વિભાગ પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે અને ફેડરલ ઓથોરિટી, પ્રાદેશિક મુખ્ય શ્રમ કમિશનરને પણ 'તથ્યપૂર્ણ અહેવાલ' પ્રદાન કરવા કહ્યું છે. શ્રમ મંત્રાલયે કહ્યું કે, 'સમાન મહેનતાણું અધિનિયમ ૧૯૭૬માં રોજગારમાં સ્ત્રી અને પુરુષ વચ્ચેના ભેદભાવને પ્રતિબંધિત કરે છે.' શ્રમ મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, દ્વારા વિવાહિત મહિલાઓને દૂર રાખવાના આરોપની પુષ્ટિ કરવા માટે એક અહેવાલ મંગાવવામાં આવ્યો છે.

# અમરનાથ યાત્રાના રૂટમાં સુરક્ષા માટે 20,000 જવાનો તૈનાત કરવામાં આવશે

**ગુવાહાટી**

અમરનાથ યાત્રાની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આતંકવાદી ઘટનાઓને જોતા યાત્રાના રૂટ પર 20 હજારથી વધુ સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મુસાફરોની સુવિધા માટે વિવિધ સ્થળોએ આવાસ અને લંગરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રાના રૂટ પર DRDO હોસ્પિટલો પણ શરૂ કરવામાં આવી છે. આ વર્ષે ભગવાન ભોલેનાથના પ્રાકૃતિક સ્વરૂપ અમરનાથના દર્શન માટેની યાત્રા 29 જૂનથી શરૂ થઈ રહી છે. આ 52 દિવસીય અમરનાથ યાત્રાને સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. પોઈન્ટ ઝીરોથી પવિત્ર ગુફા સુધીના બંને માર્ગો પર ભક્તો માટે લંગર, કેમ્પ અને હોસ્પિટલ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે.

# જમ્મુ-કાશ્મીરના ડોડામાં સેનાને મોટી સફળતા મળી, 3 આતંકવાદીઓ ઠાર

**જમ્મુ-કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લાના જંગલ વિસ્તારમાં સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા છે. આ પહેલા 11 અને 12 જૂનના રોજ ડોડામાં આતંકીઓએ હુમલો કર્યો હતો, ત્યારબાદ સેના, CRPF અને જમ્મુ-કાશ્મીર પોલીસ સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી.

11 જૂને ડોડામાં આતંકીઓએ આર્મી-પોલીસ ચોકી પર હુમલો કર્યો હતો, જેમાં 6 સુરક્ષાકર્મીઓ ઘાયલ થયા હતા. આ પછી આતંકવાદીઓએ 12 જાન્યુઆરીના રોજ ગંડોહના કોટા ટોપમાં એક પોલીસકર્મીને ઘાયલ કર્યો હતો. આ પછી, સુરક્ષા દળોએ તેમની આતંકવાદ વિરોધી કામગીરીને વધુ તીવ્ર બનાવી અને જિલ્લામાં ઘૂસણખોરી કરનારા અને સક્રિય રહેલા ચાર પાકિસ્તાની આતંકવાદીઓ પર દરેકને 5 લાખ રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત કરી. અધિકારીએ જણાવ્યું કે પોલીસે સુરક્ષા દળોની મદદથી બુધવારે સવારે સિનુ પંચાયત ગામમાં ઓપરેશન શરૂ કર્યું, પરંતુ એક માટીના મકાનમાં છુપાયેલા આતંકવાદીઓ તરફથી ભારે ગોળીબાર કરવામાં આવ્યો, જેના પછી સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી હતી.

# લાલકૃષ્ણ અડવાણીને અંતે હોસ્પિટલમાંથી રજા અપાઈ

**નવી દિલ્હી**

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી ડિસ્ચાર્જ થઈને ઘરે આવી ગયા છે. ૯૬ વર્ષિય અડવાણીને બુધવારે મોડી રાતે દિલ્હીની એઈમ્સમાં દાખલ કર્યા હતા. જ્યાં તેમને સારવાર બાદ બપોરે રજા આપી દેવામાં આવી છે. એઈમ્સના એમએસ ડો. સંજય લાલવાની તરફથી આપવામાં આવેલી જાણકારીમાં કહેવાયું છે કે, પૂર્વ નાયબ વડાપ્રધાન અડવાણીની હાલત સ્થિર થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. ડો. લાલવાનીએ કહ્યું કે, યૂરોલોજી સંબંધિત અમુક તકલીફોના કારણે પૂર્વ નાયબ વડાપ્રધાનને એઈમ્સના જૂના ખાનગી વોર્ડમાં ભારતી કરાવ્યા હતા, જ્યાં યૂરોલોજી વિભાગના ડોક્ટર્સની દેખરેખમાં રાખવામાં આવ્યા. હાલમાં અડવાણીની હાલત સ્થિર છે અને તેઓ ઠીક છે.

# નીટ પેપર લીકના ગુનેગારોને સજા અપાવવા સરકાર પ્રતિબદ્ધ છે : રાષ્ટ્રપતિ મુર્મુનો હુંકાર

**નવી દિલ્હી**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગુરુવારે લોકસભા અને રાજ્યસભાના સંયુક્ત ગૃહને સંબોધિત કર્યું હતું. ૧૮મી લોકસભાની રચના બાદ રાષ્ટ્રપતિનું આ પ્રથમ સંબોધન છે. જેમાં તેમણે કહ્યું કે, સુધારા, પ્રદર્શન અને પરિવર્તનના સંકલ્પે આજે ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનાવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, છ દાયકા બાદ દેશમાં પૂર્ણ બહુમતવાળી સ્થિર સરકાર બની છે. લોકોએ આ સરકારમાં ત્રીજી વખત વિશ્વાસ વ્યક્ત કર્યો છે. લોકો જાણે છે કે માત્ર આ સરકાર જ તેમની આકાંક્ષાઓ પૂરી કરી શકે છેપ ૧૮મી લોકસભા ઘણી રીતે ઐતિહાસિક લોકસભા છે. તેમણે કહ્યું, આ લોકસભાની રચના અમૃતકલના શરૂઆતના વર્ષોમાં થઈ હતી. આ લોકસભા દેશના બંધારણને અપનાવવાના ૭૫મા વર્ષની સાક્ષી બનશેપઆગામી સત્રોમાં, આ સરકાર તેના કાર્યકાળનું પ્રથમ બજેટ રજૂ કરવા જઈ રહી છે. આ બજેટ સરકારની દૂરગામી નીતિઓ અને ભાવિ વિઝનનો અસરકારક દસ્તાવેજ બની રહેશે. આ બજેટમાં મોટા આર્થિક અને સામાજિક નિર્ણયોની સાથે અનેક ઐતિહાસિક પગલાં પણ જોવા મળશે. હાલNEET જેવા પેપરો લીક થયા છે ત્યારે પેપર લીકના મામલે રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂએ તેમના સંબોધનમાં પેપર લીકનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, 'સરકાર પેપર લીકની ઘટનાઓની નિષ્પક્ષ તપાસ કરવા અને દોષિતોને કડક સજા આપવા માટે પ્રતિબદ્ધ છે. અગાઉ ઘણા રાજ્યોમાં પેપર લીકની ઘટનાઓ બની છે. પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને આ મુદ્દે દેશવ્યાપી નક્કર પગલાં લેવાની જરૂર છે.

# NEET વિવાદ અંગે ભાજપ-જેડીયુના નેતાઓના નામ ખુલતાં ખળભળાટ

**નવી દિલ્હી**

મેડિકલ કોલેજોમાં એડમિશન માટેની NEETનાં પેપર એક-બે નહીં પણ પાંચ રાજ્યોમાં ફૂટયાં હોવાનું અત્યાર સુધીની તપાસમાં બહાર આવતાં પહેલા લેવાયેલી પરીક્ષા રદ કરીને આખી પરીક્ષા નવેસરથી લેવાની માગ બુલંદ બની છે. પેપર લીકમાં બિહાર ભાજપ-જેડીયુના નેતાઓના નામ ખૂલી રહ્યાં છે. પેપર ફોડીને કરાયેલા ભ્રષ્ટાચારનાં નાણાં લોકસભાની ચૂંટણીમાં વપરાયાં હોવાનો પણ આક્ષેપ થયો છે. નીટ પેપર લીક કૌભાંડનો સૂત્રધાર સંજીવ મુખિયાનો પુત્ર શિવ ડોક્ટર છે જ્યારે અન્ય આરોપી સિકંદર યાદવની દીકરી અને જમાઈ પણ ડોક્ટર છે. આ બંને કૌભાંડ દ્વારા એડમિશન મેળવીને તો ડોક્ટર નથી બન્યાં ને એ સવાલ ઉઠયો છે. ડો. શિવ આ કેસમાં સંડોવાયેલો હોવા છતાં તેને બારોબાર જામીન મળી જતાં નીતિશ કુમાર અને ચિરાગ પાસવાન બંને શંકાના દાયરામાં છે. નીટ પેપર લીક કાંડનો બીજો સૂત્રધાર અમિત આનંદ બિહાર ભાજપના દિગ્ગજ નેતા ડો. સંજય જયસ્વાલનો કાર્યાલય મંત્રી છે. તેની પણ નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સાથેની તસવીરો વાયરલ થઈ છે.

# ઝારખંડના જમશેદપુર નજીક કારની અડફેટે જૈન સાધ્વીજી કાળધર્મ પામ્યાં

**જમશેદપુર**

ઝારખંડના જમશેદપુર નજીકથી સવારના પાંચ વાગ્યે વિહાર કરીને જઈ રહેલાં ખરતરગચ્છ જૈન સમાજનાં સાધ્વીજી શશિપ્રભાજી મહારાજસાહેબ રોડ-અકસ્માતમાં કાળધર્મ પામ્યાં હતાં, જ્યારે તેમની સાથે વિહાર કરી રહેલાં સાધ્વીજી જાગૃત દર્શનાશ્રીજી મહારાજસાહેબ અને સાધ્વીજી શશિપ્રભાજી મહારાજસાહેબની વ્હીલચેર ચલાવી રહેલી મહિલા બન્નેને કલકત્તાની હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યાં હતાં. બન્નેની હાલત ગંભીર છે. સાધ્વીજી શશિપ્રભાજી મહારાજસાહેબના અંતિમ સંસ્કાર ગઈ કાલે સવારે આઠ વાગ્યે દુર્ઘટનાસ્થળથી ૪૦ કિલોમીટર દૂર ખડગપુરમાં કરવામાં આવ્યા હતા. આ બનાવની માહિતી આપતાં સાધ્વીજીના તાતાનગરના ભક્ત પદમસિંહ ચૌધરીએ કહ્યું હતું કે 'આ દુર્ઘટના ગઈ કાલે સવારે પાંચ વાગ્યે બની હતી. સાધ્વીજી શશિપ્રભાજી મહારાજસાહેબ ગઈ કાલે તેમની સેવક શિષ્યા સાધ્વીજી જાગૃત દર્શનાશ્રીજી મહારાજસાહેબ સાથે પૂર્વ મેદિનીપુર જિલ્લાના પંસકુરા પોલીસ-સ્ટેશન હેઠળના ખડગપુર-જનાબાદ બાયપાસથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે એક પ્રાઈવેટ કારે સાધ્વીજીઓને ટક્કર મારી હતી.

# સાત વર્ષમાં 37 લાખ ઔદ્યોગિક એકમ બંધ 1.34 કરોડ લોકો બેકાર થયા : NSS સર્વે

**નવી દિલ્હી**

એનએસએસ 67મા અને 73મા રાઉન્ડના સર્વે રિપોર્ટ સાથે સાથે ASUSE 2021-22 અને ASUSE 2022-23નો ડેટા દર્શાવે છે કે નોટબંધી, જીએસટી અને કોવિડ લોકડાઉનના કારણે કૉર્પોરેટ સેક્ટરને ઘણા ઝટકા લાગ્યા છે.

ભારતમાં બેરોજગારી દર ઘણો ઉંચો છે. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના વિશ્લેષણથી જાણવા મળે છે કે છેલ્લા સાત વર્ષમાં 37 લાખ નાના ઉદ્યોગો બંધ થઈ ગયા છે અને તેમાં કામ કરતા 1 કરોડ 34 લાખ લોકો બેકાર થયા છે.

આ આંકડો નાના અસંગઠિત એકમો અથવા ઉત્પાદન, વેપાર અને સેવા ક્ષેત્ર સાથે સંબંધિત નાના વ્યવસાયો સાથે સંકળાયેલા લોકોનો છે. માત્ર મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં જ 18 લાખ યુનિટ બંધ થયા હતા, જેના કારણે 54 લાખ લોકો બેરોજગાર થઈ ગયા હતા.

ઓક્ટોબર 2022 થી સપ્ટેમ્બર 2023 દરમિયાન દેશના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં લગભગ 17.82 કરોડ અસંગઠીત એકમો કાર્યરત હતા. જુલાઈ 2015થી જૂન 2016 વચ્ચે તેમની સંખ્યા 19.70 કરોડ હતી. એટલે કે સાત વર્ષમાં લગભગ 9.3 ટકા એકમો બંધ થયા હતા.

તો બીજી બાજુ આ મેન્યુફેક્ચરિંગ એકમોમાં નોકરી કરતા લોકોની સંખ્યા પણ 2015-16ના 3.60 કરોડથી 15 ટકા ઘટીને 2022-23માં 3.06 કરોડ થઈ ગઈ છે. એટલે કે આ ઔદ્યોગિક ક્ષેત્રમાં કામ કરતા 54 લાખ લોકો બેકાર થયા છે. ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે વર્ષ 2021-22 અને 2022-23 માટે અનઈન્કોર્પોરેટેડ સેક્ટર એન્ટરપ્રાઈઝિસ (ASUSE)નો વાર્ષિક સર્વે જાહેર કર્યો છે.

# કરોડોની છેતરપિંડીમાં CBIની કાર્યવાહી બેંક મેનેજર સહિત ચાર કર્મચારી સામે કેસ

**દીશપુર**

કેન્દ્રીય તપાસ એજન્સી - CBIએ કરોડોની બેંક છેતરપિંડીના કેસમાં મોટી કાર્યવાહી કરી છે. એજન્સીએ બેંકના પૂર્વ સહાયક મેનેજરો સહિત ચાર લોકો સામે કેસ દાખલ કર્યો છે. સીબીઆઈએ આ મામલે આરોપીઓના નિવાસસ્થાને દરોડો પણ પાડ્યો છે અને વધુ તપાસ હાથ ધરી છે.

સીબીઆઈના પ્રવક્તાએ જણાવ્યું કે, 'બેંકમાં કરોડોની છેતરપિંડીના આરોપમાં ગ્રામીણ વિકાસ બેંક (આસામ) ના ત્રણ પૂર્વ સહાયક મેનેજરો સહિત ચાર લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત આરોપીઓના નિવાસસ્થાને દરોડાઓ પણ પાડવામાં આવ્યા છે. આરોપીઓ સામે બેંકને 8.28 કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડવાનો આક્ષેર કરાયો છે. હાલ અમારી ટીમ વધુ તપાસ કરી રહી છે.'




સીબીઆઈએ જણાવ્યું કે, આરોપીઓએ બેઈમાની અને છેતરપિંડી કરી નકલી સ્વસહાય જૂથના બેંક ખાતાઓમાં રકમ જમા કરાવી હતી. ત્યારબાદ આરોપીઓમાંથી એક સહાયક મેનેજરે તે ખાતાઓમાં પડેલી રકમ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી હતી. આમ આરોપીઓએ બેંકને કથિત રીતે 8,28,42,900 રૂપિયાનું નુકસાન પહોંચાડી છેતરપિંડી આચરી છે.

# ઘાટકોપર હોર્ડિંગ કૌભાંડમાં IPS ઑફિસર કૈસર ખાલિદ સસ્પેન્ડ

**મુંબઈ**

ઘાટકોપર હોર્ડિંગ કૌભાંડમાં કથિત ભૂમિકાનો આરોપ થયા બાદ ગઈ કાલે ૧૯૯૭ના બૅચના IPSઅધિકારી કૈસર ખાલિદને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઘાટકોપર-ઈસ્ટમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ૧૩ મેએ ભારત પેટ્રોલિયમ કૉર્પોરેશન લિમિટેડના પેટ્રોલ-પમ્પની બહાર ઈગો મીડિયા દ્વારા ઊભું કરાયેલું હોર્ડિંગ ધરાશાયી થયું હતું જેમાં ૧૭ લોકોનાં મૃત્યુ થવા સાથે ૭૫ કરતાં વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ત્યાર બાદ રાજ્ય સરકાર દ્વારા આ ઘટનાની તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરીને તપાસ કરવામાં આવતાં કૈસર ખાલિદનાં પત્નીની કંપની અને ઈગો મીડિયા વચ્ચે નાણાકીય વ્યવહારોના પુરાવા મળી આવ્યા હોવાનો આરોપ એસઆઈટી દ્વારા કરવામાં આવ્યો હતો. ઘાટકોપરની દુર્ઘટના બાદ એસઆઈટીએ ઈગો મીડિયાના ડિરેક્ટર સહિત પાંચ લોકોની ધરપકડ કરી હતી. તપાસમાં એસઆઈટીને જાણવા મળ્યું હતું કે ઈગો મીડિયા પ્રાઈવેટ લિમિટેડના ભાવેશ ભિંડેએ નાણાકીય વર્ષ ૨૦૨૨-'૨૩માં ગોવંડીસ્થિત માહપરા ગાર્મેન્ટ્સમાં ૪૬ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

# તેજસ અને રાફેલ ફાઈટર જેટની સાથે જોડવા રુદ્રમ-1 મિસાઈલ આવશે

**નવી દિલ્હી**

પોતાના ફાઈટર જેટ્સ રાફેલ અને તેજસ એમકે-1એમાં રુદ્રમ-1 મિસાઈલ જોડવાની યોજના બનાવી રહ્યું છે. રુદ્રમ-1 નવી જનરેશન એન્ટી-રેડિએશન મિસાઈલ છે, જેને હવામાંથી જમીન પર પ્રહાર કરવા માટે બનાવવામાં આવી છે. આ મિસાઈલ જોડાવાથી ભારતીય વાયુસેનાની તાકાત અનેક ઘણી વધી જશે. કારણ કે, રુદ્રમ મિસાઈલ સુપરસોનિક પણ છે અને હાઈપરસોનિક પણ છે. જો રુદ્રમ-1 મિસાઈલની વાત કરીએ તો 600 કિલોગ્રામ વજન વાળી આ મિસાઈલની લંબાઈ 18 ફૂટ છે. તેમાં 55 કિલોગ્રામ વજનની પ્રી-ફ્રેગમેન્ટેડ વોરહેડ લગાવવામાં આવે છે. રુદ્રમ-1 મિસાઈલની રેન્જ 150 કિલોમીટર છે.

# બે આતંકી પંજાબમાં ઘૂસ્યા, બંદુક દેખાડી ડરાવીને ભોજન બનાવડાવ્યું

## બન્ને આતંકીઓ પઠાણકોટ તરફ ભાગી ગયા

**અમૃતસર**

પંજાબની પાક. સરહદેથી આતંકીઓ ઘૂસ્યા હોવાના અહેવાલો બાદ પંજાબ પોલીસ એલર્ટ થઈ ગઈ છે. સરહદ નજીકના ગુરદાસપુર અને પઠાણકોટમાં હાઈ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે કેટલાક ગ્રામજનોએ અમને જણાવ્યું છે કે આતંકીઓ તેમના વિસ્તારમાં ઘૂસ્યા હતા, એટલુ જ નહીં ગામના લોકોને બંદુક દેખાડીને તેમની પાસે ભોજન પણ બનાવડાવ્યું હતું. જેને ખાયા બાદ આતંકીઓ ભાગી ગયા હતા.

પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદ પાસેના એક ગામ કોટ બાઠિયાંમાં એક સ્થાનિક રહેવાસીએ પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફોન કરીને જાણકારી આપી હતી કે તેણે વિસ્તારમાં બુકાનીધારી લોકોને બંદુક સાથે જોયા છે. બન્ને પાસે મોટા પ્રમાણમાં હથિયારો પણ હતા. પહેલા બન્નેએ મને બંદુક દેખાડી હતી અને બાદમાં ભોજન તૈયાર કરવા માટે કહ્યું હતું. ભોજન કર્યા બાદ બન્ને આતંકીઓ સ્થળ પરથી ભાગી ગયા અને પઠાણકોટ તરફ ગયા હતા.

# ક્રિકેટર અને 6 વાર ચૂંટણી હારનારા બાઈચુંગ ભુટિયા રાજકારણમાંથી સંન્યાસ લેશે

**સિક્કિમ**

ફૂટબોલર અને સિક્કિમનાં રાજકારણમાં પગ જમાવવાનો પ્રયાસ કરનારા બાઈચુંગ ભુટિયાએ આખરે ચૂંટણી રાજકારણથી સંન્યાસની જાહેરાત કરી દીધી છે. મોટું એલાન કરતાં બાઈચુંગે કહ્યું કે મને અહેસાસ થઈ ગયો છે કે હું રાજકારણ માટે નથી જન્મ્યો અને 2024ની ચૂંટણીના પરિણામો બાદ હવે આખરે હું રાજકારણ છોડી રહ્યો છું. દિગ્ગજ ફૂટબોલર બાઈચુંગ ભુટિયાએ એક નિવેદન જાહેર કરી જણાવ્યું કે હું તાત્કાલિક અસરથી રાજકારણથી મુક્ત થઈ રહ્યો છું. સિક્કિમ વિધાનસભા ચૂંટણીમાં 10 વર્ષમાં મેં છઠ્ઠી વખત પરાજયનો સ્વાદ ચાખ્યો છે. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં તેમણે સિક્કીમ ડેમોક્રેટિક પાર્ટી તરફથી બારફુંગ વિધાનસભા બેઠક પર ચૂંટણી લડી હતી.

# ૩૨ વર્ષમાં દક્ષિણ આફ્રિકા પ્રથમ વખત ફાઈનલમાં

## અફઘાનિસ્તાને સેમિફાઇનલમાં અત્યાર સુધીનો સૌથી લોએસ્ટ સ્કોર નોંધાવ્યો

**। તારોબા (ટ્રિનિદાદ) ।**

બોલર્સના ઘાતક પ્રદર્શન બાદ ટોચના બેટ્સમેનોની આકર્ષક બેટિંગની મદદથી સાઉથ આફ્રિકાએ પ્રથમ સેમિફાઈનલમાં અફઘાનિસ્તાનને નવ વિકેટે હરાવીને આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. આફ્રિકન ટીમ ૩૨ વર્ષના ગાળામાં પ્રથમ વખત સેમિફાઈનલમાં વિજય મેળવી શકી છે. આ પહેલાં તે સાત વખત સેમિફાઈનલમાં પહોંચી હતી અને છ વખત તેનો પરાજય થયો હતો. ૧૯૯૯માં ઓસ્ટ્રેલિયા સામેની એક મેચ ટાઈ થઈ હતી. બ્રાયન લારા સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં સેમિફાઈનલના દબાણ હેઠળ અફઘાનિસ્તાનની પૂરી ટીમ ૧૧.૫ ઓવરમાં માત્ર ૫૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ટી૨૦ વર્લ્ડ કપની


આફ્રિકન ટીમે ૮.૫ ઓવરમાં એક વિકેટે ૬૦ રન બનાવીને ટીમને વિજય મેળવી લીધો હતો. વર્તમાન ટૂર્નામેન્ટમાં સાઉથ આફ્રિકા અને ભારતીય ટીમ અજેય રહી છે. છેલ્લે સાઉથ આફ્રિકા ૨૦૧૪માં સેમિફાઈનલમાં હારી ગઈ હતી. ટાર્ગેટ ચેઝ કરવા મેદાને પડેલી આફ્રિકન ટીમે પાંચ રનના સ્કોરે ડી કોક(૫)ની વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ રેઝા હેન્ડ્રિક્સ (૨૯) તથા સુકાની માર્કરામે (૨૩) બીજી વિકેટ માટે અણનમ ૫૫ રનની ભાગીદારી નોંધાવીને ટીમને વિજય અપાવી દીધો હતો. ૧૬ રનમાં ત્રણ વિકેટ ઝડપનાર માર્કો જાનસેનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.




# સૂર્યકુમારને પાછળ રાખી ટ્રેવિસ હેડ ટી-૨૦માં નંબર-૧ બેટ્સમેન બન્યો

**। દુબઈ ।**

ઓસ્ટ્રેલિયન ઓપનર ટ્રેવિસ હેડ આઈસીસીની નવી રેન્કિંગમાં ભારતના સૂર્યકુમાર યાદવને પાછળ રાખીને વિશ્વનો પ્રથમ ટી૨૦ બેટ્સમેન બની ગયો છે. સૂર્યકુમાર ૨૦૨૩ના ડિસેમ્બરથી પ્રથમ સ્થાને હતો. ટ્રેવિસ હેડે વર્તમાન વર્લ્ડ કપમાં બે અડધી સદીની મદદથી ૨૫૫ રન બનાવ્યા હતા જેમાં સુપર-૮ મુકાબલામાં ભારત સામે ૭૬ રનની ઈનિંગ પણ સામેલ છે. હેડ સૂર્યકુમાર (૮૪૨ પોઈન્ટ) બે

અંક આગળ છે. ભારત સેમિફાઈનલમાં પ્રવેશ્યું હોવાના કારણે સૂર્યકુમાર પાસે ફરીથી નંબર-૧ બનવાની તક રહેશે. ઈંગ્લેન્ડનો ફિલ સોલ્ટ અને પાકિસ્તાનનો બાબર આઝમ પણ ટોપ-પમા છે. ભારતનો પેસ બોલર જસપ્રીત બુમરાહ ૪૪ ક્રમાંકની આગેકૂચ કરીને ૨૪મા ક્રમે પહોંચ્યો છે. સ્પિનર કુલદીપ યાદવ ૨૦ ક્રમાંકના ફાયદા સાથે ૧૧મા સ્થાને છે. સ્પિન ઓલરાઉન્ડર અક્ષર પટેલ આઠમા સ્થાન સાથે ભારતનો ટોચનો બોલર છે. ઈંગ્લેન્ડનો આદિલ રાશિદ બોલર્સમાં નંબર-૧ સ્થાને છે. અફઘાનિસ્તાનનો સુકાની રાશિદ ખાન બીજા ક્રમે છે. ઓલરાઉન્ડર્સમાં થોડાક સમય માટે પ્રથમ સ્થાને રહ્યા બાદ સ્ટોનિસ ચોથા ક્રમે સરકી ગયો છે. ભારતનો હાર્દિક પંડયા ત્રીજા ક્રમાંકે છે.

# કાઉન્ટી ક્રિકેટ : રોબિન્સને એક ઓવરમાં ૪૩ રન આપ્યા

**। લંડન ।**

ઈંગ્લેન્ડની કાઉન્ટી ક્રિકેટમાં બોલર્સની ધોલાઈ જારી રહી છે. તાજેતરમાં ઈંગ્લેન્ડના સ્પિનર શોએબ બશીરે લેસ્ટરશાયર તરફથી રમતી વખતે એક ઓવરમાં ૩૮ રન આપ્યા હતા. હવે ઈંગ્લેન્ડના પેસ બોલર ઓલી રોબિન્સનની ચોમેર ધોલાઈ થઈ હતી અને સસેક્સ તરફથી રમનાર આ બોલરને લેસ્ટરશાયરના બેટ્સમેન કિમ્બરે રોબિન્સનની એક ઓવરમાં ૪૩ રન ફટકારવા ઉપરાંત ૯૧ બોલમાં અણનમ ૧૯૦ રન બનાવી લીધા હતા. ઓલી રોબિન્સને નાખેલી ૫૯મી ઓવરમાં બે છગ્ગા અને ચાર ચોગ્ગા નોંધાયા હતા. તેણે ઓવરમાં ત્રણ નો-બોલ પણ નાખ્યા હતા જેની ઉપર કિમ્બરે બાઉન્ડ્રી ફટકારી હતી.



**ઓલી રોબિન્સનની ઓવર**

૫૮.૧ : સિક્સર
૫૮.૨ : નો-બોલ, બાઉન્ડ્રી
૫૮.૨ : બાઉન્ડ્રી
૫૮.૩ : સિક્સર
૫૮.૪ : બાઉન્ડ્રી
૫૮.૫ : નો-બોલ,બાઉન્ડ્રી
૫૮.૫ : બાઉન્ડ્રી
૫૮.૬ : નો-બોલ, બાઉન્ડ્રી
૫૮.૬ : એક રન

# રહાણે લેસ્ટરશાયર માટે કાઉન્ટી ક્રિકેટ અને વન-ડે કપ રમશે

**। લેસ્ટર (ઈંગ્લેન્ડ) ।**

ભારતનો અનુભવી ક્રિકેટર અજિંક્ય રહાણેએ વર્તમાન સિઝનના બીજા ભાગમાં ઈંગ્લિશ કાઉન્ટી લેસ્ટરશાયર સાથે કરાર કર્યો છે. તે કાઉન્ટી ચેમ્પિયનશિપની અંતિમ પાંચ મેચ ઉપરાંત વન-ડે કપમાં પણ રમશે. લેસ્ટર વન-ડે કપની ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. રહાણે ૩૬ વર્ષીય વિયાન મુલ્ડરનું સ્થાન લેશે. મુલ્ડર ઓગસ્ટમાં સાઉથ આફ્રિકન ટીમ સાથે વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસે જશે. રહાણેએ તમામ ફોર્મેટમાં (પ્રથમ શ્રેણી, લિસ્ટ-એ તથા ટી૨૦) ૨૬ હજારથી વધારે રન અને ભારતીય ટીમ માટે તમામ ફોર્મેટમાં ૧૫ સદી સાથે આઠ હજાર કરતાં વધારે રન નોંધાવ્યા છે.

# દુનિયાના નં. 1 પેરા બેડમિન્ટન ખેલાડી બની આઈએએસ યતિરાજે ઈતિહાસ રચ્યો

**નવીદિલ્હી**

મંગળવારે BWF પેરા બેડમિન્ટન વર્લ્ડ રેન્કિંગમાં ફ્રેન્ચ દિગ્ગજ લુકાસ માઝુરને પાછળ છોડીને સુહાસ યતિરાજે વિશ્વનો નંબર વન ખેલાડી બન્યા છે. ઉત્તર પ્રદેશ કેડરના આ IAS અધિકારીએ આ વર્ષે ફેબ્રુઆરીમાં ઈન્ડોનેશિયાના ફ્રેડી સેટિયાવાનને હરાવીને વર્લ્ડ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો.



ટોક્યો પેરાલિમ્પિક્સની SL-4 કેટેગરીની ટાઈટલ મેચમાં 40 વર્ષીય અર્જુન પુરસ્કાર વિજેતા સુહાસે લુકાસ માઝુર સામે હારનો સામનો કરતા સિલ્વર મેડલથી કામ ચલાવ્યું પડ્યું હતું. સુહાસના નામે હવે 60 હજાર 527 પોઈન્ટ છે જે લુકાસ માઝુર (58 હજાર 953) કરતા વધુ છે. સુહાસે X પર ખુશી વ્યક્ત કરતા લખ્યું હતું કે, ‘ફાઈનલી વિશ્વનો નંબર વન, મને જણાવતા આનંદ થાય છે કે મારા જીવનમાં મેં પ્રથમ વખત, હું બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન પેરા બેડમિન્ટન રેન્કિંગમાં મેન્સ સિંગલ્સમાં નંબર વન રેન્કિંગ મેળવ્યું છે.

# પેરિસ ઓલિમ્પિક માટે ભારતના ૧૬ સભ્યની મેન્સ હોકી ટીમ જાહેર

**। નવી દિલ્હી ।**


હોકી ઈન્ડિયાએ આગામી મહિને યોજાનારી પેરિસ ઓલિમ્પિક માટે ૧૬ સભ્યની ટીમ જાહેર કરી છે જેમાં હરમનપ્રીતસિંહને સુકાની તથા હાર્દિકસિંહને ઉપસુકાની બનાવવામાં આવ્યો છે. ટીમમાં ગોલકીપર તરીકે પીઆર શ્રીજેશ છે. ડિફેન્ડર્સમાં જરમનપ્રીત સિંહ, અમિત રોહિદાસ, હરમનપ્રીતસિંહ, સુમિત અને સંજય, મિડફિલ્ડરમાં રાજકુમાર પાલ, શમશેરસિંહ, મનપ્રીતસિંહ, હાર્દિક સિંહ, વિવેક સાગર પ્રસાદ, ફોરવર્ડમાં અભિષેક, સુખજિતસિંહ, લલિતકુમાર ઉપાધ્યાય, મન્દીપસિંહ તથા ગુરજંતસિંહનો સમાવેશ કરાયો છે. રિઝર્વ ખેલાડીઓમાં નીલકાંત શર્મા, જુગરાજસિંહ તથા કૃષ્ણ બહાદુર પાઠકને સામેલ કરાયા છે.

# જ્યોર્જિયાએ અપસેટ સર્જ્યો : રોનાલ્ડોની પોર્ટુગલ ૨-૦થી હારી

## રોનાલ્ડો પ્રથમ વખત ગ્રૂપ સ્ટેજમાં ગોલ કરવાથી વંચિત રહ્યો, બેલ્જિયમ અને યૂક્રેનની મેચ 0-0થી ડ્રો રહી

**બર્લિન**

મેચ પહેલાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સાથેની સામાન્ય વાતચીત દ્વારા પેરિત થયેલા ખ્વિચા કવારાત્સખેલિયાએ પોતાની ટીમ જ્યોર્જિયાને યૂરો કપ ફૂટબોલ ટૂર્નામેન્ટની અંતિમ-૧૬ રાઉન્ડમાં પહોંચાડી દીધી હતી. જ્યોર્જિયાએ યૂરો કપનો મેજર અપસેટ સર્જીને પોર્ટુગલને ૨-૦થી હરાવી હતી. સાત નંબરની જર્સી પહેરનાર ખ્વિચાને મેચ પહેલાં રોનાલ્ડોની ટી-શર્ટ ગિફ્ટમાં પણ મળી હતી અને તેણે મેચની બીજી જ મિનિટે ગોલ કરીને જ્યોર્જિયાને ૧-0ની લીડ અપાવી હતી. રોનાલ્ડો ત્રણ મેચમાં હજુ




સુધી એક પણ ગોલ નોંધાવી શક્યો નથી. નોકઆઉટમાં પહોંચવા જ્યોર્જિયાએ આ મુકાબલો કોઈ પણ ભોગે જીતવાનો હતો. જ્યોર્જેસ મિકાઉતાત્ઝેએ ૫૭મી મિનિટે ગોલ કરીને ટીમનો ૨-0થી વિજય નિૃતિ કરી લીધો હતો. યૂરો કપ ૨૦૨૪માં ગ્રૂપ સ્ટેજમાં રોમાનિયા અને સ્લોવાકિયા વચ્ચેનો મુકાબલો ડ્રો રહ્યો હતો.

### ચેક રિપબ્લિક અને તુર્કીની મેચમાં 18 યલો-રેડ કાર્ડ અપાયાં

**હેમબર્ગ :** યૂરો કપ ૨૦૨૪ ફૂટબોલના ગ્રૂપ-એફમાં તુર્કી અને ચેક રિપબ્લિક વચ્ચે રમાયેલી મેચમાં વિક્રમી ૧૮ યલો તથા રેડ કાર્ડ આપવામાં આવ્યા છે અને યૂરો કપના ઇતિહાસમાં આ મુકાબલો કાળા અધ્યાય તરીકે લખાયો છે. તુર્કીએ ચેક રિપબ્લિકને ૨-૧થી હરાવીને નોકઆઉટ માટે ક્વોલિફાય કર્યું હતું. તુર્કી માટે હાકાન કાલહાનગ્લુએ ૫૧મી તથા ચેન્ક તોસુને ૯૪મી મિનિટે ગોલ કર્યો હતો. ચેક રિપબ્લિક માટે થોમસ ચોરીએ ૯૮મી મિનિટે ગોલ કર્યો હતો. રેફરી ઇસ્તાવાન કોવાસે ૨૦મી મિનિટે ચેક ખેલાડી એન્ટોનિન બારાકને ૨૦મી મિનિટે રેડ કાર્ડ આપ્યું હતું જે યૂરો કપના ઇતિહાસનું ફાસ્ટેસ્ટ રેડ કાર્ડ છે. મેચમાં કુલ ૧૬ યલો તથા બે રેડ કાર્ડ આપવામાં આવ્યા હતા. રસપ્રદ બાબત એ છે કે પાંચ ખેલાડીઓ જેઓ મેદાનમાં રમવા માટે ઉતર્યા નહોતા તેમને પણ યલો કાર્ડ આપવામાં આવ્યા હતા. કોવાસને મેચના અંત ભાગમાં બીજું રેડ કાર્ડ આપવામાં આવ્યું હતું જેના કારણે તે આગામી મુકાબલો ગુમાવશે.

# પાકિસ્તાનમાં હીટવેવથી 4 દિવસમાં 450 લોકોનાં મોત

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં હીટવેવને કારણે મોતનો સિલસિલો યથાવત છે. કરાચીમાં છેલ્લા ચાર દિવસમાં ગરમીને કારણે 450 લોકોનાં મોત થયા છે તેમ એક અગ્રણી એનજીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. ઈદી ફાઉન્ડેશને એક નિવેદનમાં જણાવ્યું છે કે તેને શનિવારથી મંગળવાર સુધીમાં 427 મૃતદેહો મળી આવ્યા છે. આ ઉપરાંત સિંધ સરકારે મંગળવારે ત્રણ સરકારી હોસ્પિટલોમાંથી 23 મૃતદેહો જારી કર્યા હતાં.

પાકિસ્તાનના દરિયાકાંઠે આવેલા કરાચી શહેરમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધારે નોંધવામાં આવી રહ્યું છે. દરિયાકાંઠાના આ શહેર માટે 40 ડિગ્રી તાપમાનને ખૂબ જ વધારે ગણવામાં આવે છે.એનજીઓએ જણાવ્યું છે કે તે કરાચીમાં હાલમાં ચાર શબઘરો ચલાવી રહ્યાં છે. જો કે એટલી મોટી સંખ્યામાં મૃતદેહો આવી રહ્યાં હોવાથી હવે શબઘરોમાં જગ્યા વધી નથી. એનજીઓનું માનવું છે કે મોટા ભાગના મૃતદેહો ઘરવિહોણા લોકો અને ડ્રગ્સનું સેવન કરનારા લોકોનાં છે.

એનજીઓને સોમવારે 128 અને મંગળવારે 135 મૃતદેહો મળ્યા હતાં. હીટવેવની વચ્ચે કરાચીના લોકો વીજકાપની સમસ્યાનો પણ સામનો કરવો પડી રહ્યો છે. કરાચી ઈલેક્ટ્રિકના જણાવ્યા અનુસાર સિંધ સરકારે 10 અબજ રૂપિયાની બાકી રકમ હજુ સુધી ચુકવી નથી.

## અમેરિકામાં એટલી ગરમી પડી કે મીણમાંથી બનાવાયેલી રાષ્ટ્રપિતા અબ્રહામ લિંકનની પ્રતિમા પીગળી ગઈ



વોશિંગ્ટન : વોશિંગ્ટન સહિત અમેરિકામાં લોકોની હાલત ઘણી જ ખરાબ બની ગઈ છે. વોશિંગ્ટનની એક સ્કૂલની બહાર રહેલી અમેરિકાના રાષ્ટ્રપિતા મનાતા મહામના અબ્રહામ લિંકનની મીણમાંથી બનાવેલી પ્રતિમા અસામાન્ય ગરમીને લીધે પીગળી ગઇ છે, દુઃખદ વાત તે છે કે પહેલાં તો તે પ્રતિમાનું માથું જ છૂટું પડી ગયું અને ત્યારપછી પગ પણ ધડથી અલગ થઇ ગયા હતા.ત્યાર બાદ બીજો પગ પણ પીગળી ગયો.

# નેપાળમાં વરસાદથી ભૂસ્ખલન-પૂરને કારણે 14 મોત, અનેક લોકો બેઘર

**કાઠમંડુ**

નેપાળમાં ભારે વરસાદે હાહાકાર મચાવ્યો છે. દેશમાં છેલ્લા 24 કલાકમાં વરસાદના કારણે ભૂસ્ખલન અને પૂરના કારણે 14ના મોત અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. નેપાળમાં ગૃહ મંત્રાલય હેઠળના નેશનલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન એન્ડ મેનેજમેન્ટ ઓથોરિટી (NDRMA) તરફથી મળેલી માહિતી અનુસાર, 14 લોકોમાંથી 8 લોકો ભૂસ્ખલનને કારણે મૃત્યુ પામ્યા હતા, જ્યારે પાંચ લોકો વીજળી પડવાથી અને એક વ્યક્તિનું પૂરના કારણે મૃત્યુ થયું હતું.

એનડીઆરએમએના પ્રવક્તા દીજન ભટ્ટરાઈએ જણાવ્યું હતું કે, '26મી જૂને કુલ 44 ઘટનાઓમાં 14 લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટનામાં હજુ બે લોકો લાપતા છે, જ્યારે 10 લોકો ઈજાગ્રસ્ત થયા છે.'

દેશમાં ચોમાસું સક્રિય થયા બાદ 33 જિલ્લા પ્રભાવિત થયા છે, જેમાં ભૂસ્ખલન અને પૂરની 147 ઘટનાઓ નોંધાઈ છે. નેપાળના ગૃહ મંત્રાલયના રેકોર્ડ અનુસાર, છેલ્લા 17 દિવસમાં કુલ 28 લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં ઓછામાં ઓછા 13 લોકો વીજળી પડવાને કારણે મૃત્યુ પામ્યા છે, જ્યારે 14 લોકો ભૂસ્ખલનને કારણે મૃત્યુ પામ્યા છે.

# કેન્યામાં ટેક્સ વધારા મુદ્દે હિંસા: 23 લોકોનાં મોત, વિરોધીઓએ સંસદમાં પણ તોડફોડ કરી

**નૈરોબી**



કેન્યામાં હજારો વિરોધીઓએ સંસદમાં તોડફોડ કરી છે. હિંસામાં અત્યાર સુધીમાં 23 લોકોનાં મોત થયા છે. કેન્યાની વિધાનસભામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા વિરોધીઓ પર પોલીસે ગોળીબાર કર્યો, જેમાં ઓછામાં ઓછા પાંચ વિરોધીઓ માર્યા ગયા હતા. જ્યારે ડઝનેક ઘાયલ થયા હતા. તો વળી સંસદની ઈમારતના ભાગોને આગ લગાડી દેવામાં આવી હતી.કેન્યાના કાર્યકર્તાઓમા ઓબામા, ભૂતપૂર્વ યુએસ પ્રમુખ બરાક ઓબામાની સાવકી બહેન, નૈરોબીમાં સંસદ ભવનની બહાર પ્રદર્શન દરમિયાન દેખાવકારોમાંના એક હતા.

કેન્યામાં ટેક્સ વધારા સામે વિરોધ હિંસક બન્યા બાદ ભારતે તેના નાગરિકોને 'અત્યંત સાવધાની' રાખવાની સલાહ આપી હતી. કેન્યામાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે એક એડવાઈઝરી જારી કરીને કહ્યું કે હાલની તંગ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, કેન્યામાં તમામ ભારતીયોને અત્યંત સાવધાની રાખવાની, બિનજરૂરી હિલચાલને પ્રતિબંધિત કરવાની અને જ્યાં સુધી સ્થિતિ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી વિરોધ અને હિંસાથી પ્રભાવિત વિસ્તારોને ટાળવાની સલાહ આપવામાં આવી હતી.

# અમેરિકામાં ફરી ગોળીબાર: બાળકી સહિત 5ના મોત, હુમલાખોરે પોતાને ગોળી મારી

**ન્યૂયોર્ક**



અમેરિકામાં ફરી એકવાર અંધાધૂંધ ગોળીબારની ઘટના સામે આવી છે. લાસ વેગાસમાં એક હુમલાખોરે બે એપાર્ટમેન્ટના પરિસરમાં બેફામ ગોળીબાર કર્યો હતો. જેમાં 5 લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા. જોકે આ ઘટના બાદ હુમલાખોરે પોતે પણ આપઘાત કરી લીધો હતો.

લાસ વેગાસની પોલીસના અહેવાલ અનુસાર હુમલાખોરની ઓળખ 47 વર્ષીય એરિક એડમ્સ તરીકે થઈ હતી. આ ગોળીબારમાં મૃત્યુ પામનારા લોકોમાં 13 વર્ષની બાળકી પણ સામેલ હોવાનું સામે આવ્યું છે. તેને ગંભીર હાલતમાં આઈસીયુ ખસેડવામાં આવી હતી. જ્યારે બે 20 વર્ષીય મહિલાઓને ગોળી વાગતાં તે પણ મૃત્યુ પામી. ગોળીબારીની ઘટના વિશે જાણકારી મળતાં જ પોલીસે હુમલાખોર એડમ્સની શોધખોળ હાથ ધરી હતી. પછી જાણકારી મળી કે તે ઈસ્ટ લેક મીડ બુલેવાર્ડમાં છુપાયો છે. પોલીસે તેને ઘેરી લીધો પણ પોલીસની સામે આત્મસમર્પણ કરવાની જગ્યાએ તેણે પોતાની જાતને ગોળી મારી આપઘાત કરી લીધો હતો.

# શિકાગોમાં ભારતીય ડોક્ટરની સિદ્ધિ જાગૃત અવસ્થામાં કિડની ટ્રાન્સપ્લાન્ટ

## દર્દીને બીજા જ દિવસે હોસ્પિટલમાં રજા આપી દેવાઈ

**શિકાગો**

શિકાગોમાં આવેલી નોર્થવેસ્ટર્ન મેડિસિન હોસ્પિટલમાં ભારતીય ડોકટર્સે દર્દીની કિડનીનું ટ્રાન્સપ્લાન્ટેશન સૌ પ્રથમવાર જાગ્રતાવસ્થામાં કર્યું હતું. ૨૮ વર્ષના દર્દી જ્હોન નિકોલસને બે કલાકની સર્જરી દરમ્યાન કિડની ટ્રાન્સપ્લાન્ટ કર્યા બાદ બીજે જ દિવસે હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હતી. ભારતીય ડોક્ટર ડો. સતીશ નાડિગે જનરલ એનેસ્થેસિયા આપવાને બદલે દર્દીને કરોડરજ્જુમાં એનેસ્થેસિયાનું ઈન્જેકશન આપી દર્દીના શરીરનો કમરની નીચેનો હિસ્સો સંવેદનહીન બનાવી દીધો હતો. મે મહિનાની સર્જરી પાર પાડયા બાદ ગયા સોમવારે પત્રકાર પરિષદમાં આ નવી પદ્ધતિની ડોકટરે દર્દીની હાજરીમાં માહિતી આપી હતી. નોર્થ વેસ્ટર્ન મેડિસિન કોમ્પ્રિહેન્સિવ ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ખાતે ભારતીય ટ્રાન્સપ્લાન્ટ સર્જયન ડો. સતીશ નાડિગ, ટ્રાન્સ પ્લાન્ટ સર્જયન ડો. વિનાયક રોહન અને એનેસ્થેસિયોલોજિસ્ટ ડો. વિન્સેટગાર્સિયા થોમસની દેખરેખ હેઠળ કિડની ટ્રાન્સપ્લાન્ટની સર્જરી પાર પાડવામાં આવી હતી.

# કેનેડામાં ખાદ્ય ફુગાવો ઊંચો જતાં લોકોની મુશ્કેલી વધી

## મે મહિનામાં કરિયાણાના ભાવમાં 1.5 ટકાનો વધારો નોંધાતા લોકોના બજેટ ખોરવાયા

**ઓન્ટેરિયો**

કરિયાણાના ઊંચા ભાવે કેનેડિયનના ઘરનાં બજેટને ખોરવી નાંખ્યું છે. કારણ કે, લગભગ એક વર્ષમાં પ્રથમ વખત મે મહિનામાં ખાદ્ય પદાર્થોનો ફુગાવો ઊંચો હતો.

સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ મંગળવારે અહેવાલ આપ્યો હતો કે, મે મહિનામાં કરિયાણાના ભાવમાં 1.5 ટકાનો વધારો થયો હતો, જે એપ્રિલમાં 1.4 ટકા વધ્યો ત્યારે તેના કરતાં થોડો વધારે હતો. તે જૂન 2023 પછી કરિયાણાની કિંમતોમાં પ્રથમ ઉછાળો દર્શાવે છે. જ્યારે મે મહિનાનો વધારો સાધારણ હતો, તે કેનેડામાં પહેલેથી જ કરિયાણાના ખર્ચમાં વધારે છે. એકંદરે, મે 2020થી ખાદ્યપદાર્થોના ભાવમાં 22.5 ટકાનો વધારો થયો છે. આરબીસી કેપિટલ માર્કેટ્સના વિશ્લેષક ઈરેન નેટેલે જણાવ્યું હતું કે, પરિણામ એ છે કે ખાદ્યપદાર્થોનો ખર્ચ ગ્રાહકનાં ખિસ્સા પરનું દબાણ વધારે છે. તેણે ઉમેર્યું હતું કે, ખાદ્ય ફુગાવાના તાજેતરના આંકડાને કારણે ગ્રાહકો ડિસ્કાઉન્ટ બ્રાન્ડ્સ, પ્રમોશન અને વેચાણની શોધ વગેરે છોડી દે એ શક્ય નથી. મહિના-દર-મહિનાના આધારે સ્ટેટિસ્ટિક્સ કેનેડા કહે છે કે મે મહિનામાં ખાદ્યપદાર્થોના ભાવમાં વૃદ્ધિ તાજા શાકભાજી (3.5 ટકા), માંસ (1.3 ટકા), તાજા ફળ (2.2 ટકા સુધી) અને બિનઆલ્કોહોલિક પીણાં (2.4 ટકા સુધી) રહી છે. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ નોંધ્યું છે કે ઉચ્ચ માંગ અને ચુસ્ત પુરવઠા વચ્ચે માંસમાં માસિક વધારો મોટાભાગે તાજા અથવા સ્થિર બીફના ઊંચા ભાવનું પરિણામ હતું. Lightspeed Commerce Inc.ના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, ખાદ્યપદાર્થોની વધતી કિંમતો ઓછી ટીપ આપવાથી લઈને હેપ્પી અવર સ્પેશિયલ શોધવા સુધીની કેનેડિયનોના ખાનપાનની રીતને અસર કરી રહી છે.

# માલદીવના રાષ્ટ્રપતિ મુઈજ્જૂ પર કાળો જાદુ કરવાનો પ્રયાસ, રાજ્યમંત્રી સહિતની 3ની અટક

**માલદીવ**

માલદીવમાં મોટો વિકાસ જોવા મળ્યો છે. કારણ કે, પોલીસે રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુ પર કાળો જાદુ કરવાના આરોપમાં દેશની સરકારના એક મંત્રીની ધરપકડ કરી છે. સ્થાનિક મીડિયા અનુસાર, પોલીસે પર્યાવરણ રાજ્ય મંત્રી ફાતિમા શમાનાઝની સાથે અન્ય બે લોકોની મુઈજ્જુની નજીક જવા માટે મેલીવિદ્યા કરવાના આરોપમાં ધરપકડ કરી છે.પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ત્રણેયની ધરપકડ કર્યા પછી, તેઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી કોર્ટે તમામને સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. સ્થાનિક અખબારના જણાવ્યા અનુસાર મંત્રી શમનાઝના ભાઈ અને અન્ય આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબની પિકનિક

## કુદરતી વાતાવરણને નિહાળવા સાથે અંતાક્ષરી અને ટેનિસબોલની રમતો રમાઈ

**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ક્લબના ૪૮ સભ્યોની એક પિકનિક કોરોનેશન પાર્ક, લેકશોર, ઓકવિલ ખાતે યોજાઈ હતી. તા.૧૬-જૂન-૨૪ના રોજ સવારે ૮:૪૫ કલાકે ઉપડેલી બસમાં સવાર થઈને સૌએ યાત્રાની શરૂઆત કરી. આ સમયે પ્રાતઃ સ્મરણના સુંદર ભજનો ગવાયા બાદ માં શક્તિની આરતીઓ ગાઈ હતી. આખરે સૌ વૈષ્ણોદેવી મંદિરે પહોચ્યા. જયાં સૌ સભ્યોએ યથાશક્તિ ભેટ અર્પણ કરી ભાવપૂર્વક દર્શન કર્યા અને મહાદેવને અભિષેક કરીને પ્રભુને પ્રાર્થના કરી, ૧૧:૦૦ કલાકે ઓકવિલ કોરોનેશન પાર્ક જવા બસ રવાના થઈ હતી. કોરોનેશન પાર્ક ઓકવિલ ખાતે બુક કરેલા શેલ્ટરમાં બધા સભ્યોએ સંસ્થા દ્વારા આપવામાં આવેલા બુંદીના લાડુ અને ગાંઠીયાનો સ્વાદ માણ્યા બાદ લેકશોરની ખુશનુમા



વાતાવરણની મજા માણવા સૌ પોત પોતાના ગ્રૂપમાં નીકળ્યા હતા.નૈસર્ગિક સૌંદર્યના સાંનિધ્યમાં એકબીજા સાથે મજાક મસ્તી કરતા સૌ લેકશોર પર લટાર મારી શેલ્ટર પર પરત આવ્યા. જે બાદ દરેક સભ્યો દ્વારા લવાયેલી વિવિધ વાનગીઓ ખમણ ઢોકળા, હાંડવો, રસ, પૂરી, શુકીભાજી,થેપલા, ખાખરાનો ચેવડો, સેવખમણી, સુખડી વગેરે વહેંચવામાં આવી હતી. ત્યારબાદ બહેનો અને ભાઈઓનાં ગ્રૂપમાં અંતાક્ષરી રમવામાં આવી હતી.

# BCમાં ત્રણ નવા ઇન્ટરનેશનલ ગ્રેજ્યૂએટ PNP સ્ટ્રીમ્સ રજૂ થશે

## નવી સ્ટ્રીમમાં બેચલર, માસ્ટર્સ તથા ડોક્ટરેટ સ્ટ્રીમનો સમાવેશ

**બ્રિટિશ કોલંબિયા**

2025માં બ્રિટિશ કોલંબિયા (B.C.)માં સ્નાતક, માસ્ટર્સ અને ડોક્ટરેટ પ્રોગ્રામમાંથી લાયક તાજેતરના સ્નાતકો માટે ત્રણ સ્ટ્રીમ્સ ખૂલ્લી રહેશે.

જાન્યુઆરી 2025માં બ્રિટિશ કોલંબિયા પ્રાંતીય નોમિની પ્રોગ્રામ (BCPNP) આંતરરાષ્ટ્રીય સ્નાતકો માટે નીચેના ત્રણ નવા પ્રાંતીય નોમિની પ્રોગ્રામ (PNP) સ્ટ્રીમ્સ રજૂ કરવા માટે તૈયાર છે. આ સ્ટ્રીમ્સનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સ્નાતકો માટે કેનેડિયન કાયમી નિવાસ (PR) મેળવવા અને સમગ્ર બ્રિટિશ કોલંબિયામાં તેમની રોજગારની સંભાવનાઓને સુધારવા માટે સ્પષ્ટ માર્ગો બનાવવાનો છે.

નવી સ્ટ્રીમમાં બેચલર સ્ટ્રીમ, માસ્ટર્સ સ્ટ્રીમ તથા ડોક્ટરેટ સ્ટ્રીમનો સમાવેશ થાય છે.

આંતરરાષ્ટ્રીય સ્નાતકો એવા વિદ્યાર્થીઓ છે જેમણે છેલ્લા ત્રણ વર્ષમાં કેનેડામાં લાયક પોસ્ટ-સેકંડરી સંસ્થામાંથી ડિગ્રી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર મેળવ્યું છે.

અત્યાર સુધી પ્રાંતીય સરકાર B.C. તેની PNP 2025માં રજૂ કરશે.

# ટોરોન્ટો પૂર્વના મેદાનમાં છોડનું પ્રમાણ ઘટાડવા બકરીઓનાં ટોળાને છોડાશે

**ટોરોન્ટો**

ટોરોન્ટો શહેર તેના એક પૂર્વ છેડાની ગ્રીન સ્પેસમાં વુડી અને આક્રમક છોડની પ્રજાતિઓને કાબૂમાં રાખવા માટે બકરીનો ઉપયોગ કરવાનું વિચારી રહ્યું છે. 25 અને 26 જૂનના રોજ ડોન વેલી બ્રિક વર્ક્સ પાર્ક (DVBP) માં એક વિશિષ્ટ “ઈકો-ટોળા”ને પાઈલોટ પ્રોજેક્ટ માટે તૈનાત કરવામાં આવશે, જ્યાં તેઓ લગભગ અડધા ઘાસના મેદાનમાં આ પગલું હાથ ધરશે. સૂચિત ચરાઈ એ એક પ્રથા છે જે આક્રમક, બિન-મૂળ અથવા બિન-સુસંગત છોડની પ્રજાતિઓ જેમ કે લસણ મસ્ટર્ડ, પોઈઝન આઈવી અને જંગલી પાર્સનીપને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. તેનો ઉપયોગ ઘાસના મેદાનોમાં વુડી વનસ્પતિના અતિક્રમણને ઘટાડવા અથવા દૂર કરવા, સમય જતાં પ્રજાતિઓની વિવિધતા સુધારવા અને જમીનની લાક્ષણિકતાઓ અને પોષક તત્વોને સુધારવા માટે પણ થાય છે. તેના કેટલાક ફાયદાઓમાં કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો, અવાજનું પ્રદૂષણ અને યાંત્રિક સાધનો પરની નિર્ભરતા તેમજ માળો બાંધવા, બોરો બનાવવા અને ધીમી ગતિએ ચાલતા પ્રાણીઓની પ્રજાતિઓ પર ઓછી અસર છે.

# ટોરોન્ટોમાં હવે સમર ટુરિઝમમાં સુધારો

## કોવિડના રોગચાળા બાદ આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યા ઘટી હતી

**ટોરોન્ટો**

ટોરોન્ટોનો પ્રવાસન ઉદ્યોગ હજુ પણ રોગચાળા પછી રિકવર થઈ રહ્યું છે અને ઉનાળો સત્તાવાર રીતે શરૂ થયો હોવા છતાં સિઝન કેવી જશે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે, એવું એક અગ્રણી પ્રવાસન સંગઠન કહે છે. પોષણક્ષમતાના અભાવને કારણે પ્રવાસીઓને અગાઉ કરતાં ઓછી જાણકારી સાથે ટ્રિપ્સ બુક કરાવવાનું કારણ બને છે, જે આગાહીઓને મુશ્કેલ બનાવે છે, એવું એક ઉદ્યોગ સંગઠને જણાવ્યું છે. જ્યારે લોકો મહિનાઓ અગાઉથી ટ્રિપ્સ બુક કરાવતા હતા, ત્યારે ડેસ્ટિનેશન ટોરોન્ટોના સીઈઓ એન્ડ્રુ વિયર કહે છે કે, તેઓ હવે તેમની નાણાકીય પરિસ્થિતિ વિશે વધુ નિશ્ચિતતા ન મળે ત્યાં સુધી રાહ જોઈ રહ્યા છે.

એક સકારાત્મકતા એ છે કે, શહેર દેશની અંદરથી ઘણી બધી મુસાફરીની શક્યતા જોઈ રહ્યું છે, પરંતુ રોગચાળાના કારણે પર્યટન બંધ થયા પછી આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હજી પણ તેજી આવી નથી. અમારા ઘણા મોટા વિદેશી આંતરરાષ્ટ્રીય બજારો હજુ પણ સામાન્ય સ્થિતિમાં નથી આવ્યા. તેમણે કહ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સની મુસાફરી પણ તે જેટલી હતી, તેના ત્રણ ચતુર્થાંશ જેટલી છે. પરંતુ વસ્તુઓ સાચી દિશામાં આગળ વધી રહી છે. આ મહિનાની શરૂઆતમાં ડેસ્ટિનેશન ટોરોન્ટો દ્વારા બહાર પાડવામાં આવેલા અહેવાલમાં જણાવાયું હતું કે, 2023માં શહેરમાં મુલાકાતીઓનું પ્રમાણ 2019 પહેલાના સ્તરના પાંચ ટકાની અંદર પહોંચી ગયું હતું, જ્યારે મુલાકાતીઓનો ખર્ચ 2019 કરતા થોડો વધારે હતો. 2023માં ડોલરની ઊંચી રકમ ફુગાવાને કારણે વધી હતી. વર્ષ-દર-વર્ષ મુલાકાતીઓની વૃદ્ધિ 2024ના પ્રથમ ચોથા મહિનામાં લગભગ પાંચ ટકા હતી, પરંતુ વિયર કહે છે કે મે અને જૂન સુધીમાં તે અત્યાર સુધી સપાટ રહ્યો છે.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

21 ROOM MOTEL - $1.9 Million
Gravenhurst, Muskoka
+ Restaurant on Lease, 3 Acre Land

78 ROOM FLAG HOTEL Hwy 401 E, Near Kingston - $6.99 Million
Over $1.2M spent on renovation and upgrades in last 4 years
9+ AcreLand at Hwy 401 exit, Room Rev $1.4 Million, EBITA $625K

17 ROOM MOTEL - $1.8 Million
Sault Ste Marie
Fully Renovated and Upgraded
Very profitable motel

11 ROOM MOTEL - $849,000
+ 1 Room Apt, Indoor Corridor, easy operation
Ideal for a couple to own & operate
Be a motel owner with $250 to $300K down
Hwy 11, between North Bay & Cochrane

Coming up For Sale- Hotels & Motels
Franchise Hotel Hwy 401 E, 5 Hrs from GTA
50+ Room Motel Hwy 401 E, 3 Hrs
40+ Room Motel Hwy 401 W, Nr Chattham

16 ROOM MOTEL- $2 Millon
+ custom made 3 BR, 3WR Aparment
+ area for restaurant & banquet hall,
Indoor Corridor in Downtown area
Near Grand Bend / Lake Huron
All aminites minutes away

35 ROOM MOTEL- $3.3M
About 7 hrs north of Toronto, on Hwy 11

Need Working Partner to Run Motels
Wiling to invest min $200,000
% partnership + salary

Urgent Listing Require: Motels & Hotels
Any Size, Any Price, Any Location
Qualified Buyers Are Ready to CLOSE in
3 Weeks if VTB available


Motel Jobs Avaiable
Housekeeping, General work, Front-desk
Location: 6 to 8 Hrs north of Toronto

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES



WWW.SIIS.CA

USA E-2 & EB-5 VISA

GET SETTLE IN USA THROUGH INVESTMENT FROM CANADA/INDIA

What is Eligibility?
What are the Requirments?
What is Process?

Get Everything you need to know

CONTACT TODAY TO KNOW MORE



AMI MEHTA
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER

@sharpimmigration
Follow us

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ; Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911